RNI NO GUJ/GUJ/2006/24237

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com

લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૮૨ જેઠ વદ - ૯ | ગુરૂવાર તા.૦૯-૦૭-૨૦૨૬ | અંક : ૧૬ વર્ષ : ૨૨ | email :rajkot@aaspassindia.com | કિંમત રૂા. ૨-૫૦ | પાના - ૮

# ઈરાનના ત્રણ શહેરો ઉપર અમેરિકાનો મિસાઈલ હુમલો

## ઈરાનના પૂર્વ સુપ્રીમ લીડર આયાતુલ્લાહ અલી ખામેનેઈને આજે દફન કરવામાં આવે તે પહેલા અમેરિકાનો ચાબહાર, બુશહરસ અને બંદર અબ્બાસમાં મિસાઈલ હુમલો



તહેરાન

અમેરિકા અને ઈરાન વચ્ચે ફરી યુદ્ધ શરૂ થઈ ગયું છે. આ સંઘર્ષ હવે ચરમસીમાએ પહોંચી રહ્યો છે. અમેરિકન વાયુસેનાએ ફરી ઈરાનના અનેક મુખ્ય સ્થાનો પર મિસાઈલો છોડી છે. આંતરરાષ્ટ્રીય મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે અમેરિકાએ ઈરાનના ચાબહાર, બુશહરસ અને બંદર અબ્બાસમાં મિસાઈલ હુમલો કર્યો છે. ચોંકાવનારી વાત એ છે કે, આજે ઈરાનના પૂર્વ સુપ્રીમ લીડર આયાતુલ્લાહ અલી ખામેનેઈની અંતિમ યાત્રા મશહદ પહોંચી તે સમયે આ હુમલો કરવામાં આવ્યો છે. આજે ખામેનેઈને દફન કરવામાં આવશે, તે પહેલા જ અમેરિકાએ ફરી યુદ્ધ શરૂ કરી દીધું છે.

રિપોર્ટ્સ પ્રમાણે અમેરિકાએ જે શહેરો પર હુમલો કર્યો છે, તેમાં ચાબહાર અને બુશહર એ મશહદથી આશરે ૧૨૦૦ કિમી દુર આવેલા છે. પરંતુ અંતિમ યાત્રા દરમિયાન હુમલો થયો છે તો આ મામલો વધારે ઉગ્ર બની શકે છે. અત્યારે ઈરાન અને અમેરિકા યુદ્ધની ચરમસીમાએ પહોંચી ગયાં છે. થોડી વખત પહેલી યુદ્ધ વિરામ માટે સમજૂતી કરાર થયો હતો, પરંતુ આ હુમલા પછી શાંતિ રહે તેવું લાગતું નથી. હવે ઈરાન પણ આનો જવાબ આપશે તેવું નિષ્ણાતો માની રહ્યાં છે.

અમેરિકન સેનાના કહ્યાં પ્રમાણે, આ હુમલાનો ઉદેશ હોર્મુઝ સ્ટ્રેનમાંથી પસાર થયા જહાજોને સુરક્ષિત કરવાનો અને ઈરાને કમજોર કરવાનો છે. એટલું જ નહીં પરંતુ અમેરિકન રાષ્ટ્રપતિની છેલ્લા નિવેદન પછી હવે યુદ્ધની આશંકા વધારે પ્રબળ બની રહી છે. અમેરિકન ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે, 'ઈરાન માત્ર એક અઠવાડિયા સુધી જ સારૂ રહે છે, જો અમારા જહાજો પર હુમલો કરશે તો અમે તેને તબાહ કરી નાખીશું'. આ યુદ્ધ માટે અમેરિકાની ઈરાનને ચોખ્ખી ધમકી છે. ચોંકાવનારી વાત એ પણ છે કે, ઈરાને અમેરિકાના આરોપને ખોટા કહ્યાં છે. યુદ્ધ વિરામનો ભંગ અમેરિકા દ્વારા જ કરવામાં આવ્યો હોવાનો ઈરાને આરોપ પણ લગાવ્યો છે. મોહમ્મદ બાઘેર ગાલિબાફે એક્સ પર પોસ્ટ કરતા લખ્યું કે, 'ટ્રમ્પનું પ્રશાસન શરૂઆતથી જ આ શરતોનો ભંગ કરતું આવ્યું છે. જેથી અમારે મજબૂરીમાં જવાબો આપવા પડ્યાં છે. અમેરિકા દબાણ કરવાનો પ્રયત્ન કરી રહ્યું છે કે, પરંતુ તેના થઈ તેને કોઈ પ્રાપ્ત થવાનું નથી, અમે (ઈરાન) હાર માનવાના નથી'.



પ્લાસ્ટિક પણ પ્રદૂષણનો એક ભાગ છે,વેસ્ટ પ્લાસ્ટિકને રિસાયકલ કરીને તેનો ફરીથી ઉપયોગ કરવામાં આવે છે,જેથી પર્યાવરણનું સંતુલન જળવાઈ રહે.એક મહિલા રિસાયક્લિંગ સેન્ટરમાં ફેંકી દેવાયેલી પ્લાસ્ટિક બોટલોને અલગ તારવી રહી છે.

# તાઈવાન, ચીન અને જાપાનમાં ત્રાટકશે વિનાશકારી વાવાઝોડું

## પ્રશાંત મહાસાગરમાં એક હજાર કિલોમીટરના ઘેરાવો ધરાવતું ટાયફૂન બાવી વાવાઝોડું સક્રિય થતા ત્રણેય દેશોમાં ઈમરજન્સી જાહેર કરવામાં આવી



નવી દિલ્હી

પ્રશાંત મહાસાગરમાંથી ઉદ્ભવેલું ફ્રાન્સ દેશના કદ જેટલું મહાવિનાશકારી વાવાઝોડું 'ટાયફૂન બાવી' તાઈવાન, ચીન અને જાપાન તરફ ઝડપથી આગળ વધી રહ્યું છે. ૨૦૦ કિલોમીટર પ્રતિ કલાકની પ્રચંડ ઝડપ ધરાવતા આ તોફાનને પગલે ત્રણેય દેશોમાં હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. તંત્ર દ્વારા આ વાવાઝોડાને છેલ્લા ઘણા વર્ષોનું સૌથી શક્તિશાળી તોફાન ગણાવીને સ્થાનિક નાગરિકોને જરૂરી ચીજવસ્તુઓનો સ્ટોક કરી લેવા અને કટોકટીની સ્થિતિ માટે તૈયાર રહેવા અપીલ કરવામાં આવી છે.

હાલમાં આ ટાયફૂન તેના સૌથી પહોળા બિંદુએ આશરે ૧૦૦૦ કિલોમીટરના વિસ્તારમાં ફેલાયેલું છે, જે ફ્રાન્સ દેશની કુલ પહોળાઈ બરાબર છે. તાઈવાનના હવામાન વિભાગના અધિકારી જેસન ચાંગના જણાવ્યા અનુસાર, કદની દ્રષ્ટિએ આ વર્ષ ૧૯૮૭ પછી તાઈવાન સાથે ટકરાનારું સૌથી મોટું વાવાઝોડું છે.

હવામાન કેન્દ્રના પૂર્વાનુમાન મુજબ, આ તોફાન શનિવાર સાંજ સુધીમાં ચીનના પૂર્વી ફુજિયાન પ્રાંતના દરિયાકાંઠે ત્રાટકશે. તાઈવાનના રાષ્ટ્રપ્રમુખ લાઈ ચિંગ-તે ફેસબુક પર વીડિયો શેર કરીને જનતાને ૩ દિવસ ચાલે તેવી 'ઈમરજન્સી ગ્રેબ બેગ' તૈયાર રાખવા જણાવ્યું છે. બીજી તરફ, જાપાનની હવામાન એજન્સીએ પણ ઓકિનાવા પ્રાંતમાં પૂર અને ભૂસ્ખલનની ચેતવણી આપીને હાઈ એલર્ટ જાહેર કર્યું છે.

વૈજ્ઞાનિકોના મતે, આ વર્ષે 'અલ નીનો' ની અસરને કારણે સમુદ્રનું તાપમાન વધ્યું છે, જેથી આવા વિનાશકારી ટાયફૂન વધુ વારંવાર અને ઘાતક સ્વરૂપમાં આવી રહ્યા છે. એક્યુવેધરના અહેવાલ મુજબ, જો ટાયફૂન બાવી આ જ ગતિ જાળવી રાખશે તો તે એશિયા-પેસિફિક ક્ષેત્રમાં વર્ષ ૨૦૨૪માં આવેલા 'સુપર ટાયફૂન કોંગ-રે' પછીનું સૌથી શક્તિશાળી તોફાન બની જશે. ઈમ્પેરિયલ કોલેજ લંડનના વૈજ્ઞાનિક જિયાંગબો ફેંગે ચેતવણી આપી છે કે આ તોફાને પ્રશાંત મહાસાગરના ગરમ પાણીમાંથી અઢળક ઉર્જા અને ભેજ મેળવ્યો હોવાથી દરિયાકાંઠાના વિસ્તારોમાં તે ભારે તબાહી મચાવી શકે છે.

ટ્રેક મુજબ, ટાયફૂન બાવીની ભારત પર કોઈ સીધી અસર થવાની આશંકા નથી. આ મહાતોફાન ઉત્તર-પશ્ચિમ દિશા તરફ આગળ વધી રહ્યું હોવાથી ભારતના કોઈ દરિયાકાંઠાના વિસ્તારને જોખમ નથી. જો કે, પરોક્ષ અસર રૂપે આ વાવાઝોડાના વિશાળ ઘેરાવાના કારણે ફિલિપિન્સ અને દક્ષિણ-ચીન સાગરમાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસું અત્યંત તીવ્ર બન્યું છે અને ત્યાં ભારે પૂરનું એલર્ટ છે. આ સ્થિતિ ભારતીય સિસ્ટમમાંથી ભેજને દૂર ખેંચી શકે છે.

# લેખિકાની જાતીય સતામણીના જૂના કેસમાં ટ્રમ્પને ૫૦ લાખ ડોલર ચૂકવવા કોર્ટનો આદેશ

## ન્યૂયોર્કના એક ડિપાર્ટમેન્ટલ સ્ટોરના ડ્રેસિંગ રૂમમાં ડોનાલ્ડ ટ્રમ્પે લેખિકા સાથે જાતીય સતામણી કરી હોવાનો હતો આરોપ

વોશિંગ્ટન

અમેરિકાની એક કોર્ટે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને જાતીય શોષણના એક જૂના કેસમાં મોટો ઝટકો આપ્યો છે. અદાલતે ટ્રમ્પને લેખિકાની જાતીય સતામણી કરવા અને ખોટા નિવેદનો આપીને તેમને બદનામ કરવાના દોષિત ઠેરવ્યા છે, જેના બદલામાં ટ્રમ્પને પીડિત લેખિકાને ૫૦ લાખ ડૉલર ચૂકવવાનો આદેશ કરવામાં આવ્યો છે.૮૨ વર્ષના ઈ. જીન કેરોલ અમેરિકાના પૂર્વ પત્રકાર અને કૉલમિસ્ટ છે. તેમણે આરોપ લગાવ્યો હતો કે વર્ષ ૧૯૯૬માં ન્યૂયૉર્કના એક ડિપાર્ટમેન્ટલ સ્ટોરના ડ્રેસિંગ રૂમમાં ડોનાલ્ડ ટ્રમ્પે તેમની સાથે જાતીય સતામણી કરી હતી. જ્યારે વર્ષ ૨૦૧૯માં એક પુસ્તકમાં આ આરોપો સામે આવ્યા હતા, ત્યારે ટ્રમ્પે આ આરોપોને નકારી કાઢ્યા હતા. તેમણે લેખિકાને 'પાગલ' કહીને આખો મામલો મનઘડંત હોવાનો દાવો કર્યો હતો. લેખિકાના આ જ આરોપો ટ્રમ્પના પહેલા કાર્યકાળ દરમિયાન ભારે ચર્ચામાં રહ્યા હતા.વર્ષ ૨૦૨૩માં ન્યૂયૉર્કની ફેડરલ જ્યુરીએ ટ્રમ્પને જાતીય શોષણ અને લેખિકાને બદનામ કરવાના મામલે દોષિત જાહેર કર્યા હતા. જ્યુરીએ કેરોલને વળતર પેટે ૫૦ લાખ ડૉલર આપવાનો ચુકાદો સંભળાવ્યો હતો. આ મૂળ ચુકાદા સામે ટ્રમ્પે અમેરિકન સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી. જો કે, સુપ્રીમ કોર્ટે આ અપીલ પર સુનાવણી કરવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો, જેના કારણે ૨૦૨૩નો આ ચુકાદો આખરી બની ગયો છે.

સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ ફેડરલ જજ લુઈસ કપલાને આ અંગેનો અંતિમ આદેશ જાહેર કર્યો છે. આ આદેશ અનુસાર, ટ્રમ્પે અદાલતમાં નક્કી કરેલી ૫૦ લાખ ડૉલરની રકમ જમા કરાવવી પડશે. આ રકમમાં હવે વ્યાજ પણ ઉમેરવામાં આવ્યું છે, જેનો અર્થ એ થાય છે કે લેખિકા ઈ. જીન કેરોલને હવે કુલ મળીને અંદાજે ૫૮ લાખ ડૉલર મળશે.

# નિવૃત્ત અધિકારીના ઘરેથી ૧૩ કિલો સોનુ અને ૯ કિલો ચાંદી મળી

## દરોડા દરમિયાન ૧.૬૨ કરોડ રોકડ રકમ અને જમીન,મિલકતના અનેક દસ્તાવેજો મળી આવ્યા

લખનૌ

ઉત્તર પ્રદેશમાં નિવૃત્ત એઆરટીઓના ઘરેથી માત્ર એક બે કરોડ રૂપિયા નહીં પરંતુ ૧.૬૨ કરોડ રૂપિયા રોકડા, ૧૩ કિલો સોનું, ૯ કિલો ચાંદી અને હીરા ઘરેણા મળી આવ્યાં છે. આની બજાર કિંમત ૨૦ કરોડ રૂપિયાની આસપાસ થાય છે. આ બધુ જ નિવૃ?ત્ત અધિકારી ઘરેથી રેડ દરમિયાન મળી આવ્યું છે.

વિજિલન્સના દરોડો દરમિયાન નિવૃત્ત સહાયક સંભાગીય પરિવહન અધિકારી લલિત કુમારના લખનઉ ખાતે આવેલા ઘરમાંથી સોનું, ચાંદી, હીરા અને રોકડ મળી આવી છે. વિજિલન્સ વિભાગ દ્વારા ૨૬ કલાક સુધી આ દરોડાની કાર્યવાહી કરવામાં આવી હતી. લલિત કુમારે આ રોકડ રકમ રેડ ફિલ્મના રાજા સાહેબની જેમ અલગ અલગ રૂમની દીવાલોમાં છુપાવીને રાખી હતી. જ્યારે વિજિલન્સે અમય પટનાયકની જેમ ખૂણે ખૂણેથી રોકડ શોધી કાઢી હતી. રોકડ સાથે સાથે મકાન, ફ્લેટ અને ખેતીની જમીનના દસ્તાવેજો પણ મળી આવ્યાં છે. આ સાથે કુલ વિજિલન્સ વિભાગ દ્વારા કુલ મળીને ૩૫ કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત કરવામાં આવી છે.

લલિત કુમાર મૂળ તો રાયબરેલીના રહેવાસી છે. લલિત કુમાર સામે ૨૦૨૪માં કાનપુરમાં ફરજ પર હતા ત્યારે ભ્રષ્ટાચારની ફરિયાદ નોંધાઈ હતી. ત્યારે તેઓ આરટીઓ ઓફિસમાં સંભાગીય નિરીક્ષક તરીકે ફરજ



બજાવતા હતાં. તે પછીથી તેમની પાસે કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી હતી. આ તપાસ દરમિયાન આવક કરતા તેમનો ખર્ચ વધારે હતી, આ બાબતે લલિત કુમારે કોઈ સ્પષ્ટતા કરી નથી. સંતોષાકરક જવાબ ના મળતા હવે આવક કરતા વધુ સંપત્તિના કેસમાં તેમના સામે કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. વિજિલેન્સની ટીમને લલિત કુમારના ઘરેથી અલીગંજ, વૃંદાવન યોજના, ઈસ્માઈલગંજ, મોહનલાલગંજ અને બાકલગંજ સહિતાના વિસ્તારોમાં પ્લોટ, ખેતીની જમીન અને મકાન હોવાના દસ્તાવેજો મળી આવ્યાં છે. આ સાથે નોઈડામાં બે ફ્લેટ અને રાયબરેલીમાં જમીન હોવાના પણ પુરાવા મળ્યાં છે. તેની કુલ બજાર કિંમત ૧૩ કરોડ રૂપિયા થાય છે. આ સાથે સાથે લલિત કુમારે ટોયોટા ઈનોવા અને હ્યુન્ડાઈ ૨૦ કાર, રિવોલ્વર, બેંક, પોસ્ટ ઓફિસ, મ્યુચ્યુઅલ ફંડ અને ફિક્સ્ડ ડિપોઝિટમાં એક કરોડ રૂપિયાથી વધુનું રોકાણ કર્યું હોવાનું પણ પ્રકાશમાં આવ્યું છે. આ સમગ્ર મામલે હવે આગળની તપાસ શરૂ કરી દેવામાં આવી છે.

# હોર્મુઝમાં ભારતીય ઓઈલ ટેન્કરોને નો એન્ટ્રી!

## ઈરાને અધવચ્ચેથી પાછું મોકલ્યું,ઓમાન કોરિડોરનો ઉપયોગ કરતા ભારતીય ટેન્કરને રોકાયું

તહેરાન,

મિડલ ઈસ્ટના હોર્મુઝ જળમાર્ગમાં ફરી ભારે તણાવની સ્થિતિ ઉભી થઈ છે. ઈરાનની સેનાએ એક ભારતીય તેલ ટેન્કરને અટકાવીને અધવચ્ચેથી જ પાછું મોકલી દીધું છે. અમેરિકા અને ઈરાન વચ્ચે વધી રહેલા સૈન્ય સંઘર્ષના કારણે આ આખો દરિયાઈ વેપાર માર્ગ અત્યારે યુદ્ધના મેદાનમાં ફેરવાઈ ગયો છે. ઈરાનની ન્યૂઝ એજન્સી ફાર્સે જણાવ્યું છે કે, 'હોર્મુઝ જળમાર્ગમાં ઓમાનના કોરિડોરથી પસાર થઈ રહેલા એક ભારતીય તેલ ટેન્કરને પાછું મોકલી દેવાયું છે.' આ આંતરરાષ્ટ્રીય રૂટ પર ઈરાની સેનાએ સખત વિરોધ નોંધાવ્યો હતો અને ભારતીય ટેન્કરને ત્યાંથી પાછા વળી જવા આદેશ આપ્યો હતો.

ખરેખર તો ફસાયેલા જહાજોને નીકાળવા માટે યુએન અને ઓમાને જૂનમાં એક કામચલાઉ ઓમાન કોરિડોર બનાવ્યો હતો, જેની દેખરેખ અમેરિકા કરે છે. પરંતુ ફાર્સે જણાવ્યું કે, ઈરાનની ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) રેડિયો દ્વારા સતત ચેતવણી આપી રહી છે કે, 'જહાજો ઓમાન કોરિડોરના બદલે ઈરાન દ્વારા નક્કી કરાયેલા કોરિડોરનો જ ઉપયોગ કરે.'આ અગાઉ મંગળવારે કતારથી ન્દ્રય ગેસ લઈને ભારત આવી રહેલા એક મોટા જહાજ પર ડ્રોન હુમલો થયો હતો. આ જહાજ ગુજરાત આવી રહ્યું હતું ત્યારે જ હોર્મુઝ પાસે તેના એન્જિન રૂમમાં આગ લાગી ગઈ હતી. જહાજ પર ૪ ભારતીય સહિત કુલ ૨૯ ક્રૂ મેમ્બર્સ સવાર હતા અને સદનસીબે તમામ સુરક્ષિત છે. સાઉદી અરેબિયાના અન્ય એક ટેન્કર 'વાડિયાન' પર પણ હુમલો થયો હતો, જેના માટે કંપનીએ કહ્યું કે 'કાર્ગો સુરક્ષિત છે અને જહાજ સમુદ્રમાં ચાલવા લાયક સ્થિતિમાં છે.' કમર્શિયલ જહાજો પર થઈ રહેલા હુમલાના જવાબમાં અમેરિકી સેન્ટ્રલ કમાન્ડે (CENTCOM) ઈરાની ઠેકાણાઓ પર જોરદાર એરસ્ટ્રાઈક કરી છે. CENTCOM ના જણાવ્યા અનુસાર, 'અમેરિકી સેનાએ સચોટ નિશાન લગાવતા હથિયારોથી ઈરાનના ૮૦ થી વધુ લશ્કરી ઠેકાણાઓને તોડી પાડ્યા છે.' આ હુમલામાં ઈરાનની ૬૦ થી વધુ સ્પીડ બોટ પણ નષ્ટ કરી દેવામાં આવી છે. તેના વળતા પ્રહારમાં ઈરાને પણ બુધવારે કુવૈત અને બહેરીન પર હુમલા કર્યા છે.

# કેરળના વાયનાડમાં ટનલ પ્રોજેક્ટ સ્થળે જ ભુસ્ખલન: અનેક દટાયા

## ચિત્તોડગઢમાં ઝૂપડા પર વીજળી પડવાથી બાળક સહિત પરિવારે જીવ ગુમાવ્યો

જયપુર,

કેરળના વાયનાડમાં ભુસ્ખલનને કારણે પાંચ લોકોના મોત નિપજ્યા હતા જ્યારે ૧૦થી વધુ લોકો ઘાયલ થયા છે. ટનલ પ્રોજેક્ટ સ્થળે જ આ ઘટના બની હતી જેને કારણે કેટલાક લોકો ગૂમ છે જેમને રેસ્ક્યૂ કરવામાં આવી રહ્યા છે. જ્યારે રાજસ્થાનમાં પણ ભારે વરસાદ વચ્ચે વીજળી પડવાથી ત્રણ લોકો માર્યા ગયા હતા. ઝૂપડા પર વીજળી પડવાથી એક જ પરિવારના લોકો માર્યા ગયા હતા જેમાં બાળકનો પણ સમાવેશ થાય છે.

કેરળના વાયનાડથી કોઝિકોડેને જોડનારી ટનલના પ્રોજેક્ટ સ્થળ પાસે ભુસ્ખલન થયું હતું. જેમાં પાંચ લોકો માર્યા ગયા છે. અનેક લોકો કાટમાળમાં દટાયા છે જેમને બચાવવા માટે રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરાયું હતું. સ્થાનિક સાંસદ પ્રિયંકા ગાંધીએ પ્રશાસનને તમામ અસરગ્રસ્તોને મદદ કરવા માટે કહ્યું હતું સાથે જ દાવો કર્યો હતો કે તેમણે કેરળના મુખ્યમંત્રી વીડી સતીશન સાથે પણ વાતચીત કરી હતી. અગાઉ પણ આ વિસ્તારમાં ભુસ્ખલનની ઘટનાઓ સામે આવી ચુકી છે. દરમિયાન રાજસ્થાનના ચિત્તોડગઢમાં એક ઝૂપડા પર વીજળી પડી હતી જેને કારણે અંદર રહેતા એક જ પરિવારના ત્રણ લોકો માર્યા ગયા હતા. માર્યા ગયેલા ત્રણ લોકોમાં એક બાળકનો પણ સમાવેશ થાય છે. તમામ લોકો ઉંઘી રહ્યા હતા ત્યારે જ વીજળી પડી હતી. મંગળવારે રાજધાની દિલ્હીમાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું. આ પહેલા ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું હતું અને વરસાદની આગાહી કરાઈ હતી જેમાં સુધારો કરીને હવે ભારે વરસાદને પગલે રેડ એલર્ટ જાહેર કરાયું છે. જોકે વરસાદને પગલે રાજધાનીના લોકોને ગરમીથી મોટી રાહત મળી હતી.

બીજી તરફ અરુણાચલમાં કેટલાક જિલ્લાઓમાં ફ્લેશ ફ્લડને કારણે જનજીવન પર માઠી અસર પહોંચી હતી.

# કોઈપણ રાજ્યનો વિકાસ શાંતિ અને સલામતી વગર શક્ય નથી : મુખ્યમંત્રી



## ગુજરાત પોલીસ દળમાં નવ નિયુક્ત ૪૪૯ બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટરોને નિમણૂક પત્ર એનાયત કરાયા

ગાંધીનગર,
મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત પોલીસમાં બિનહથિયારી પી.એસ.આઈ. તરીકે જોડાઈ રહેલા નવનિયુક્ત યુવાઓને નિષ્ઠા, પ્રમાણિકતા અને સમાજ સેવાની ભાવનાથી કર્તવ્યરત રહીને નાગરિક દેવો ભવ તથા ''વસુધૈવ કુટુંબકમ''ના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આપેલા મંત્રને સાકાર કરવા આહવાન કર્યું હતું.

રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા વધુ ૪૪૯ બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટરોને પોલીસ દળમાં નિમણૂક આપવામાં આવી છે. આ નવ નિયુક્ત યુવાઓને નિમણૂકપત્ર અર્પણનો ગરિમામય સમારોહ ગાંધીનગરમાં યોજાયો હતો. નાયબ મુખ્યમંત્રી અને ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ તેમાં વિશેષ રૂપે ઉપસ્થિત રહીને નવનિયુક્ત અધિકારીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

મુખ્યમંત્રીએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, કોઈપણ રાજ્યનો વિકાસ શાંતિ અને સલામતી વગર શક્ય નથી. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, ગુજરાતે દેશના રોલ મોડલ તરીકે તથા રોકાણો વેપાર-ઉદ્યોગ ક્ષેત્રે વૈશ્વિક વિકાસની જે ખ્યાતિ મેળવી છે તેમાં શાંતિ અને સલામતિના પ્રહરી એવા પોલીસ દળનો સિંહ ફાળો છે.

''તમે સૌ હવે આ પોલીસ દળમાં જોડાયા છો અને સમાજને, તમારા પરિવારને તમારા સૌ માટે ગૌરવ થાય એવું રાજ્ય-રાષ્ટ્રહિતનું દાયિત્વ તમારે સમાજ સાથે રહીને નિભાવવાનું છે'' એમ મુખ્યમંત્રીએ નવનિયુક્ત યુવા પોલીસ સબ ઈન્સ્પેક્ટરોને પ્રેરણા આપતા જણાવ્યું હતું.

તેમણે ઉમેર્યુ કે, સમાજ જીવનમાં પોલીસનું સ્થાન અને સન્માન એવા ગૌરવભર્યા છે કે તેની હાજરી માત્રથી જ સામાન્ય નાગરિકમાં વિશ્વાસ જાગે છે કે હવે જે કઈપણ થશે તે ન્યાયપૂર્ણ થશે.

મુખ્યમંત્રીએ કહ્યું કે, પોલીસ તંત્રમાં કોઈ એક વ્યક્તિનું સારું કાર્ય આખાય ડિપાર્ટમેન્ટને ક્રેડિટ અપાવનારું બની જતું હોય છે. નવ નિયુક્ત યુવાઓએ તેમાંથી પ્રેરણા લઈને સારું શીખીને પોલીસ દળની છબી વધુ ઉજાળવાની છે એમ પણ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, નિષ્ઠા, પ્રમાણિકતાથી કામ કરનારાઓની સાથે સરકાર હંમેશા ઊભી રહે છે. સૌ સાથે મળીને ગુજરાતને શાંતિ અને સલામતીમાં વધુ સંગીન અને ગૌરવશાળી બનાવીએ તેવો અનુરોધ પણ તેમણે કર્યો હતો.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પારદર્શી ભરતી વ્યવસ્થા માટે ગુજરાત પોલીસ ભરતી બોર્ડની પ્રશંસા કરી હતી અને નવનિયુક્ત યુવાઓને શિસ્તપાલન સાથે ફરજરત રહેવાની શીખ પણ આપી હતી.

તેમણે કહ્યું કે, વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતની જર્નીમાં પોલીસ દળની ભૂમિકા મહત્વની રહેવાની છે.

# બોટની ૨૦ મીટરની લંબાઈની મર્યાદા સંપૂર્ણપણે નાબૂદ: હવે તમામ યાંત્રિક બોટોને મળશે યોજનાનો લાભ

## માછીમારોની યાંત્રિક બોટમાં વપરાતા ડીઝલ પર વેટ રાહત આપવાની યોજનામાં કરાયો મહત્વપૂર્ણ સુધારો

ગાંધીનગર,
મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં માછીમાર ભાઈઓના આર્થિક ઉત્થાન અને સર્વાંગી વિકાસ માટે એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. જેની વિગતો આપતા પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, માછીમારોની યાંત્રિક બોટમાં વપરાતા ડીઝલ પર વેટ રાહત આપવાની યોજનામાં મહત્વપૂર્ણ સુધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

પ્રવક્તા મંત્રીશ્રીએ વિગતવાર માહિતી આપતા ઉમેર્યું હતું કે, અગાઉના નિયમ મુજબ આ યોજનાનો લાભ માત્ર ૨૦ મીટરથી ઓછી લંબાઈ ધરાવતી યાંત્રિક બોટોને જ મળતો હતો. હવે માછીમાર સમુદાયના વ્યાપક હિતમાં આ ૨૦ મીટરની મર્યાદાને સંપૂર્ણપણે દૂર કરવાનો નિર્ણય લેવાયો છે. આ સુધારાના પરિણામે હવે રાજ્યની ડીપ-સી બોટો સહિત તમામ યાંત્રિક ફિશિંગ બોટો આ યોજનાનો લાભ મેળવી શકશે.

આ લાભ મેળવવા માટે જે-તે ફિશિંગ બોટની નોંધણી 'રિયલ ક્રાફ્ટ પોર્ટલ' પર થયેલી હોવી જોઈએ તેમજ બોટ પાસે માન્ય ફિશિંગ લાયસન્સ હોવું અનિવાર્ય છે. આ મહત્વપૂર્ણ નિર્ણયથી રાજ્યની નોંધાયેલી ૧૮,૦૦૦થી વધુ યાંત્રિક ફિશિંગ બોટો હવે ડીઝલ વેટ રાહત મેળવવા માટે પાત્ર બની છે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

વધુ વિગતો આપતાં તેમણે કહ્યું હતું કે, આ યોજના હેઠળ પાત્રતા ધરાવતી તમામ યાંત્રિક બોટોને સરકાર દ્વારા 'ડીઝલ કાર્ડ' આપવામાં આવશે. આ કાર્ડ ધારક બોટોને પ્રતિ લિટર મહત્તમ રૂ. ૧૫/- લેખે ડીઝલ વેટ રાહત મળશે. જો વેટની રકમ રૂ. ૧૫ કરતાં ઓછી હશે, તો તે મુજબ સબસિડી મળવાપાત્ર રહેશે.

# દાહોદના આંકલી ગામનો સરપંચ રૂ.૫૦ હજારની લાંચ લેતા ઝડપાયો

## પોલીસમાં નોંધાયેલા કેસને પતાવી આપવા વચેટીયા તરીકે રૂ.૫૦ હજારની માંગણી કરી હતી

દાહોદ,
દાહોદ જિલ્લાના દેવગઢબારીયા તાલુકામાં ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરોએ સફળ ટ્રેપ ગોઠવી આંકલી ગામના સરપંચ રમેશભાઈ ભીખાભાઈ બારીયાને રૂ.૫૦ હજારની લાંચ સ્વીકારતા રંગેહાથ ઝડપી પાડ્યા છે. આ કાર્યવાહીથી સમગ્ર વિસ્તારમાં ચર્ચા જાગી છે.

એસીબીને મળેલી ફરિયાદ મુજબ, ફરિયાદીના ખેતરમાંથી લગભગ ૧૫ દિવસ અગાઉ અંગ્રેજી દારૂનો જથ્થો ઝડપાયો હતો. તે સમયે ફરિયાદી ઘરે હાજર નહોતા. ત્યારબાદ ગામના સરપંચ રમેશભાઈ બારીયાએ ફરિયાદીનો સંપર્ક કરીને પોલીસમાં નોંધાયેલા કેસને પતાવી આપવાની ખાતરી આપી હતી. આ માટે તેમણે વચેટીયા તરીકે રૂ.૫૦ હજારની માંગણી કરી હતી.ફરિયાદી લાંચની રકમ આપવા ઈચ્છતા ન હોવાથી તેમણે એસીબીનો સંપર્ક કર્યો હતો. ફરિયાદની પ્રાથમિક ચકાસણી બાદ એસીબીએ ટ્રેપનું આયોજન કર્યું હતું. આયોજન મુજબ દેવગઢબારીયા તાલુકા પંચાયત સામે તળાવ પાસે સમડી સર્કલ તરફ જતા માર્ગ પર આરોપીએ ફરિયાદી પાસેથી રૂ.૫૦ હજારની લાંચ સ્વીકારી હતી.

લાંચની રકમ સ્વીકારતા જ એસીબીની ટીમે આરોપીને રંગેહાથ ઝડપી લીધો હતો. આરોપી પાસેથી રૂ.૫૦ હજારની સંપૂર્ણ રકમ કબજે કરવામાં આવી છે. સમગ્ર મામલે એસીબીએ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

# ગંભીરા બ્રિજ તૂટી પડવાની ઘટનાની આજે વરસી : નરસિંહપુરાનો યુવાન આજે પણ લાપત્તા

## મહીસાગર નદી પરનો ગંભીરા બ્રિજ તૂટી પડવાની ઘટનામાં ૨૨ લોકોએ ગુમાવ્યો હતો જીવ

વડોદરા,
વડોદરા જિલ્લાના પાદરા તાલુકામાં મુજપુર પાસે મહીસાગર નદી પરનો ગંભીરા બ્રિજ તૂટી પડ્યાની ઘટનાની આજે ગુરુવારે પ્રથમ વરસી છે. આ કમનસીબ ઘટનામાં બ્રિજ પરથી નદીના પાણીમાં ખાબકેલા પાદરા તાલુકાના નરસિંહપુરા ગામના યુવાનનો હજી સુધી પત્તો નહીં મળતા હવે પરિવારજનો તેનું ડેથ સર્ટિફિકેટ મળે તેની રાહ જોઈ રહ્યા છે.

વિક્રમ પઢિયાર અને પિતરાઈ રાજેશ ચાવડા બંને રાત્રે મિત્રની બર્થ ડે મનાવી સવારે સાથે કંપનીમાં જતા હતાં. ઉલ્લેખનીય છે કે વર્ષ-૨૦૨૫માં જુલાઈ માસની ૯મી તારીખની સવાર વડોદરા જિલ્લા માટે હંમેશા યાદ રહી જાય તેવી છે. પાદરા તાલુકાના ગામો તેમજ આણંદ જિલ્લાના ગામોને જોડતા મહી નદી પરનો ગંભીરા બ્રિજનો એક ભાગ તૂટી પડતા સવારે નોકરી પર જતા તો કોઈ કામ ધંધા પર જતા વાહનો એક પછી એક નદીમાં ખાબક્યા હતાં અને આ કમનસીબ ઘટનામાં ૨૨ નિર્દોષ વ્યક્તિઓનો ભોગ લેવાયો હતો. ખખડધજ બ્રિજ હોવા છતાં તેને ભારેધારી વાહનો માટે બંધ ના કરાયો અને મોટી દુર્ઘટનાએ સમગ્ર રાજ્યને હચમચાવી નાખ્યું હતું.

ગંભીરા બ્રિજની આ ઘટનામાં ૨૨ વ્યક્તિના મૃતદેહો મળ્યા હતા પરંતુ પાદરા તાલુકાના નરસિંહપુરા ગામના યુવાનની લાશ એક વર્ષ થવા છતાં મળી નથી. બ્રિજ દુર્ઘટનામાં હજી સુધી લાપત્તા વિક્રમ પઢિયારના પિતાએ જૂની ઘટનાને યાદ કરતા જણાવ્યું હતું કે તે દિવસ કદી વિસરાય તેમ નથી. મારો દીકરો વિક્રમ અને તેના મામાનો દીકરો રાજેશ ઈશ્વરભાઈ ચાવડા (રહે.દેવાપુરા, જીલ્લો આણંદ) બંને બાઈક પર જતા હતા ત્યારે આ ઘટના બની હતી. જેમાં બંનેના જીવ ગયા છે. તેમણે ઉમેર્યું હતું કે વિક્રમ અને રાજેશ બંને એક જ ખાનગી કંપનીમાં નોકરી કરતા હતાં. ઘટનાના આગલા દિવસે રાત્રે નોકરી પરથી બંને ભાઈઓ એક મિત્રની બર્થ ડે ઉજવવા ગયા હતા અને રાત્રે નવ વાગ્યે તેઓ ઘેર આવ્યા હતાં. રાત્રિ થઈ ગઈ હોવાથી રાજેશ ચાવડા પોતાના ઘેર જવાના બદલે અમારા ઘેર જ રોકાઈ ગયો હતો અને સવારે વિક્રમ તેમજ રાજેશ બંને બાઈક પર નોકરી જવા નીકળ્યા હતાં. તેમણે કહ્યું હતું કે મારે સંતાનમાં બે પુત્રો અને બે પુત્રીઓ હતાં.

# રથયાત્રા પહેલા પાટણમાં ૫ દેશી કટ્ટા અને ૪ કારતૂસ સાથે ૬ શખ્સની કરાઈ ધરપકડ

પાટણ,
આગામી દિવસોમાં યોજાનારી રથયાત્રાને ધ્યાનમાં રાખીને રાજ્યભરમાં સુરક્ષા વ્યવસ્થા કડક કરવામાં આવી રહી છે. તે વચ્ચે પાટણ પોલીસ અને સ્થાનિક ક્રાઈમ બ્રાન્ચએ મોટી સફળતા મેળવી છે. સંયુક્ત કાર્યવાહીમાં જિલ્લામાં ગેરકાયદેસર રીતે હથિયારો બનાવતી ફેક્ટરીનો પર્દાફાશ કરવામાં આવ્યો છે.

પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે દરોડો પાડવામાં આવ્યો હતો. દરોડા દરમિયાન સ્થળ પરથી ૫ દેશી કટ્ટા (તમંચા), ૪ જીવતા કારતૂસ તેમજ હથિયાર બનાવવા માટે વપરાતો કાચો માલ અને અન્ય સાધનો જપ્ત કરવામાં આવ્યા હતા. પોલીસે સમગ્ર સ્થળને સીલ કરીને પુરાવા કબજે લીધા છે.

આ કેસમાં પોલીસે સ્થળ પરથી ૬ આરોપીઓની ધરપકડ કરી છે. જોકે, ગેરકાયદેસર હથિયાર બનાવવાના આ નેટવર્કનો મુખ્ય સૂત્રધાર સહિત બે આરોપીઓ પોલીસ પહોંચે તે પહેલાં ફરાર થઈ ગયા હતા. ફરાર આરોપીઓને શોધવા માટે વિવિધ ટીમો દ્વારા શોધખોળ શરૂ કરવામાં આવી છે.

પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે ફરાર મુખ્ય આરોપી અગાઉ પણ ગેરકાયદેસર હથિયારો બનાવવાના કેસમાં ઝડપાઈ ચૂક્યો છે અને જેલવાસ પણ ભોગવી ચૂક્યો છે. ઉપરાંત ફરાર અન્ય આરોપીઓ સામે પણ વિવિધ પોલીસ મથકોમાં અનેક ગુનાઓ નોંધાયેલા હોવાનું જાણવા મળ્યું છે. પોલીસ હવે એ દિશામાં તપાસ કરી રહી છે કે આ હથિયારો કોને પહોંચાડવાના હતા, તેની પાછળ કોઈ મોટું ગુનાહિત નેટવર્ક અથવા ષડયંત્ર તો નથી ને? અત્યાર સુધી કેટલા હથિયારો બનાવવામાં આવ્યા અને ક્યાં વેચાયા તેની પણ તપાસ શરૂ કરવામાં આવી છે.

# હાઈકોર્ટે પીએસઆઈ વિભાગીય બઢતીને મંજૂરી બઢતીના નિયમોને પડકારતી અરજી ફગાવી

## ચુકાદા બાદ લાંબા સમયથી અટવાયેલી વિભાગીય પ્રમોશન પ્રક્રિયા ફરી ગતિ પકડશે

અમદાવાદ,
ગુજરાત પોલીસ વિભાગ માટે રાહતના સમાચાર સામે આવ્યા છે. ગુજરાત હાઈકોર્ટે પોલીસ સબ ઈન્સ્પેક્ટર વિભાગીય બઢતી પ્રક્રિયાને લઈને મહત્વપૂર્ણ નિર્ણય આપતાં બઢતીના નિયમોને પડકારતી અરજી ફગાવી દીધી છે. આ ચુકાદા બાદ લાંબા સમયથી અટવાયેલી વિભાગીય પ્રમોશન પ્રક્રિયા ફરી ગતિ પકડશે.

હાઈકોર્ટના નિર્ણયથી રાજ્યના આશરે ૧૮૦૦ પોલીસ કર્મચારીઓને સીધો લાભ મળશે. વિભાગીય પરીક્ષા અને પ્રમોશનની રાહ જોઈ રહેલા પોલીસ કર્મચારીઓ માટે હવે પીએસઆઈ તરીકે બઢતી મેળવવાનો માર્ગ વધુ સ્પષ્ટ બન્યો છે.પીએસઆઈ વિભાગીય બઢતી માટે નક્કી કરાયેલા નિયમો સામે હાઈકોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી હતી. અરજદારોએ બઢતી પ્રક્રિયા પર રોક લગાવવાની માંગ કરી હતી. જોકે, કોર્ટે અરજીમાં રજૂ થયેલા મુદ્દાઓને સ્વીકાર્યા નહીં અને અરજી ફગાવી દીધી.કોર્ટે સ્પષ્ટ કર્યું કે પ્રમોશન માટે લેવામાં આવતી વિભાગીય પરીક્ષા અને તેની પ્રક્રિયામાં ન્યાયિક હસ્તક્ષેપ કરવાની જરૂરિયાત જણાતી નથી. આ સાથે વિભાગીય બઢતી પ્રક્રિયા આગળ વધવાનો માર્ગ ખુલ્લો થયો છે.ચુકાદા બાદ હવે રાજ્યમાં લાંબા સમયથી ખાલી પડેલી પીએસઆઈની જગ્યાઓ ભરવાની પ્રક્રિયા ઝડપી બનવાની સંભાવના છે. લાયકાત ધરાવતા અને વિભાગીય પરીક્ષા પાસ કરનારા પોલીસ કર્મચારીઓને બઢતી મળતા પોલીસ દળમાં અધિકારીઓની સંખ્યામાં વધારો થશે. લાંબા સમયથી પ્રમોશનની રાહ જોઈ રહેલા અનેક પોલીસ કર્મચારીઓ માટે આ નિર્ણય મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે.

# વડોદરામાં વિધિના બહાને બ્યુટી પાર્લર સંચાલિકાનું મંગળસૂત્ર પડાવનાર બે મહિલાની ધરપકડ




વડોદરા,
વડોદરા શહેરના વાડી-બરાનપુરા વિસ્તારમાં ધાર્મિક વિધિના બહાને બ્યુટી પાર્લર સંચાલિકાને ભોળવી સોનાનું મંગળસૂત્ર અને રોકડ રકમ લઈને ફરાર થયેલી ગેંગની બે મહિલા આરોપીની શહેર ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરી છે. આરોપીઓ પાસેથી અંદાજે રૂ. ૮૩ હજારની કિંમતનું ૮.૬૬૦ ગ્રામ વજનનું સોનાનું મંગળસૂત્ર કબજે કરવામાં આવ્યું છે. જ્યારે ગેંગની વધુ એક મહિલા આરોપી હજુ ફરાર છે, જેને શોધવા માટે પોલીસ કાર્યવાહી કરી રહી છે.

વાડી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, ત્રણ મહિલાઓએ બ્યુટી પાર્લર સંચાલિકાને ધાર્મિક વિધિ કરાવવાના બહાને વિશ્વાસમાં લીધી હતી. ફરિયાદ અનુસાર, મહિલાને ગળામાંથી મંગળસૂત્ર ઉતારી પર્સમાં મૂકવા જણાવ્યું હતું અને વિધિ પૂર્ણ કરવા માટે આંખ બંધ કરીને ઊંધા ઊભા રહેવાનું કહ્યું હતું. આ દરમિયાન ત્રણેય મહિલાઓ પર્સ સાથે મંગળસૂત્ર અને રૂ. ૩,૫૦૦ની રોકડ રકમ લઈને ફરાર થઈ ગઈ હતી.

ઘટના બાદ વાડી પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. બીજી તરફ શહેર ક્રાઈમ બ્રાન્ચ પણ આરોપીઓની શોધમાં લાગી હતી. પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે હરણી રોડના વિજયનગર નાકા પાસેથી મીનાબેન મહેન્દ્ર વાદી (રહે. બહિયલ, દહેગામ) અને દક્ષાબેન દીપકભાઈ સલાટ (રહે. સુભાષનગર, અમદાવાદ)ને ઝડપી લેવામાં આવ્યા હતા.

# ગાંધીનગર લોકસભા મતક્ષેત્રમાં ૧ કરોડથી વધુ વૃક્ષ વાવવાનો લક્ષ્યાંક

## મિયાવાકી અને ઘનિષ્ઠ વાવેતર પદ્ધતિથી ૯૪ જેટલા હાઈ-ટેક 'ઑક્સિજન પાર્ક' વિકસિત કરાયા

અમદાવાદ,
'ગાંધીનગર લોકસભા – હરિયાળી લોકસભા' સંકલ્પ સાથે આગામી ૧૨ જુલાઈ ૨૦૨૬, રવિવારના રોજ મોટા પાયે સામૂહિક વૃક્ષારોપણ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત નાગરિકોને પોતાના પરિવારના સભ્ય દીઠ એક છોડ વાવવા અને તેના ઉછેરની જવાબદારી લેવા માટે આહવાન કરાયું છે.

કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહના નેતૃત્વમાં ૨૦૨૬-૨૭ દરમિયાન ગાંધીનગર લોકસભા હેઠળ આવતી તમામ સાત વિધાનસભા બેઠકોમાં કુલ ૧,૦૧,૧૦,૦૨૬ વૃક્ષો વાવવાનો લક્ષ્યાંક નક્કી કરાયો છે. જેમાં સાણંદ વિધાનસભામાં સૌથી વધુ ૫૨.૬૪ લાખ વૃક્ષ-વાવેતરનું આયોજન કરાયું છે. કલોલ તેમજ ગાંધીનગર (ઉત્તર) જેવા વિસ્તારોમાં પણ લાખોની સંખ્યામાં વૃક્ષારોપણ કરી ગ્રીન કવરને વ્યાપક બનાવવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૫ સુધીના સમયગાળામાં કરાયેલા સઘન વાવેતરના પરિણામે આ વિસ્તારની ગ્રીન કવરમાં ૧૧.૨૫ ટકાનો નોંધપાત્ર વધારોય થયો છે. ગાંધીનગર લોકસભા મતક્ષેત્રના શહેરી વિસ્તારમાં અત્યાર સુધીમાં ૯૪ જેટલા 'ઑક્સિજન પાર્ક' તૈયાર કરવામાં આવ્યા છે. અમદાવાદના સાબરમતી, ગોતા, થલતેજ, બોડકદેવ, સરખેજ અને વેજલપુર જેવા વિવિધ વોર્ડમાં ફેલાયેલા આ પાર્કોમાં જાપાનીઝ તકનીક 'મિયાવાકી' અને ઘનિષ્ઠ વાવેતર પદ્ધતિથી ખૂબ ટૂંકા ગાળામાં અર્બન ફોરેસ્ટ ઊભા કરવામાં આવ્યા છે. આગામી રવિવારે યોજાનારા આ સામૂહિક મહોત્સવમાં જનભાગીદારી વધારવા માટે ઓનલાઈન પોર્ટલ પણ શરૂ કરાયું છે.

# ડામોરમાં ભગવાન રણછોડરાયજી ચાંદી અને પિત્તળના રથ પર બિરાજમાન થઈને નગરચર્યાએ નીકળશે

## આ વર્ષે યાત્રાધામ ડાકોર ખાતે ૨૫૪મી રથયાત્રા યોજાશે

ડાકોર,
યાત્રાધામ ડાકોર ખાતે વર્ષોથી યોજાતી રથયાત્રાની તૈયારીઓ આ વર્ષે પણ ધામધુમથી કરવામાં આવી રહી છે. ડાકોર રણછોડરાયજી મંદિરમાં પરંપરાગત રીતે પુષ્ય નક્ષત્રમાં યોજાતી રથયાત્રા ૧૫ જુલાઈના રોજ યોજાવાની છે. હવે ગણતરીના દિવસો બાકી હોવાથી મંદિર તરફથી તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

રથયાત્રામાં ભગવાન રણછોડરાયજી ચાંદી અને પિત્તળના રથ પર બિરાજમાન થઈને નગરચર્યાએ નીકળશે. આ વર્ષે યાત્રાધામ ડાકોર ખાતે ૨૫૪મી રથયાત્રા યોજાશે.

મંદિર કમિટી દ્વારા રથયાત્રાની તૈયારીઓ ઝડપથી આગળ વધી રહી છે. ભગવાન બિરાજમાન થનાર ચાંદી અને પિત્તળના રથની મરામતનું કામ હાલ ચાલી રહ્યું છે. આ કામગીરી ઈન્દ્રવદનભાઈ સુથારની આગેવાની હેઠળ પાંચ જેટલા કારીગરોની ટીમ કરી રહી છે. સાથે જ રથયાત્રાના માર્ગની સાફ-સફાઈ સહિતની અન્ય તમામ તૈયારીઓ પણ હાથ ધરવામાં આવી છે.

ડાકોરમાં પરંપરાગત રીતે પુષ્ય નક્ષત્રમાં જ રથયાત્રા યોજાય છે. ભગવાન રણછોડરાયજી મંદિરમાંથી મંગળા આરતી સહિતના પારંપરિક વિધિ-વિધાન બાદ ચાંદીના રથમાં બિરાજમાન થઈને નગરયાત્રાએ નીકળે છે અને નિયત રૂટ પરથી પરત મંદિરે આવે છે. પરત આવ્યા બાદ ઈંડી-પિંડી કરીને ભગવાનની નજર ઉતારવામાં આવે છે.

રથયાત્રામાં ભજન મંડળીઓ સાથે મોટી સંખ્યામાં વૈષ્ણવો અને ભક્તો જોડાય છે. આ પ્રસંગે ફણગાવેલા મગ, જાંબુ અને કેરીના પ્રસાદનું વિતરણ કરવામાં આવે છે.

ડાકોર ટેમ્પલ કમિટીના મેનેજર રાકેશભાઈ દવેએ જણાવ્યું હતું કે, "ચાલુ વર્ષે ૨૫૪મી રથયાત્રા ૧૫ જુલાઈએ પુષ્ય નક્ષત્રમાં યોજાવાની છે. મંદિર તરફથી રથના સમારકામની કામગીરી ચાલી રહી છે. પાંચ જેટલા કાર્યકરો આ કામમાં જોડાયેલા છે. સાફ-સફાઈ સહિતની તમામ વ્યવસ્થા કરવામાં આવી રહી છે."

આ વર્ષે યોજાનાર રથયાત્રા માટે રથનું સમારકામ કરતા ઈન્દ્રવદનભાઈ સુથારે જણાવ્યું, "રથયાત્રા ૧૫ તારીખે છે તે પહેલાં ૧૫ થી ૨૦ દિવસ અગાઉ રથનું મેન્ટેનન્સ, સ્પેરપાર્ટ્સની રિપેર, સર્વિસ અને ફીટિંગનું કામ કરવામાં આવે છે.

# યાત્રાધામ પાવાગઢ ખાતે આગામી બે મહિના સુધી પદયાત્રીઓની રાત્રિ અવરજવર પર સંપૂર્ણ પ્રતિબંધ

## શ્રદ્ધાળુઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર દ્વારા નિર્ણય લેવામાં આવ્યો

પંચમહાલ,
રાજ્યમાં આવેલ સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ ખાતે શ્રદ્ધાળુઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર દ્વારા એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. ચોમાસાની ઋતુમાં ડુંગર પર સર્જાતા જોખમોને ટાળવા માટે આગામી બે મહિના સુધી પદયાત્રીઓની રાત્રિ અવરજવર પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે.

ચોમાસા દરમિયાન પાવાગઢ ડુંગર પર પથ્થરો અને ભેખડો ધસી પડવાનું જોખમ ઘણું વધી જતું હોય છે. વહીવટી તંત્ર અને પોલીસ વિભાગ દ્વારા તમામ માઈભક્તોને અપીલ કરવામાં આવી છે કે તેઓ પોતાની સુરક્ષા માટે રાત્રિના સમયે ડુંગર પર જવાનું ટાળે અને તંત્રને સહકાર આપે. દિવસના સમયે નિયત ગાઈડલાઈન મુજબ યાત્રા રાબેતા મુજબ ચાલુ રહેશે.

જિલ્લા વહીવટી તંત્રના આદેશ અનુસાર, પાવાગઢ ડુંગર પર પદયાત્રીઓ માટે રાત્રે ૧૦:૦૦ વાગ્યાથી લઈને સવારના ૪:૦૦ વાગ્યા સુધી પ્રતિબંધ લાગુ રહેશે. આ નિયમ આગામી ૬ સપ્ટેમ્બર સુધી એટલે કે બે મહિના માટે અમલી રહેશે. રાત્રિના સમયે અંધારા અને વરસાદમાં અકસ્માત થવાની સંભાવના વધુ હોવાથી આ પગલું ભરવામાં આવ્યું છે.

થોડા દિવસ પહેલા પાવાગઢ ખાતે ભારે વરસાદ દરમિયાન ડુંગર પર ભેખડ ધસી પડવાની એક ગંભીર હોનારત સર્જાઈ હતી. આ દુર્ઘટનામાં પથ્થરો નીચે દબાઈ જવાથી બે નિર્દોષ યાત્રાળુઓના કરૂણ મોત નીપજ્યા હતા. આ ઘટના બાદ જાગેલા તંત્રએ ભવિષ્યમાં આવી કોઈ હોનારત ન સર્જાય અને યાત્રાળુઓ સુરક્ષિત રહે તે હેતુથી આ કડક નિર્ણય લીધો છે.

વહીવટી તંત્ર દ્વારા લગાવવામાં આવેલા આ રાત્રિ પ્રતિબંધમાંથી કેટલાક જરૂરી લોકોને બાકાત રાખવામાં આવ્યા છે. પાવાગઢ મંદિર વ્યવસ્થાપક કમિટીના સભ્યો, મંદિરના ટ્રસ્ટીઓ અને રોજિંદી પૂજા-અર્ચના કરતા પૂજારીઓને આ નિયમ લાગુ પડશે નહીં. તેઓ પોતાની નિયત ધાર્મિક વિધિઓ માટે રાત્રિના સમયે પણ અવરજવર કરી શકશે.

# લોકમેળાનો પ્લાન-લેઆઉટ તૈયાર: તા.૨૦ની આસપાસ સ્ટોલના ફોર્મનું થશે વિતરણ

## લાઈટીંગ-ડેકોરેશન, મંડપ માટે ટેન્ડર પ્રક્રિયા: સ્ટોલના ભાડામાં પાંચ ટકાના વધારાની શકયતા



રાજકોટ:

રાજકોટ કલેકટર તંત્ર અને લોકમેળા સમિતી દ્વારા આગામી તા.૨ સપ્ટેમ્બરથી રેસકોર્સ ગ્રાઉન્ડમાં આયોજીત કરાયેલા જન્માષ્ટમીના પાંચ દિવસીય લોકમેળા અંગે તડામાર તૈયારીઓ આરંભી દેવામાં આવી છે.

લોકમેળાનો પ્લાન-લે આઉટ અને બ્લુપ્રિન્ટ તૈયાર થતા આજે બપોર બાદ લોકમેળાની વિવિધ કમિટીઓની બેઠક આયોજીત કરવામાં આવી છે. જેમાં લોકમેળામાં સુચારૂ સંચાલન માટે તખ્તો તૈયાર કરવામાં આવનાર છે.

લોકમેળાના સ્ટોલના ફોર્મ વિતરણની તારીખ સંભવત બે દિવસમાં જ જાહેર કરી દેવામાં આવનાર છે. તા.૨૦ની આસપાસ આ ફોર્મનું વિતરણ શરૂ કરવામાં આવનાર છે. લોકમેળાના નામકરણ માટે નગરજનો પાસેથી આકર્ષક શિર્ષક મંગાવવા આવેલ છે. આ ઉપરાંત લાઈટીંગ, ડેકોરેશન સહિતની ટેન્ડર પ્રક્રિયા પણ શરૂ કરી દેવામાં આવી છે.

આ ઉપરાંત લોકમેળામાં લોકોની સુરક્ષા જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય ઘટનાઓ ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવશે તેમજ મેડીકલ ઈમરજન્સી માટે બે ગ્રીન કોરીડોર બનાવવામાં આવશે.

જેમાં ફનવર્લ્ડ પાસેથી અને જૂના એરપોર્ટ રોડ સામે આ ગ્રીન કોરીડોર બનાવાશે. જેમાં એમ્બ્યુલન્સ, બાઈક વગેરે સહિતના વાહનો લોકમેળાના ગ્રાઉન્ડમાં સહેલાઈથી અવરજવર કરી શકશે તેમજ લોકમેળામાં સીસી ટીવી કેમેરા ઠેર-ઠેર લગાવાશે. જેના મારફતે બાજ નગર રાખી શકાશે.

સુત્રોએ વધુમાં જણાવ્યું હતું કે આ વખતે સ્ટોલના ભાડામાં પાંચ ટકાનો વધારો થવાની શકયતા રહેલી છે જોકે આ અંગેનો અંતીમ નિર્ણય તો લોકમેળા સમિતિની આગામી બેઠકમાં લેવામાં આવશે.

# ઉપલેટાના ચીખલીયામાંથી ૧૭ કિલોગ્રામ ગાંજા સાથે રાજકોટનો પેડલર ઝડપાયો

## સુરત નજીક સોનગઢથી ગાંજો લાવી આપનાર બે શખ્સોની શોધખોળ શરૂ

રાજકોટ:ઉપલેટાના ચીખલીયા ગામે રહેણાંક મકાનમાંથી રૂરલ એસઓજી ટીમે ૧૭ કિલોથી વધુ ગાંજા સાથે રાજકોટના કોઠારિયાના કુખ્યાત પેડલર સિરાજ વિસરની ધરપકડ કરી રૂ.૮.૬૭ લાખનો મુદામાલ કબ્જે કર્યો હતો. જયારે સુરત નજીક સોનગઢથી ગાંજો લાવી આપનાર બે શખ્સોની શોધખોળ શરૂ કરવામાં આવી હતી.

દરોડાની વિગત મુજબ, રેન્જ આઈજી નિર્લિપ્ત રાય અને એસપી વિજયસિંહ ગુર્જર દ્વારા રાજકોટ જિલ્લા વિસ્તારમાં માદક પદાર્થને લગતી ગેરકાયદે પ્રવૃત્તિને સદંતર નાબૂદ કરવા અસરકારક કામગીરી કરવાની આપેલ સૂચનાથી એસઓજી પીઆઈ એફ.એ.પારગીની રાહબરીમાં પીએસઆઈ જી.જે.ઝાલાની ટીમ ધોરાજી, ઉપલેટા વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન કોન્સ્ટેબલ કલ્પેશભાઈ કોઠીવારને ખાનગી રાહે બાતમી મળી હતી કે, ઉપલેટાના ચીખલીયા ગામે



સિરાજ હનીફ વિસર પોતાના રહેણાંક મકાનમાં ગાંજાનો જથ્થો લાવી વેચાણ કરી રહ્યો છે.

જે બાતમી મળતાની સાથે રૂરલ એસઓજીની ટીમે દરોડો પાડી મકાનમાંથી રૂ. ૮,૬૭,૧૦૦ ની કિંમતનો ૧૭.૩૪૨ કિલોગ્રામ ગાંજાનો જથ્થો કબજે કરી એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી સિરાજ હનીફ વિસર (ઉ.વ.૨૩ રહે. ચિખલિયા ગામ, મોટીમારડ રોડ, ઉપલેટા હાલ રહે. નુરાનીપરા, કોઠારીયા સોલવન્ટ, રાજકોટ) ની ધરપકડ કરી હતી.

એસઓજીએ ગાંજો અને મોબાઈલ મળી કુલ રૂ.૮.૭૨,૧૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં ઝડપાયેલા શખ્સે કબુલાત આપી હતી કે, ગાંજાનો જથ્થો નવાજ અશરફ મધરા ( રહે.ભાયાવદર, ઉપલેટા) અને વસીમ ઈકબાલ રફાઈ (રહે સિલ્વર રેસીડેન્સી, ધોરાજી રોડ, ઉપલેટા) નામના શખ્સો સુરત નજીક સોનગઢથી સપ્તાહ પૂર્વે લાવી તેને આપી ગયેલ હતા.

વસીમ ટ્રક ડ્રાયવિંગ કરતો હોય તે નવાજ અને અન્ય એક શખ્સ સાથે અગાઉ પણ ચારેક વાર ગાંજાની ખેપ મારી આવ્યો છે. બંને ખેપિયા ગાંજાનો જથ્થો સુરત સહિતના સ્થળોએથી લાવી અહીં સિરાજ વિસરને આપી દેતા હતા. જે બાદ સિરાજ છૂટકમાં ગાંજાનું વેંચાણ કરતો હતો. જેથી પોલીસે પેડલરની ધરપકડ કરી ખેપ મારનાર બેથી વધુ શખ્સોની શોધખોળ આદરી હતી.

# રાજકોટ એસ.ટી. વિભાગનાં ૬ કંડકટરો કટકી કરતા પકડાયા



રાજકોટ:

રાજકોટ એસ.ટી. વિભાગની લાઈન ચેકીંગ સ્કવોડ દ્વારા હાઈ-વે ઉપર જુદા-જુદા રૂટોની બસોમાં હાથ ધરેલા અચાનક ચેકીંગ બાદ ૬ કંડકટરો કટકી કરતા પકડાઈ ગયા હતા. આ કંડકટરો એ મુસાફરો પાસેથી ટિકીટના પૈસા લઈ અને મુસાફરોને ટિકીટ નહી આપ્યાનું બહાર આવેલ હતું.

આ અંગેની રાજકોટ એસ.ટી. વિભાગનાં અધિકારી સૂત્રોમાંથી મળતી વિગતો મુજબ ગત એપ્રિલ-મે અને જૂન માસ દરમ્યાન લાઈન ચેકીંગ સ્કવોડ એ હાઈવે પર હાથ ધરેલા ચેકીંગ દરમ્યાન જુદા-જુદા રૂટોની ૩૫૦૯ બસો ચેક કરી હતી. જે પૈકી છ કંડકટરો કટકી કરતા પકડાયા હતા. જયારે ૫૬ જેટલા ખુદાબક્ષ મુસાફરો ટિકીટ વિના મફતમાં મુસાફરી કરતા ઝડપાઈ ગયા હતા.એપ્રિલમાં ૧, મે માં ૨ અને જૂનમાં ૩ કંડકટરો ટિકિટનાં નાણાની ઉચાપત કરતા ઝડપાયા હતા, જયારે એપ્રિલમાં ૧૦, મે માં ૧૩ અને જૂનમાં ૨૩ ખુદાબક્ષ મુસાફરો મફતમાં મુસાફરી કરતા ઝડપાઈ ગયા હતા. ઉલ્લેખનીય છે કે કટકી કરતા પકડાયેલા કંડકટરો સામે વિભાગીય નિયામક દ્વારા ખાતાકીય કાર્યવાહી કરવાનાં આદેશ કરવામાં આવ્યા છે.

જયારે મફતમાં મુસાફરી કરતા પકડાયેલા ૫૬ મુસાફરો પાસેથી ત્રણગણો દંડ વસુલવામાં આવેલ હતો. ચાલુ માસ દરમ્યાન પણ લાઈન ચેકીંગ, શાખાનું હાઈવે ઉપર સઘન ચેકીંગ યથાવત રાખવામાં આવેલ છે.

# ૧૧ ટીપી પ્લોટ-સફારી પાર્ક સહિતના વિસ્તારોમાં ૧.૧૧ લાખ વૃક્ષો રોપાશે : ૬૬ લાખ મંજૂર

## માધાપર ટ્રીટમેન્ટ પ્લાન્ટનો ૪૯.૫૦ ટકા ઓનનો કોન્ટ્રાકટ ૨૫.૪૪ ટકા ડાઉનમાં આવી ગયો!



રાજકોટ:

મ્યુનિ. કોર્પોરેશનની સ્ટે.કમીટીની આજે મળેલી મીટીંગમાં શહેરના જુદા જુદા ટીપી પ્લોટ, વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ તથા લાયન સફારી પાર્ક આસપાસની ખુલ્લી જગ્યાઓમાં ૧.૧૧ લાખ વૃક્ષોનું વાવેતર કરવાની દરખાસ્ત મંજૂર કરવામાં આવી છે. એજન્ડા પર રહેલી માત્ર ત્રણ દરખાસ્તમાં ૨.૬૮ કરોડનો ખર્ચ મંજૂર કરાયો હતો, જયારે અધ્યક્ષસ્થાનેથી દરખાસ્ત આજે મુકવામાં આવી ન હતી.

આજે ચેરમેન પરેશ પીપળીયાના અધ્યક્ષસ્થાને મળેલી મીટીંગમાં અલગ અલગ પ્લોટમાં વૃક્ષારોપણ ચોમાસામાં જ સમયે કરવાની દરખાસ્ત માટે ૬૬.૫૫ લાખ મંજૂર કરાયા હતા. મીયાવાકી થીમ ફોરેસ્ટ અને ઘનિષ્ઠ વૃક્ષારોપણનું કામ ચાર વર્ષની નિભાવણી સાથે આરસી હેઠળ માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ (સદભાવના) પાસે કરાવવામાં આવે છે. બેઠક બાદ ચેરમેને કહ્યું હતું કે, દરખાસ્તમાં ૭૨ હજાર વૃક્ષો વાવવા પ્રક્રિયા થઇ હતી. પરંતુ વધુ પ્લોટ શોધીને કુલ ૧.૧૧ લાખ વૃક્ષો વાવવાનું આયોજન કરવા અધિકારીઓને સૂચના આપવામાં આવી છે. તા.૧૨ના રોજ સઘન વૃક્ષારોપણનો કાર્યક્રમ કરવા વિચારણા થઇ છે.

મીયાવાકી પ્લાન્ટેશનમાં વૃક્ષોનો વિકાસ સામાન્ય પધ્ધતિ કરતાં ઘણો વધુ ઝડપથી થાય છે. આ પધ્ધતિમાં એક ચોરસ મિટરમાં અંદાજ ૩ થી ૫ સ્થાનિકે વિકાસ પામતા પ્રજાતિના વૃક્ષોનું વાવેતર કરવામાં આવે છે. ઝડપથી ગ્રીનરી વિકસાવવા માટે આ પદ્ધતિ ઉપયોગી છે. પરંપરાગત શહેરી જંગલ ઊભું કરવા માટે વધુ સમય લાગે છે. જયારે મિયાવાકી પધ્ધતિ દ્વારા ટૂંક સમયમાં સમાન પરિણામ મેળવી શકાય છે.

તે માટે પ્રતિ ચો.મી.ના ૩૧૦ લેખે કામગીરી કરાવવા ૨૦૨૩માં મંજૂરી અપાઇ હતી. જે અંતર્ગત રૈયા સ્મશાનની પાછળ-કેરલા પાર્ક, મુંજકા-નીરવાના ટાવર પાસે, મુંજકા-સંસ્કૃતિ પાર્ટી પ્લોટ પાસે તેમજ મવડી-કોકોનટ પાર્ટી પ્લોટની પાછળ સહિત કુલ ૪ સ્થળોએ કુલ ૪૨,૫૫,૯૯૦ના ખર્ચે અંદાજીત ૧૩૭૨૯ ચો.મી. વિસ્તારમાં કુલ ૬૮૬૪૫ વૃક્ષો, મીયાવાકી પધ્ધતિથી વૃક્ષારોપણ કરવામાં આવશે.

તો ઘનિષ્ઠ વૃક્ષારોપણમાં પરંપરાગત રીતે કરવામાં આવતી વૃક્ષારોપણની પધ્ધતિ છે. આ પધ્ધતિમાં સામાન્ય રીતે ૨મી●૨મી થી ૫મી●૫મી અંતરે વૃક્ષોનું વાવેતર જગ્યાની ઉપલબ્ધિ મુજબ તથા જરૂરીયાત મુજબ કરવામાં આવે છે. જે અંતર્ગત નારાયણનગર-કણકોટ રોડ, મવડી-મધુરેશ્વર મહાદેવ મંદિર સામે, ગ્રીન સીટી-૩ એન્જલ પાર્ક મેઈન રોડ, ક્રિષ્ના પાર્ક-રોયલ આલાપ રોડ, રૈયાધાર ૫૦-સ્ન્ઢ ઉૅ, કોઠારિયા-ગોકુલ પાર્ક તેમજ લાયન સફારી પાર્ક આસપાસની ખુલ્લી જગ્યામાં, સહિત ૭ સ્થળોએ કુલ ૨૩.૯૯ લાખના ખર્ચે અંદાજીત ૧૫૩૧૦ ચો.મી. વિસ્તારમાં ૩૭૪૯ વૃક્ષો, ઘનિષ્ઠ વૃક્ષારોપણ પધ્ધતિથી વૃક્ષારોપણ કરવામાં આવશે.આમ, કુલ મળી ૧૧ સ્થળોએ મીયાવાકી પદ્ધતિથી ૨૯૦૩૯ ચો.મી.માં વૃક્ષારોપણ અને ૧.૧૧ લાખ વૃક્ષોનું વાવેતર કરાશે તેમ ચેરમેને કહ્યું હતું.

વોર્ડ નં. ૧,૨,૩,૮ના વિસ્તારોમાંથી જનરેટ થતું સીવેજ વોટર ડ્રેનેજ નેટવર્ક મારફત નજીકના ડ્રેનેજ પમ્પીંગ સ્ટેશન પર ગ્રેવિટી મારફત આવે છે. આ સીવેજ વોટરને નાના પોપટપરા પમ્પીંગ સ્ટેશન અને ત્યાંથી પોપટપરા મેઈન પમ્પીંગ સ્ટેશન પરથી પમ્પીંગ કરી સદરહુ ૪૪.૫-સ્ન્ઢ્ઢ કેપેસિટી ધરાવતા માધાપર જી્ (સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ) પર લાવવામાં આવે છે જેનું કલોરીનેશન કરીને આજી-૨ ડેમમાં છોડવામાં આવે છે.

આ અગાઉનું કામ ફલો ડાયનેમીક કંપનીને નવી મશીનરી ફીટીંગ સાથે ત્રણ વર્ષનું ઓએન્ડએમ સાથે ૪૯.૫૦% વધુ ભાવ સાથે ૩,૫૨,૦૭,૨૫૦નું ખર્ચ મંજૂર થયેલ હતું. હવે ગ્લોબલ એન્વાયર્સને ૨.૭૦ કરોડના ખર્ચે ૨૫.૪૪% ઓછા ભાવથી આપવાનું એકંદરે ખર્ચ ૨,૦૧,૪૫,૫૯૯ થશે તેમ પણ પરેશ પીપળીયાએ જણાવ્યું હતું.

# કાયદેસરના કોન્ટ્રાકટના બીલ વાયરલ કરાવી મનપાની પ્રતિષ્ઠાને નુકસાન કરવાના પ્રયાસનો ધડાકો

## બીલ ફોડનાર કર્મચારીનું આઈપી એડ્રેસ તપાસમાં પકડાઈ ગયું : કડક કાર્યવાહી કરવા ઓડીટરને ભલામણ

રાજકોટ:મ્યુનિ. કોર્પોરેશન દ્વારા ગત ફેબ્રુઆરી મહિનામાં જંગલેશ્વરના ટીપી રોડ અને નદી પટ્ટમાંથી દોઢ હજાર જેટલા મકાનોના કરવામાં આવેલા ડિમોલીશન બાદ તેની પાછળ થયેલા ખર્ચની ચર્ચાઓ વધુ લાંબી ચાલી છે.

સ્ટે.કમીટીની મીટીંગમાં ૨૭ લાખનું ભોજન ખર્ચ નામંજૂર કરાયા બાદ આઈએએસ અધિકારીના વડપણ હેઠળ તપાસનો ધમધમાટ ચાલી રહ્યો છે ત્યારે આ સિવાયના કાયદેસર કરાર સાથેના અન્ય ખર્ચ આડેધડ થયાના આક્ષેપો ઉછળતા સમગ્ર તંત્રની આબરૂને ધકકો લાગ્યો છે. આ સંજોગોમાં આવા બીલની પ્રક્રિયા સાથે જોડાયેલા એક કર્મચારીએ જ પૂરી માહિતીના બદલે વિવાદી વિગતો લીક કરીને ઉછાળ્યાનું મનપાના અધિકારીઓની વહીવટી તપાસમાં બહાર આવ્યું છે. આથી આ વિભાગના વડાને કર્મચારી સામે કાર્યવાહી કરવાની ભલામણ કરતો પત્ર મોકલવામાં આવતા અધિકારી ગણમાં ફફડાટ મચી ગયો છે.

વિડીયોગ્રાફી, પાણી સહિતના અન્ય ખર્ચના પેમેન્ટ રેટ કોન્ટ્રાકટના આધારે કરવામાં આવ્યા છે. તેમાં હવે કંઇ ન થઇ શકે તેવું મનપા જાહેર કરી ચૂકી છે ત્યારે આ વિવાદ સળગ્યો કઇ રીતે તેની તપાસ કરવામાં આવતા આઈટી વિભાગના ધ્યાને ઓડીટ શાખાના કર્મચારીનું 'આઈપી એડ્રેસ' આવી જતા ઉંડી તપાસ કરવામાં આવી છે. મહાપાલિકાના સૌથી મોટા અને રાજ્ય સરકારે પણ જે કામગીરીનો શ્રેય લીધો હતો તે જંગલેશ્ર્વર ડિમોલીશનથી અનેક અસામાજીક પ્રવૃત્તિઓ પણ બંધ થયાની સૌએ નોંધ લીધી હતી. આ દરમ્યાન સ્ટે.કમીટીમાં પાંચ દિવસનો દૈનિક પાંચેક હજાર કર્મચારીઓના નાસ્તા-ભોજન સહિતની વ્યવસ્થા કરાતી હતી. હવે આ ડિમોલીશન કરતા તેના ખર્ચનો વિવાદ લાંબો થઇ ગયો છે. ચૂંટાયેલી બોડી અને વહીવટી તંત્ર આ ડખ્ખામાંથી જ નવરૂ પડયું નથી. અગાઉની મીટીંગમાં ૨૭ લાખનો ભોજન-નાસ્તાનો ખર્ચ ટેન્ડર વગર કરવામાં આવ્યો હોય, તેને શાસકોએ નામંજૂર કર્યો હતો. બીજી તરફ અડધો ડઝન અધિકારીની જુદા જુદા ખર્ચ અંગે તપાસ ચાલુ છે.

ભોજનના ખર્ચ બાદ વિડીયોગ્રાફી, પાણી સહિતનો મોટો ખર્ચ આડેધડ અને ઉંચા ભાવે કરાયાનો વિવાદ બહાર આવ્યો હતો. આ પ્રકરણ પણ ગાજયું હતું. પરંતુ અગાઉના વર્ષોમાં ટેન્ડરથી કરવામાં આવેલા વાર્ષિક રેટ કોન્ટ્રાકટ અને કરારના આધારે આ ખર્ચ કરાયાનું બહાર આવ્યું હતું. આમ છતાં તંત્રએ હવે રેટ કોન્ટ્રાકટમાં પણ વધુ પારદર્શકતા અને કરકસર કરવાનો ઈરાદો જાહેર કર્યો છે. છતાં થઇ ગયેલા ખર્ચમાં હવે કાયદેસર નિયમ મુજબ કંઇ થઇ ન શકે તેવું પણ સ્વીકાર્યુ હતું.

બીજી તરફ આ અન્ય ખર્ચના મોટા બીલ કઇ રીતે ગેરઈરાદા સાથે કોણે ફોડયા તે સવાલ કમિશ્નર, ડે. કમિશ્નર સહિતના અધિકારીઓના મનમાં આવ્યો હતો. કારણ કે તેનાથી કોર્પો.ની પ્રતિષ્ઠાને પણ નુકસાન થયાનું સૌને લાગ્યું છે. આ દરમ્યાન આઇટી વિભાગની ખાતાકીય ચકાસણીમાં ઓડીટ શાખાના એક કર્મચારીનું આઇપી એડ્રેસ બીલમાં દેખાઇ જતા તપાસ લાંબી થઇ હતી. વહીવટી પાંખથી આ તપાસનું નિશાન શાસકો હેઠળની ઓડિટ શાખા તરફ વળ્યું હતું. ઉપરોકત આઇપી એડ્રેસ એક કર્મચારીનું જ હોવાનું દેખાતા અને અધુરી તથા સત્ય હકીકતના બદલે માત્ર ખર્ચના મોટા આંકડા સાથેના બીલ ફોડી નાંખ્યાનું બહાર આવતા કમિશ્નરને જાણ કરવામાં આવી હતી.

# લોધાવાડ ચોક પાસે હરીયોગી લાઈવ પફની દુકાને બઘડાટી: માલીક અને મિત્ર પર હુમલો

## કાઉન્ટર પાસે સિગારેટ પીવાની ના કહેતા પથ્થર અને સ્ટીલના ગ્લાસના ઘા માથામાં ઝીંકયા

રાજકોટ:લોધાવડ ચોક પાસે આવેલ હરીયોગી લાઈવ પફની દુકાને મોડી રાત્રીના માથાકૂટ થઈ હતી અને માલીક અને મિત્ર પર હિંચકારો હુમલો થતાં એ.ડિવિઝન પોલીસ મથકમાં ચાર શખ્સો સામે ગુનો નોંધાયો હતો. નાસ્તાની દુકાને કાઉન્ટર પર સિગરેટ પીવાની ના કહેતા આરોપીઓએ દુકાનદાર અને તેના મિત્રને ઢીકાપાટુનો માર મારી પથ્થર અને સ્ટીલના ગ્લાસનો ગામ માથામાં મારી દેતા બંનેને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

બનાવ અંગે ગોંડલ રોડ પર પી.ડી. માલવિયા કોલેજની બાજુમાં રામનગર શેરી નં.૧ માં રહેતા કરણ હરીશભાઈ ઉનડકટ (ઉ.વ.૩૦) નામના યુવાને નોંધાવેલી ફરિયાદમાં ચાર અજાણ્યા શખસોના નામ આપી જણાવ્યું હતું કે, તે ગોંડલ રોડ પર બેંક ઓફ ઈન્ડિયાની સામે લોધાવડ ચોકમાં તેના મિત્ર ગૌરવ રૂપારેલીયાની હરિયોગી લાઈવ પફ નામની નાસ્તાની દુકાનમાં કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે.

સોમવારે રાત્રીના ત્રણ વાગ્યે યુવાન તથા તેનો મિત્ર ગૌરવ દુકાને હતા ત્યારે એક સિલ્વર કલર જેવું એક્સેસ લઈ ચાર અજાણ્યા શખસો નાસ્તો કરવા માટે આવ્યા હતા. તેમણે બે મેગી ત્રણ પફ તેમજ કોલ્ડ્રીક્સ ઓર્ડર કર્યો હતો. ઓર્ડર મુજબ નાસ્તો આપ્યા બાદ બે શખસોએ નાસ્તો કરતા કરતા દુકાનના કાઉન્ટર પાસે આવી સિગારેટ પીવા માટે માચીસ માંગતા યુવાને દુકાન અંદર સિગારેટ પીવાની ના પાડતા બંને બોલાચાલી અને ગાળાગાળી કરવા લાગ્યા હતા. જેથી યુવાનનો મિત્ર ગૌરવ સમજાવવા માટે આવતા આ શખ્સો સાથેના બીજા બે અજાણ્યા શખ્સો પણ કાઉન્ટર પાસે આવી ઝઘડો કરવા લાગ્યા હતા. દરમિયાન યુવાનને થપ્પડ મારી દીધી હતી અને ઝપાઝપી થતા યુવાનને ઢીકાપાટુનો માર માર્યો હતો.

યુવકનો મિત્ર ગૌરવ છોડાવવા માટે આવતા તેને પણ ઢીકાપાટુનો માર માર્યો હતો. દરમિયાન એક શખ્સે દુકાનની બહારથી પથ્થર લાવી યુવાનને માથાના ભાગે મારી દેતા તેને લોહી નીકળવા લાગ્યું હતું તથા દુકાન બહાર પીવાના પાણીના જગ પર રાખેલ સ્ટીલનો ગ્લાસ લઈ આ ગ્લાસ વડે યુવાન તથા તેના મિત્ર ગૌરવને માથામાં માર્યો હતો. જેથી ગૌરવને પણ લોહી નીકળવા લાગ્યું હતું. બાદમાં આ શખ્સો નાસી ગયા હતાં.

ઝઘડો થયા બાદ ઈજાગ્રસ્ત બંને મિત્રોને ૧૦૮ મારફત સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. બાદમાં યુવાને આ અંગે ફરિયાદ નોંધાવતા એ.ડિવિઝન પોલીસે ચાર અજાણ્યા શખસો વિરુદ્ધ ગુનો નોંધી તેને પકડવા તજવીજ આદરી હતી.

# ભૂલથી ટ્રાન્સફર થયેલ રૂપીયા વેપારીએ ઉપાડી જુગારમાં હારી ગયો : દેણું ભરી દિધું

## ધંધાર્થીને ઓનલાઈન ટ્રાન્સફરમાં થયેલ ભૂલ ૫ લાખમાં પડી: સામેવાળાએ રોકડી કરી લીધી

રાજકોટ:યાજ્ઞિક રોડ પર સ્ટાર શોપીંગ સેન્ટરમાં પેઢી ધરાવતાં ધંધાર્થીએ ઓનલાઈન ટ્રાન્સફરમાં થયેલ ભૂલ ૫ લાખમાં પડી હતી. ભૂલથી ટ્રાન્સફર થયેલ રૂપીયા આરોપી વેપારીએ ઉપાડી જુગારમાં હારી ગયો હતો દેણું ભરી દિધું હતું. જે અંગે એ.ડિવિઝન પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે કાલાવડ રોડ પર પંડીત દિન દયાલ નગરમાં રહેતાં રાહુલ દિનેશચંદ્ર કોઠારી (ઉ.વ.૪૩) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે અભય વિપા સિરોડીયા (રહે.દેવગામ કુંકાવાવ) નું નામ આપતાં એ.ડિવિઝન પોલીસે ગુનો નોંધી કાર્યવાહી કરી હતી. વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તે ડો. યાજ્ઞિક રોડ પર સ્ટાર શોપીગ સેન્ટર શોપ નં ૯ માં ઓમ શાંતિ એન્ટરપ્રાઈઝ નામની ઓફીસ ધરાવી એરટેલ પેમેન્ટ બેન્કની સર્વીસ પ્રોવાઈડરનું કામ કાજ કરે છે.

તેઓ ધંધાના કામ સબબ મોબાઈલ ધારકની દુકાનો (ધંધાર્થી)ઓ પાસેથી સી.એમ.એસ. પેમેન્ટ તથા મની ટ્રાન્સફર અંગેનુ પેમેન્ટ લેવાનુ હોય છે. આ પેમેન્ટ કંપનીની એક્સીસ બેન્ક તથા પેઢીના એકાઉન્ટ જે કોટક બેંકમાં આવેલ છે, તેમાં કરવાનું હોય છે. ગઇ તા.૨૦/૦૫/૨૦૨૩ ના નવા ધંધા માટે બેંક એકાઉન્ટમાંથી રૂ.૫ લાખના કુલ ૩ આર.ટી.જી.એસ. VANZY ENTERPRISE ના એકાઉન્ટમાં કરવાના હતા. જે ઓફીસમાં કામ કરતા કિશોરભાઈ ચાવડાએ ભુલથી આ ટ્રાન્જેકશન એકાઉન્ટ નંબર ૧૬૩૪૦૨૦૦૦૦૦૦૦૬૪૦ માં જતા રહેલ હતા.



ત્યાર બાદ તા.૨૧/૦૫/૨૦૨૩ના રોજ VANZY ENTERPRISE ના પ્રોપરાઈટર યાસીનભાઈ વણઝારાનો ફોન આવેલ કે, તેઓને પેમેન્ટ મળેલ નથી. જેથી તેઓને જણાવેલ કે બેંકમાં તપાસ કરી તમને જાણ કરૂ છુ. ત્યારબાદ તા.૨૧/૦૫/૨૦૨૩ ના બેંકને જાણ કરેલ કે, પાર્ટીને પૈસા મળેલ નથી અને અમે ડીસ્યુટ રેઝ કરાવેલ હતો. ત્યારબાદ બેન્ક દ્વારા જાણ કરવામાં આવેલ કે, ચાર વર્કિંગ દિવસમાં તમને આ પૈસા પરત મળી જશે. ત્યાર બાદ તા.૨૬/૦૫ ના ફરીથી કોટક બેંકમાં આ બાબતે જાણ કરેલ કે હજુ સુધી અમોને અમારા પૈસા મળેલ નથી કે પાર્ટીને પણ પૈસા મળેલ નથી જેથી બેંક દ્વારા જણાવવામાં આવેલ કે ચેક કરાવીને તમને જાણ કરીશું.

ત્યાર બાદ બેંક દ્વારા જણાવવામાં આવેલ કે સામાવાળી પાર્ટીનું બેંક સ્ટેટમેન્ટ મોકલો જેથી VANZY ENTERPRISE ના પ્રોપરાઈટર યાસીનભાઈ વણઝારા પાસેથી બેંક સ્ટેટમેન્ટ લઇ બેંકને આપેલ ત્યારબાદ તા.૩૦/૦૫/૨૦૨૩ ના બેન્ક દ્વારા જાણ કરવામાં આવેલ કે, આ પેમેન્ટ અમારૂ ભુલથી અન્ય એકાઉન્ટમાં જતુ રહેલ છે. જેથી બેંક દ્વારા જણાવવામાં આવેલ ફોર્મેટ મુજબ રિક્વેસ્ટ બનાવીને આપેલ અને બેન્ક દ્વારા જણાવવામાં આવેલ કે, અમારૂ પેમેન્ટ અભય ફેશનના નામે પેઢી ધરાવતા એકાઉન્ટમાં જતુ રહેલ છે.

ત્યાર બાદ તપાસ કરતા એકાઉન્ટ અભયભાઇ વિભાભાઇ શીરોડીયાનુ હોવાનુ જાણવા મળેલ અને તેમા કોન્ટેક્ટ કરતા પૈસા ભુલથી તમારા એકાઉન્ટમા આવી ગયેલ છે, તો મારા પૈસા પરત આપવાનુ કહેતા તેઓએ જણાવેલ કે, તે પૈસા મારાથી ખર્ચ થઇ ગયેલ છે, હુ તમને થોડા દીવસ પછી પરત આપી દઇશ તેમ છતા છેલ્લા એકાદ મહીનાથી તેમને વારંવાર કહેવા છતા પૈસા પરત આપેલ નહી.

ત્યાર બાદ એ.ડીવીઝન પોલીસ સ્ટેશનમાં લેખીત અરજી આપેલ હતી. પોલીસ દ્વારા આ બાબતે તપાસ કરતા સદરહુ એકાઉન્ટ ધારક અભયભ શીરોડીયા (ભરવાડ ) મળી આવતા તેણે જણાવેલ કે, પોતાની માથે પૈસાનું દેણુ હોય જેથી તેણે આ પૈસા પોતાના ખાતામાંથી ઉપાડી લીધેલ અને પોતે પોતાના મિત્રો પાસેથી કટકે કટકે છેલ્લા ત્રણેક વર્ષમાં ઉછીના પૈસા લીધેલ હતા તે ચુકવી દીધેલ છે. તેમજ મુંબઇ ખાતે જુગારમાં હારી ગયેલનું જણાવેલ હતું.

સૌરાષ્ટ્ર આસપાસ

Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## આફતના સમયે તંત્રની સજ્જતા અને ભવિષ્યની દિશા

ગુજરાતમાં અનરાધાર વરસાદ વરસી રહ્યો છે ત્યારે ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને સરકારની સજ્જતા થી જાનમાલની સુરક્ષા વધી છે. ધોધમાર વરસાદ વરસતો હોય રસ્તા ધોવાયા હોય આમ છતાં બચાવને રાહતની કામગીરી સારી રીતે ચાલી રહી છે. કુદરતી આપત્તિને અટકાવી શકાતી નથી પરંતુ અગમચેતીના પગલાં લેવાથી જાનમાલનું નુકસાન ઓછું થાય છે તે હકીકત છે

ગુજરાતના મોટાભાગના વિસ્તારમાં ભારે વરસાદ વરસી રહ્યો છે. તેની સામે ડિઝાસ્ટર મેનેજમેન્ટ ટીમો, પોલીસ વિભાગ અને સ્થાનિક વહીવટી તંત્રએ જે તત્પરતા અને સાહસ દાખવ્યું છે, તે નિ:શંકપણે કાબિલેતારીફ છે. પાણીમાં ઘેરાયેલા હજારો નાગરિકોને રેસ્ક્યુ બોટ અને હેલિકોપ્ટર દ્વારા સલામત સ્થળોએ ખસેડવાનું શક્ય બન્યું છે કારણ કે રાષ્ટ્રીય અને રાજ્ય આપત્તિ પ્રતિસાદ દળો (એનડીઆરએફ-એસડીઆરએફ)એ ખૂબ જ ચપળતાથી કામ લીધું છે. જ્યાં પાણીનો ભરાવો વધુ હતો અને સામાન્ય વાહનો ચાલી શકતા ન હતા, ત્યાં લાઇફ જેકેટ પહેરેલા જવાનોએ સ્વિમિંગ કરીને પણ લોકોને બચાવ્યા છે. આ સમયે, સ્થાનિક માછીમારો અને યુવાન સ્વયંસેવકોએ પોતાની જાનના જોખમે જરૂરિયાતમંદ લોકો સુધી ખોરાક અને પાણી પહોંચાડ્યું છે, જે માનવીય સંસ્કારના અજોડ ઉદાહરણો છે. આવા બલિદાની સેવકોનું સ્મરણ અને આભાર વ્યક્ત કર્યા વિના આ લેખ અધૂરો છે, કારણ કે તેમણે જ કુદરતના કોપને ખાળવા માટે સૌથી મોટો ગઢ બનીને ઊભા રહેવાનું કામ કર્યું છે.જો કે, બચાવ કામગીરીમાં આટલી સફળતા છતાં, ભારે વરસાદને કારણે સામાન્ય લોકોની રોજિંદી જિંદગી તૂટીને વેરાઈ ગઈ છે. જિલ્લા કલેક્ટર અને મુખ્યમંત્રી કચેરી દ્વારા સ્થપાયેલા કંટ્રોલ રૂમ્સે આ કટોકટીમાં માહિતીનો મજબૂત સેતુ બનીને કામ કર્યું છે. દર કલાકે નદીઓના જળ સ્તર, ડેમના દ્વારની સ્થિતિ અને સ્થળાંતરના નકશા લોકો સુધી પહોંચાડવામાં આવી રહ્યા છે. આ અભિગમથી પૂર્વાગ્રહથી સાવચેત થવાનું ઘણું સહેલું બન્યું છે. શહેરી વિસ્તારોમાં ભરાયેલા પાણીને ખાલી કરાવવા માટે ડ્રેનેજ વિભાગે યુદ્ધસ્તરે પંપ ગોઠવી દીધા છે. આવી સજ્જતા ભૂતકાળની સરખામણીમાં ઘણી વધુ સુધરેલી છે. છતાં, કોઈ પણ વ્યવસ્થા ૧૦૦ ટકા ખામીરહિત ન હોઈ શકે, તેથી ગ્રામીણ સરહદી વિસ્તારોમાં જ્યાં સંચાર વ્યવસ્થા તૂટી ગઈ, ત્યાં પ્રારંભિક થોડા કલાકો દરમિયાન માહિતીના અભાવે લોકોને અસ્વસ્થતા સહન કરવી પડી. આ એક ખુલ્લા પાઠ તરીકે સ્વીકારી શકાય છે, કે ભવિષ્યમાં આવા કટોકટી સમયે સેટેલાઇટ ફોન કે વૈકલ્પિક સંદેશાવ્યવહારના સાધનો દૂરગામી ગામોમાં અગાઉથી પહોંચાડવા ખૂબ જ જરૂરી બની જાય છે.હવે, પૂરનું પાણી ઓસરે ત્યાં સુધીમાં સ્વાસ્થ્ય અને પુનર્વસનની દિશામાં જે પગલાં લેવાં જોઈએ, તે ખૂબ જ વ્યૂહાત્મક હોવાં જોઈએ. પાણી ભરાયેલા વિસ્તારોમાં ચેપી રોગો ફેલાય તે પહેલાં સ્વાસ્થ્ય વિભાગે મોબાઈલ મેડિકલ ટીમો ગોઠવી દેવી જોઈએ, સાથે જ પાણીને શુદ્ધ કરતી ગોળીઓ અને પ્રાથમિક સારવારની કિટનું વિશાળ વિતરણ શરૂ કરવું જોઈએ. વહીવટી તંત્રે આગામી સપ્તાહમાં રાહત શિબિરોમાં ખોરાક, પથારી અને શૌચાલયની સુવિધાઓ સાથે ભોજન અને બાળકો માટે દૂધનો પુરવઠો સુનિશ્ચિત કરવો ખૂબ જ અનિવાર્ય છે. સ્થાનિક ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓફિસોએ પૂરગ્રસ્ત લોકોના નુકસાનનો હિસાબ ઝડપથી લઈને, વળતરની રકમ સીધી બેંક ખાતામાં ટ્રાન્સફર કરવાની વ્યવસ્થા પણ કરવી જોઈએ, જેથી લોકોને ફરી ઊભા થવામાં મદદ મળે.

# ડીજી સેટનો અંત : ગ્રીન એનર્જીનો આરંભ

## હાઈડ્રોજન પ્રોડ્યુસીંગ સેલની નવી ટેક્નોલોજીએ ડિઝલ પાવર જનરેટરની ટેક્નોલોજીનો અંત લાવી દેશે ગુજરાતના ગૌરવરૂપ વડોદરાના વિખ્યાત ઉધ્યોગપતિની ક્રાંતિકાતી શોધ

આજના આધુનિક યુગમાં પર્યાવરણ સુરક્ષા અને ઊર્જાના વૈકલ્પિક સ્ત્રોતોની શોધ એ વૈશ્વિક સ્તરે સૌથી મોટો પડકાર છે. મોટેભાગે આવી વૈજ્ઞાનિક ક્રાંતિઓની ચર્ચા વૈશ્વિક પ્રયોગશાળાઓ કે સરકારી નીતિઓ પૂરતી મર્યાદિત રહેતી હોય છે, પરંતુ વાસ્તવિક પરિવર્તન ત્યારે જ આવે છે જ્યારે કોઈ દૂરંદેશી ઉદ્યોગસાહસિક નવી ટેક્નોલૉજી પર અડગ વિશ્વાસ મૂકીને જોખમ ઉઠાવવા તૈયાર થાય છે. વડોદરાના જાણીતા ઉદ્યોગપતિ કિરીટ વડાલિયાએ ભારતમાં સૌપ્રથમ વખત પિનાકિન HPFC (Hydrogen Producing Fuel Cell) ટેક્નોલૉજી અપનાવીને ઊર્જા ક્ષેત્રે એક નવો ઈતિહાસ રચી દીધો છે. આ સાહસ માત્ર એક વ્યાવસાયિક નિર્ણય નથી, પરંતુ ભારતના ઔદ્યોગિક ક્ષેત્રને પ્રદૂષણ મુક્ત અને આત્મનિર્ભર બનાવવાની દિશામાં એક ક્રાંતિકારી પગલું છે, જે આગામી સમયમાં દેશભરમાંથી પરંપરાગત ડીઝલ જનરેટરોનું અસ્તિત્વ મિટાવવાની અદ્ભુત ક્ષમતા ધરાવે છે.

શું છે પિનાકિન HPFC ટેક્નોલૉજી?

ચેન્નઈના ડૉ. કૌશિક પાલિચા દ્વારા સ્થાપિત Entity 2 Energy Stroage કંપની દ્વારા વિકસાવવામાં આવેલું પિનાકિન HPFC મશીન એ વિજ્ઞાન અને અદ્યતન એન્જિનિયરિંગનો અજોડ નમૂનો છે. સામાન્ય રીતે હાઈડ્રોજન ફ્યુઅલ સેલના નામથી લોકો પરિચિત હોય છે, પરંતુ આ

**પ્રાંસગિક**
સુરેશ ભટ્ટ

ટેક્નોલૉજી પરંપરાગત સિસ્ટમ કરતાં તદ્દન અલગ છે કારણ કે આમાં સૌથી મહત્વનો શબ્દ 'પ્રોડ્યુસિંગ' એટલે કે સ્વયં ઉત્પન્ન કરતું તત્વ છે. બજારમાં ઉપલબ્ધ અન્ય હાઈડ્રોજન આધારિત વાહનો કે સરકારી પ્રોજેક્ટ્સમાં હાઈડ્રોજન ગેસને બહારથી લાવીને ભારે દબાણ હેઠળ સંગ્રહિત કરવો પડે છે, જેના કારણે લૉજિસ્ટિક્સ, ટ્રાન્સપોર્ટેશન અને સુરક્ષાનો મોટો ખર્ચ અને જોખમ ઊભું થાય છે. જ્યારે પિનાકિન તેની પોતાની સંપૂર્ણ સીલ્ડ એટલે કે બંધ સિસ્ટમની અંદર જ જરૂરિયાત મુજબ હાઈડ્રોજન ઉત્પન્ન કરે છે.આ આખી પ્રક્રિયા કાર્બન કૅપ્ચર એન્ડ યુટિલાઈઝેશન (CCU) ના એન્જિનિયરિંગ સિદ્ધાંત પર કામ કરે છે. છેલ્લા એક દાયકાથી ભારે ઉદ્યોગોમાં આ સિદ્ધાંત શીખવવામાં આવતો હતો કે ગેસને હવામાં મુક્ત કરીને પ્રદૂષણ ફેલાવવાને બદલે તેને નિયંત્રિત રીતે બંધ રાખીને પુન: ઉપયોગમાં લેવો જોઈએ. ઈહૈઅ ૨ કંપનીએ આ જ વિચારધારાને કાર્બન ડાયોક્સાઈડને બદલે હાઈડ્રોજન પર સફળતાપૂર્વક લાગુ કરી દીધી છે. તેના પરિણામે એક એવું અદ્ભુત ઈલેક્ટ્રીસિટી જનરેટર તૈયાર થયું છે જેમાં તમામ આંતરિક પ્રક્રિયાઓ બૉક્સની અંદર જ પૂરી થઈ જાય છે. બાય-પ્રોડક્ટ તરીકે હવામાં કોઈ હાનિકારક ધુમાડો છોડવાને બદલે આ મશીનમાંથી માત્ર શુદ્ધ પાણી અથવા વરાળ જ બહાર નીકળે છે, જે પર્યાવરણને સહેજ પણ નુકસાન પહોંચાડતું નથી.

આ સ્વદેશી ટેક્નોલૉજીની વૈશ્વિક સફર અત્યંત રસપ્રદ અને પ્રેરણાદાયી રહી છે. પિનાકિન HPFCના સૌથી પહેલા ગ્રાહક ભારતની કોઈ સ્થાનિક કંપની નહીં, પરંતુ તાઈવાનની પ્રખ્યાત કંપની HIT Inc. હતી, જે વૈશ્વિક સ્તરે જાણીતી ફોક્સકોનની સપ્લાય ચેઇનનો એક મહત્વનો ભાગ છે. તાઈવાનની કંપનીએ આ સિસ્ટમની વ્યાવસાયિક ઉપયોગિતા અને ક્ષમતા જોઈને એકસાથે ૫૦૦ યુનિટ્સનો જંગી ઓર્ડર આપ્યો હતો. વિદેશી કંપની માટે આ એક પ્યોર બિઝનેસ અને સપ્લાય ચેઇન આધારિત વ્યવહારિક નિર્ણય હતો, પરંતુ ભારતમાં આ ટેક્નોલૉજીને લાવવા અને પ્રસ્થાપિત કરવા માટે એક મજબૂત ભારતીય દ્રષ્ટિકોણની જરૂર હતી જે વડોદરાના કિરીટ વડાલિયાએ પૂરો પાડ્યો છે.કિરીટભાઈ આ ટેક્નોલૉજીના ભારતમાં પ્રથમ એડોપ્ટર બન્યા છે. તેઓ ડૉ. પાલિચાના કૌશલ્યની સરાહના કરતા ગર્વથી જણાવે છે કે તેઓ પણ અંતે તો એક કચ્છી ગુજરાતી છે અને કશુંક શ્રેષ્ઠ અને અનોખું કરવું એ તેમના સ્વભાવમાં છે. તાઈવાનથી શરૂ થયેલી ઉત્પાદનની ફેક્ટરી લાઈનને જ્યારે ભારતમાં કિરીટભાઈ જેવા ઉદ્યોગસાહસિકનો સાથ મળ્યો, ત્યારે આ મેડ-ઇન-ઈન્ડિયા ઈનોવેશન માટે સ્થાનિક બજારના દ્વાર ખૂલી ગયા. તેમણે પ્રથમ તબક્કામાં પોતાની કંપની સ્ટીલ ઈન્ડિયા માટે ૧૫ યુનિટ્સનો ઓર્ડર આપીને આ સ્વદેશી ટેક્નોલૉજીને સ્થાપિત કરવાનું અને વૈશ્વિક મંચ પર પહોંચાડવાનું એક મોટું સામૂહિક મિશન હાથમાં લીધું છે.

જ્યારે કોઈ ઉદ્યોગપતિ લાખો-કરોડો રૂપિયાનું રોકાણ આવી તદ્દન નવી ટેક્નોલૉજી પર કરે છે, ત્યારે સામાન્ય રીતે લોકો નફા-નુકસાનના ગણિત માંડતા હોય છે. પરંતુ કિરીટ વડાલિયાના આ સાહસ પાછળનું સાચું કારણ કોઈ વ્યાપારિક સ્પ્રેડશીટમાં નથી, પણ તેમની પૌત્રીના ભવિષ્ય અને સામાજિક જવાબદારી સાથે જોડાયેલું છે. તેમનું દ્રઢપણે માનવું છે કે આપણે આજે જે પ્રકારના પર્યાવરણ અને ઊર્જા વ્યવસ્થાનું સર્જન કરીશું, એ જ આપણી આવનારી પેઢીને વારસામાં મળવાનું છે. પોતાની પૌત્રી અને દેશના તમામ બાળકોને ભવિષ્યમાં એક પ્રદૂષણ મુક્ત, સ્વચ્છ અને બહેતર દુનિયામાં શ્વાસ લેવા મળે તે સુનિશ્ચિત કરવાની જવાબદારી આપણી જ છે.આ જ ઉમદા વિચાર સાથે તેમણે આ પહેલમાં પોતાના નજીકના મિત્રો, કુટુંબીઓ અને ભારતની જાણીતી સોલાર ઈપીસી કંપનીઓના ઉચ્ચ અધિકારીઓને પણ જોડ્યા છે. તેઓ આ તમામ મહાનુભાવોને ચેન્નઈ સ્થિત પ્લાન્ટ ઑફિસ પર લઈ ગયા હતા અને ત્યાં પિનાકિન HPFCનું લાઈવ ડેમોન્સ્ટ્રેશન બતાવીને આ સિસ્ટમની વિશ્વસનીયતાનો પુરાવો આપ્યો હતો. એટલું જ નહીં, તેમણે ફેડરેશન ઑફ ગુજરાતી એસોસિએશન (FOGA, USA) દ્વારા આયોજિત આંતરરાષ્ટ્રીય કાર્યક્રમમાં પણ પિનાકિન HPFCનું પ્રતિનિધિત્વ કરીને વૈશ્વિક સમુદાય સમક્ષ એ વાત મજબૂતાઈથી રજૂ કરી હતી કે આ ખરા અર્થમાં 'મેક ઈન ઈન્ડિયા, મેડ ફોર વર્લ્ડ'નું શ્રેષ્ઠ ઉદાહરણ છે.

દેશની રાજધાની દિલ્હીમાં આ ટેક્નોલૉજીની સત્તાવાર ચર્ચાઓ શરૂ થઈ તે પહેલાં જ ગુજરાતનો સમૃદ્ધ ઔદ્યોગિક વિસ્તાર આ મશીનનું રિયલ-વર્લ્ડ ટેસ્ટિંગ ગ્રાઉન્ડ બની ચૂક્યો હતો. હાલમાં આ સિસ્ટમ મુખ્યત્વે ત્રણ મહત્વના ક્ષેત્રોમાં પોતાની અદભુત ક્ષમતા સાબિત કરી રહી છે. પ્રથમ ક્ષેત્ર કેપ્ટિવ પાવરનું છે, જ્યાં સ્ટીલ અને હેવી ફેબ્રિકેશન ઉદ્યોગોમાં વર્ષોથી વપરાતા અને પુષ્કળ પ્રદૂષણ ફેલાવતા પરંપરાગત ડીઝલ જનરેટરોના એક મજબૂત અને સ્વચ્છ વિકલ્પ તરીકે આ સિસ્ટમ ગોઠવાઈ ગઈ છે.

બીજું ક્ષેત્ર માઈક્રોગ્રિડ બેકઅપનું છે, જેમાં સોલર અને બેટરી આધારિત માઈક્રોગ્રિડ્સમાં ચોવીસ કલાક સતત વીજ પુરવઠો જાળવી રાખવા માટે આ સિસ્ટમ બેઝલોડ તરીકે કામ કરે છે. ત્રીજું અને અત્યંત મહત્વનું ક્ષેત્ર ઈલેક્ટ્રિક વાહનો એટલે કે ઈવી ફાસ્ટ ચાર્જિંગનું છે. પિનાકિન HPFC વાહનો માટે સીધો જ ડીસી પાવર સપ્લાય પૂરો પાડે છે, જેના કારણે સામાન્ય સિસ્ટમમાં થતા એસી-ટુ-ડીસી ઈન્વર્ટરના વધારાના સ્ટેજની જરૂર રહેતી નથી અને ઊર્જાનો બગાડ અટકે છે. આ વ્યવહારિક ઉપયોગિતાને કારણે જ દેશના અન્ય મોટા ઉદ્યોગો પણ હવે આ ટેક્નોલૉજી તરફ આકર્ષાયા છે.નવી અને કાર્યક્ષમ ટેક્નોલૉજી ક્યારેય લાંબો સમય સુધી લોકોની નજરથી છૂપી રહી શકતી નથી. ૨૨ જૂન, ૨૦૨૬ના રોજ ન્યુ એન્ડ રિન્યએબલ એનર્જી મિનિસ્ટ્રીના કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોશીએ નવી દિલ્હીમાં પોતાના સત્તાવાર નિવાસસ્થાને આ ટેક્નોલૉજીનું લાઈવ ડેમોન્સ્ટ્રેશન નિહાળ્યું હતું. આ પ્રદર્શનથી પ્રભાવિત થઈને મંત્રીશ્રીએ પોતાના સત્તાવાર સોશિયલ મીડિયા હેન્ડલ પરથી આ ઈનોવેશનની મુક્તકંઠે પ્રશંસા કરી હતી અને તેને દેશના ઊર્જા ભવિષ્ય માટે આશાસ્પદ ગણાવ્યું હતું. તેમણે મંત્રાલયના ઉચ્ચ અધિકારીઓને તાત્કાલિક સૂચના આપીને આ ટેક્નોલૉજીની કામગીરી અને દેશભરમાં તેના મોટા પાયે સ્કેલેબિલિટીનું સત્તાવાર મૂલ્યાંકન કરવા આદેશ આપ્યો હતો. પેટન્ટ અને પ્રોટોટાઈપના તબક્કામાંથી બહાર નીકળીને જ્યારે દેશનું ઊર્જા મંત્રાલય પોતે આ ટેક્નોલૉજીને અપનાવવા ઉત્સુક બને, ત્યારે તે આ પ્રોજેક્ટની બહુ મોટી વ્યાવસાયિક સફળતા સાબિત થાય છે.પિનાકિન HPFC ટેક્નોલૉજી આજના સમયનું એન્જિનિયરિંગ વંડર છે કારણ કે તે પ્રવર્તમાન ઊર્જા સ્ત્રોતોની તમામ મર્યાદાઓને સફળતાપૂર્વક તોડે છે. સોલર પાવર ફક્ત દિવસના સમયે જ કામ આપી શકે છે અને ડીઝલ જનરેટર સતત મોંઘા ઈંધણના સપ્લાય અને લૉજિસ્ટિક્સ પર નિર્ભર રહે છે. પિનાકિન આ બંને સમસ્યાઓનો અંત લાવે છે કારણ કે તે વર્ષના ૩૬૫ દિવસ અને ચોવીસે કલાક સતત બેઝલોડ પાવર આપવાની ક્ષમતા ધરાવે છે અને તેના માટે બહારથી ઈંધણ લાવવાની કોઈ જરૂર પડતી નથી.કંપનીના સત્તાવાર દાવા મુજબ, આ ટેક્નોલૉજી પોતાની શ્રેણીમાં દર મેગાવોટ દીઠ વિશ્વમાં સૌથી ઓછી જગ્યા એટલે કે ન્યૂનતમ ફૂટપ્રિન્ટ રોકે છે. જેમ આધુનિક ડેટા સેન્ટરોમાં ઓછી જગ્યામાં વધુ સર્વર ગોઠવવાનું મહત્વ હોય છે, તેમ જ અહીં ઓછી જમીન અને ઓછા સપોર્ટિવ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે વિશાળ માત્રામાં વીજ ઉત્પાદન શક્ય બને છે. ઈંધણ લાવવાની ઝંઝટ જ સંપૂર્ણપણે ખતમ થઈ જતી હોવાથી, એન્જિનિયરિંગની દૃષ્ટિએ આ સિસ્ટમ ઓટોમેટિકલી અત્યંત કિફાયતી, કાર્યક્ષમ અને લાંબા ગાળા માટે આર્થિક રીતે નફાકારક ઉકેલ બની જાય છે.આ પરિવર્તન માત્ર ડીઝલના સ્થાને નવો વિકલ્પ અપનાવવા પૂરતું સીમિત નથી, પરંતુ ઊર્જા વિશેની આપણી સમગ્ર વિચારસરણીને ધરમૂળથી બદલવા વિશેનું છે. પરંપરાગત ડીઝલ જનરેટરો સંપૂર્ણપણે ક્રૂડ ઓઈલની આંતરરાષ્ટ્રીય કિંમતો, રસ્તાઓની સ્થિતિ, વાહનવ્યવહારની અડચણો અને ઈંધણની સમયસર ઉપલબ્ધતા જેવા બાહ્ય લૉજિસ્ટિક્સ પરિબળો પર આધારિત હોય છે. જ્યારે પિનાકિન જેવી ક્લોઝ્ડ-લૂપ સિસ્ટમ, જે પોતે જ પોતાનું વર્કિંગ ફ્લુઈડ તૈયાર કરે છે, તે ઉદ્યોગોને બાહ્ય પરિબળોના પરાવલંબનમાંથી કાયમી મુક્તિ અપાવે છે.કિરીટ વડાલિયાના જણાવ્યા અનુસાર, અત્યાર સુધી ઉદ્યોગસાહસિકો સામે સવાલ એ રહેતો કે ડીઝલના kharch અને ઈંધણની ઉપલબ્ધતાના આધારે કેટલો મોટો પ્લાન્ટ સ્થાપી શકાય. પરંતુ જ્યારે ઈંધણની સપ્લાય ચેઈન જ આખા સમીકરણમાંથી બહાર નીકળી જાય છે, ત્યારે પ્રશ્ન પણ બદલાઈ જાય છે કે આપણને ખરેખર ફેક્ટરી ચલાવવા કેટલી ઊર્જાની જરૂર છે. આ નવો અભિગમ ભારતીય ઉદ્યોગોની કાર્યપદ્ધતિને નવી ઊંચાઈએ લઈ જશે.





વડોદરાથી શરૂ થયેલી આ સફર આગામી સમયમાં ગુજરાતના સુપ્રસિદ્ધ ધાર્મિક અને સાંસ્કૃતિક સ્થળો સુધી પહોંચવા માટે સજ્જ થઈ રહી છે. કિરીટ વડાલિયાના અવિરત પ્રયાસો અને દૂરંદેશીના પરિણામે ગુજરાત હવે દેશના પ્રથમ સ્મોલ મોડ્યુલર પાવર પ્લેટફોર્મ 'Rudra SMR-TAEPGR' નું હોસ્ટ બનવા જઈ રહ્યું છે. પ્રથમ તબક્કામાં વિશ્વપ્રસિદ્ધ સોમનાથ મંદિર ખાતે સુરક્ષિત થોરિયમ ટેક્નોલૉજી પર આધારિત આ અદ્યતન સિસ્ટમ સ્થાપિત કરવામાં આવશે. કંપનીના જણાવ્યા અનુસાર આ કોઈ પરંપરાગત ન્યુક્લિયર રિએક્ટર નથી, પરંતુ સંપૂર્ણપણે સુરક્ષિત ઈલેક્ટ્રોકેમિકલ પ્લેટફોર્મ છે જેમાં કોઈ એક્સક્લુઝન ઝોનની જરૂર પડતી નથી. આ ઉપરાંત, ગાંધીનગર સ્થિત અક્ષરધામ મંદિરમાં પણ પિનાકિન HPFC સિસ્ટમ લાગુ કરવાનું આયોજન ચાલી રહ્યું છે. આ સંદર્ભે તાજેતરમાં જ અમેરિકાના ઓરલેન્ડો ખાતે પૂજ્ય જ્ઞાનવત્સલ સ્વામી સાથે વ્યાપક અને હકારાત્મક ચર્ચાઓ પણ થઈ ચૂક્યો છે.

ઈતિહાસ યાદ રાખશે આ પ્રથમ સાહસિક ડગલું

કોઈપણ મોટી અને ક્રાંતિકારી ટેક્નોલૉજી ભલે ગમે તેટલી આધુનિક વૈજ્ઞાનિક લેબોરેટરીમાં જન્મ લેતી હોય, પરંતુ તેનું વાસ્તવિક ભવિષ્ય અને જમીની સફળતા હંમેશાં તે વ્યક્તિ પર નિર્ભર કરે છે જે તેના પર પ્રથમ વિશ્વાસ મૂકે છે. પિનાકિન HPFC માટે ભારતના નકશા પર એ અડગ વિશ્વાસ અને સાહસ વડોદરાના કિરીટ વડાલિયાએ દાખવ્યું છે. આ આખી પહેલ શુદ્ધ ભારતીય પેટન્ટ, ભારતમાં જ થયેલું સંશોધન, સ્વદેશી ફેક્ટરીમાં થયેલું ઉત્પાદન અને એક ગુજરાતી ઉદ્યોગસાહસિકના પોતાના મૂડીરોકાણ પર ઊભી થયેલી ગૌરવશાળી ગાથા છે.

આગામી વર્ષોમાં આ ટેક્નોલૉજી દેશ અને દુનિયામાં કેટલી વિસ્તરશે અને કેટલી મોટી વ્યાપારી સફળતા મેળવશે તેની ચર્ચાઓ ભવિષ્યમાં ચોક્કસ થતી રહેશે. પરંતુ ઈતિહાસના પાનાઓ પર એ વાસ્તવિકતા ક્યારેય નહીં બદલાય કે જ્યારે આખું ભારત આ ટેક્નોલૉજી પ્રત્યે અજાણ કે શંકામાં હતું, ત્યારે ગુજરાતની ધરતી પરથી એક ઉદ્યોગસાહસિકે પોતાની આગામી પેઢીના ઉજ્જવળ અને સ્વચ્છ ભવિષ્ય માટે આના પર પ્રથમ દાવ ખેલ્યો હતો. ટાયર-ટુ સિટી ગણાતા વડોદરામાંથી શરૂ થયેલી આ વૈશ્વિક ઊર્જા ક્રાંતિ ખરા અર્થમાં ભારતના ઔદ્યોગિક ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે અંકિત રહેશે.

# પીઓકેમાં વધતો વિદ્રોહ : અશાંતિના વાદળો અને ભારત માટેના સંકેતો

**પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીર, જેને સામાન્ય રીતે પીઓકે (Pakistan Occupied Kashmir) તરીકે ઓળખવામાં આવે છે, છેલ્લા કેટલાક સમયથી ફરી એકવાર આંતરરાષ્ટ્રીય ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. ત્યાં સ્થાનિક લોકો અને પાકિસ્તાની સુરક્ષા દળો વચ્ચે વધતી અથડામણો, વિરોધ પ્રદર્શનો અને હિંસક ઘટનાઓએ સમગ્ર વિસ્તારને અશાંત બનાવી દીધો છે. આ સ્થિતિ માત્ર કાયદો અને વ્યવસ્થાનો પ્રશ્ન નથી, પરંતુ તે લાંબા સમયથી ચાલી રહેલા રાજકીય અસંતોષ, આર્થિક અવગણના અને લોકશાહી અધિકારોના અભાવનું પરિણામ પણ છે. પીઓકેમાં ઉઠતા અસંતોષના અવાજો પાકિસ્તાનની આંતરિક નીતિઓ પર પણ ગંભીર પ્રશ્નો ઊભા કરે છે.**

પીઓકેનો ઈતિહાસ ભારતના વિભાજન સાથે જોડાયેલો છે. ૧૯૪૭માં જમ્મુ-કાશ્મીરના રાજા હરિસિંહે ભારત સાથે વિલયપત્ર પર હસ્તાક્ષર કર્યા બાદ સમગ્ર જમ્મુ-કાશ્મીર ભારતનો અભિન્ન ભાગ બન્યો. પરંતુ ત્યારબાદ પાકિસ્તાન તરફથી આવેલા કબાયલી હુમલાખોરો અને સૈન્યની મદદથી જમ્મુ-કાશ્મીરનો એક ભાગ પાકિસ્તાનના કબજામાં ગયો. ત્યારથી આ વિસ્તાર પાકિસ્તાનના નિયંત્રણમાં છે, પરંતુ ભારત તેને હંમેશાં પોતાના અભિન્ન પ્રદેશ તરીકે જ માને છે. ભારતની સંસદે પણ અનેક વખત સ્પષ્ટ કર્યું છે કે સમગ્ર જમ્મુ-કાશ્મીર, જેમાં પીઓકે અને ગિલગિટ-બાલ્ટિસ્તાનનો સમાવેશ થાય છે, ભારતનો અભિન્ન ભાગ છે.

ભૌગોલિક રીતે પીઓકે અત્યંત મહત્વનો વિસ્તાર છે. અહીંથી અનેક મહત્વપૂર્ણ નદીઓ પસાર થાય છે અને ચીન, પાકિસ્તાન તથા ભારત વચ્ચેનો વ્યૂહાત્મક સંપર્ક પણ આ વિસ્તાર સાથે જોડાયેલો છે. ચીન-પાકિસ્તાન આર્થિક કોરિડોર (CPEC)નો મહત્વનો ભાગ પણ આ વિસ્તારમાંથી પસાર થાય છે. તેથી પીઓકેનું મહત્વ માત્ર રાજકીય કે ઐતિહાસિક નથી, પરંતુ આર્થિક અને વ્યૂહાત્મક દૃષ્ટિએ પણ ખૂબ મોટું છે.

પીઓકેના લોકો વર્ષોથી વિકાસના અભાવ, બેરોજગારી, મોંઘવારી, વીજળીની અછત, આરોગ્ય અને શિક્ષણ જેવી મૂળભૂત સુવિધાઓના અભાવનો સામનો કરી રહ્યા છે. આ વિસ્તારમાં કુદરતી સંસાધનો હોવા છતાં સ્થાનિક લોકોને તેનો પૂરતો લાભ મળતો નથી. અનેક સ્થાનિક સંગઠનો અને નાગરિકોનો આરોપ રહ્યો છે કે અહીંના સંસાધનોનો ઉપયોગ તો થાય છે, પરંતુ વિકાસના ફળ લોકો સુધી પહોંચતા નથી. લોકશાહી અધિકારો મર્યાદિત હોવાના આક્ષેપો પણ વારંવાર થતા રહ્યા છે.

તાજેતરના મહિનાઓમાં પીઓકેમાં પરિસ્થિતિ વધુ તંગ બની છે. મોંઘવારી, વીજદરમાં વધારો, ઘઉંના ભાવ, બેરોજગારી અને પ્રશાસનની નીતિઓ સામે હજારો લોકો રસ્તા પર ઉતર્યા હતા. અનેક સ્થળોએ વિરોધ પ્રદર્શનો દરમિયાન સ્થાનિક લોકો અને પાકિસ્તાની સુરક્ષા દળો આમને-સામને આવી ગયા. કેટલીક જગ્યાએ પથ્થરમારો, લાઠીચાર્જ, ગોળીબાર અને વાહનોને નુકસાન પહોંચાડવાના બનાવો પણ નોંધાયા. આ અથડામણોમાં લોકો ઘાયલ થયા અને કેટલાકના મૃત્યુ થયાના અહેવાલો પણ સામે આવ્યા. આ ઘટનાઓએ સમગ્ર વિસ્તારમાં ભય અને અનિશ્ચિતતાનું વાતાવરણ ઊભું કર્યું છે.

સ્થાનિક લોકોનું કહેવું છે કે તેમની માંગણીઓ રાજકીય નહીં પરંતુ જીવનજરૂરિયાતો સાથે જોડાયેલી છે. તેઓ સસ્તી વીજળી, રોજગારી, ન્યાયસંગત ભાવ, પારદર્શક વહીવટ અને વધુ અધિકારોની માંગ કરી રહ્યા છે. બીજી

**આસપાસ ચોપાસ**
સુરેશ ભટ્ટ

તરફ પાકિસ્તાની સરકાર કાયદો અને વ્યવસ્થા જાળવવાની દલીલ સાથે વિરોધ પ્રદર્શનોને નિયંત્રિત કરવાનો પ્રયાસ કરી રહી છે. પરંતુ બળપ્રયોગથી અસંતોષ વધુ વધે છે તેવી ચિંતા અનેક વિશ્લેષકો વ્યક્ત કરી રહ્યા છે.

પીઓકેમાં હાલની સ્થિતિ ખૂબ જ સંવેદનશીલ કહી શકાય. લોકોમાં અસંતોષ હજુ પણ જોવા મળે છે અને સમયાંતરે વિરોધ પ્રદર્શનો ફરી શરૂ થવાની શક્યતા રહે છે. સુરક્ષા દળોની મોટી તૈનાતી વચ્ચે સામાન્ય લોકોનું જીવન પણ પ્રભાવિત થયું છે. વેપાર, પ્રવાસન અને દૈનિક જીવન પર પણ તેની અસર પડી રહી છે. રાજકીય અસ્થિરતા અને આર્થિક મુશ્કેલીઓ એકબીજાને વધુ ગંભીર બનાવે છે.

ભારત પીઓકે અંગે લાંબા સમયથી સ્પષ્ટ અને અડગ વલણ ધરાવે છે. ભારતનું કહેવું છે કે પીઓકે ભારતનો અભિન્ન ભાગ છે અને પાકિસ્તાનનો ત્યાંનો કબજો ગેરકાયદેસર છે. ભારત આંતરરાષ્ટ્રીય મંચો પર પણ આ મુદ્દો ઉઠાવતું રહ્યું છે. ભારતનો ભાર એ વાત પર રહ્યો છે કે પીઓકેના લોકોને વિકાસ, લોકશાહી અને માનવ અધિકારોનો સંપૂર્ણ લાભ મળવો જોઈએ. ભારત વારંવાર પાકિસ્તાનને આતંકવાદને પ્રોત્સાહન ન આપવા અને સરહદ પારથી થતી ઘૂસણખોરી રોકવાની અપીલ કરતું રહ્યું છે.

૨૦૧૯માં જમ્મુ-કાશ્મીરના પુનર્ગઠન બાદ ભારતે પોતાના વહીવટી નકશામાં પીઓકેને પણ જમ્મુ-કાશ્મીરના ભાગ તરીકે દર્શાવ્યું હતું. ત્યારથી ભારતનું વલણ વધુ સ્પષ્ટ બન્યું છે કે સમગ્ર પ્રદેશ પર તેનો કાનૂની દાવો યથાવત્ છે. ભારતીય નેતાઓ સમયાંતરે જાહેર નિવેદનોમાં પણ પીઓકેને ભારતનો અભિન્ન ભાગ ગણાવતા રહ્યા છે.




પીઓકેની હાલની અશાંતિ પાકિસ્તાન માટે માત્ર આંતરિક પડકાર નથી, પરંતુ તે તેના શાસન મોડેલ અંગે પણ પ્રશ્નો ઉભા કરે છે. જો લોકોની મૂળભૂત સમસ્યાઓનું સમયસર નિરાકરણ નહીં આવે તો અસંતોષ વધુ ઊંડો બની શકે છે. વિકાસ, રોજગારી, પારદર્શક વહીવટ અને લોકશાહી અધિકારો વિના લાંબા ગાળે શાંતિ જાળવવી મુશ્કેલ બની શકે છે.

આ સમગ્ર ઘટનાક્રમ માંથી એક મહત્વનો પાઠ મળે છે કે કોઈપણ પ્રદેશમાં સ્થિરતા માત્ર સુરક્ષા દળોના બળથી જ નહીં, પરંતુ લોકોના વિશ્વાસ, વિકાસ અને ન્યાયપૂર્ણ શાસનથી જ આવે છે. જ્યારે સામાન્ય નાગરિકોની સમસ્યાઓ લાંબા સમય સુધી અવગણાય છે ત્યારે અસંતોષ ધીમે ધીમે મોટા આંદોલનનું સ્વરૂપ ધારણ કરી શકે છે.

પીઓકેમાં ચાલી રહેલી પરિસ્થિતિ પર સમગ્ર વિશ્વની નજર છે. ભવિષ્યમાં ત્યાંની સ્થિતિ કઈ દિશામાં આગળ વધે છે તે પાકિસ્તાનની નીતિઓ, સ્થાનિક લોકોની માંગણીઓ અને પ્રાદેશિક રાજકીય પરિસ્થિતિ પર નિર્ભર રહેશે. ભારત માટે પણ આ વિસ્તાર ઐતિહાસિક, કાનૂની અને વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વનો હોવાથી તે આ ઘટનાઓ પર સતત નજર રાખી રહ્યું છે.

અંતે કહી શકાય કે પીઓકેમાં ઉદ્ભવેલો વિદ્રોહ માત્ર સ્થાનિક વિરોધ નથી, પરંતુ તે વર્ષોથી સંચિત થયેલા અસંતોષનું પ્રતિબિંબ છે. જો લોકોની વાજબી માંગણીઓને સંવાદ, વિકાસ અને લોકશાહી પ્રક્રિયા દ્વારા ઉકેલવાનો પ્રયાસ કરવામાં આવે તો જ સ્થાયી શાંતિનો માર્ગ મોકળો થઈ શકે. અન્યથા અશાંતિ અને અવિશ્વાસનું ચક્ર વધુ લાંબું ચાલવાની શક્યતા નકારી શકાય તેમ નથી.

# મેસ્સીએ ફિફા નોકઆઉટ મેચ રમવાના મિરોસ્લાવ ક્લોઝના ઓલ ટાઈમ રેકોર્ડની બરાબરી કરી



નવીદિલ્હી,

જ્યારે મેચ સરકી રહી હોય તેવું લાગતું હતું, ત્યારે લાયોનેલ મેસ્સી ફરી એકવાર તેની ટીમના તારણહાર તરીકે ઉભરી આવ્યો. આર્જેન્ટિનાએ અંતિમ ૧૧ મિનિટમાં એટલી શાનદાર રમત રમી કે ૨-૦થી પાછળ હોવા છતાં, તેઓ ૩-૨થી જીતી ગયા. મેસ્સીએ વર્તમાન વિશ્વ ચેમ્પિયન ટીમ માટે આ રોમાંચક વિજયમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી, બરાબરીનો ગોલ કર્યો હતો, જ્યારે એન્ઝો ફર્નાન્ડીઝે ઈજાના સમયમાં વિજેતા ગોલ કરીને ટીમને ક્વાર્ટર ફાઈનલમાં પહોંચાડી હતી. આ મેચમાં ભાગ લઈને, મેસ્સીએ ફિફા વર્લ્ડ કપ ઈતિહાસમાં સૌથી વધુ નોકઆઉટ મેચ રમવાના મિરોસ્લાવ ક્લોઝના ઓલ ટાઈમ રેકોર્ડની બરાબરી કરી હતી.

ફિફા વર્લ્ડ કપ ૨૦૨૬ ની આ મેચમાં, ઈજિપ્તે શરૂઆતથી જ આર્જેન્ટિના પર દબાણ જાળવી રાખ્યું હતું. યાસર ઈબ્રાહિમ અને મુસ્તફા ઝિકોના ગોલથી ઈજિપ્તને ૨-૦ ની લીડ મળી હતી, અને એવું લાગતું હતું કે મોટો અપસેટ નિકટવર્તી છે. જોકે, આર્જેન્ટિનાએ હાર માનવાનો ઈનકાર કર્યો હતો. ક્રિસ્ટિયન રોમેરોએ ૭૯મી મિનિટે પહેલો ગોલ કર્યો, જેનાથી વાપસીની આશા જાગી. ત્યારબાદ લિયોનેલ મેસ્સીએ ૮૩મી મિનિટે શાનદાર ગોલ કરીને મેચ ૨-૨ થી બરાબર કરી દીધી. આ વર્તમાન વર્લ્ડ કપમાં તેનો આઠમો અને વર્લ્ડ કપ ઈતિહાસમાં રેકોર્ડ ૨૧મો ગોલ હતો.

મેચ વધારાના સમય તરફ આગળ વધી રહી હોય તેવું લાગતું હતું, પરંતુ ઈજાના સમયમાં, એન્ઝો ફર્નાન્ડીઝે નિર્ણાયક ગોલ કરીને આર્જેન્ટિનાને ૩-૨ થી યાદગાર વિજય અપાવ્યો. અંતિમ વ્હિસલ વાગતાની સાથે જ મેસ્સી ભાવુક થઈ ગયો અને તેની આંખોમાં આંસુ આવી ગયા. મેસ્સી પાસે પહેલા હાફમાં ગોલ કરવાની સુવર્ણ તક હતી, પરંતુ તેનો પેનલ્ટી શોટ ઈજિપ્તના ગોલકીપર મુસ્તફા શોબેરે રોકી દીધો. વધુમાં, તેનો શાનદાર પ્રયાસ પણ એક વાર પોસ્ટ પર વાગ્યો.

આ જીત સાથે, આર્જેન્ટિનાએ ક્વાર્ટર ફાઈનલમાં સ્થાન મેળવ્યું છે, જ્યાં તેનો સામનો શનિવારે યુએસએના મિઝોરીના કેન્સાસ સિટીમાં સ્વિટ્ઝર્લૅન્ડ વિરુદ્ધ કોલંબિયા મેચના વિજેતા સામે થશે. ગત વિશ્વ ચેમ્પિયન આર્જેન્ટિના સતત બીજા વર્લ્ડ કપ જીતવાના લક્ષ્ય સાથે ટુર્નામેન્ટમાં પ્રવેશ કરશે. જો ટીમ આ સિદ્ધિ હાંસલ કરે છે, તો તે ૧૯૫૮ અને ૧૯૬૨ માં બ્રાઝિલ પછી સતત બે વર્લ્ડ કપ ટાઈટલ જીતનાર પ્રથમ ટીમ બનશે.

# આઈસીસી રેન્કમાં ઈશાન કિશન નંબર વન પર યથાવત : સૂર્યા ટોપ-૧૦માંથી બહાર



નવીદિલ્હી,

આઈસીસીએ ભારત વિરુદ્ધ ઈંગ્લેન્ડ ટી ૨૦ શ્રેણી પહેલા નવી ટી ૨૦ રેક્કિંગ જાહેર કરી છે. ભારતના સ્ટાર બેટ્સમેન ઈશાન કિશન નંબર વન પર યથાવત છે. તેનું રેટિંગ હવે વધીને ૮૯૭ થઈ ગયું છે. ૧ જુલાઈના રોજ ઈશાનનું રેટિંગ ૮૭૬ હતું, જે હવે વધારો છે. જોકે, થોડા દિવસ પહેલા જ તેનું રેટિંગ ૯૦૪ થી ઘટી ગયું છે.

આ દરમિયાન, બે ભારતીય બેટ્સમેન નંબર વન અને બીજા નંબર પર જોવા મળે છે. ઈશાન કિશન નંબર વન પર છે, અને અભિષેક શર્મા તેને નજીકથી અનુસરી રહ્યો છે. અભિષેક શર્માનું વર્તમાન રેક્કિંગ ૮૮૧ છે. આનો અર્થ એ થયો કે આ બે ટોચના બેટ્સમેન વચ્ચે ખૂબ જ ઓછો તફાવત છે. દરમિયાન, ઈંગ્લેન્ડનો જેકબ બેથેલ આઠમા નંબર પર પહોંચી ગયો છે. તેનું રેટિંગ હવે સાત સ્થાનના વધારા સાથે ૭૦૮ પર છે.ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન સૂર્યકુમાર યાદવ હાલમાં ટીમ ઈન્ડિયાની બહાર છે, અને આનાથી તેમના રેટિંગ પર અસર પડી રહી છે. સૂર્યા હવે ટોપ ૧૦માંથી બહાર થઈ ગયો છે અને ૧૩મા સ્થાને આવી ગયો છે. તે પાંચ સ્થાન ગુમાવી ચૂક્યો છે. તેમનું રેટિંગ હવે ૬૮૭ છે.

ભારત અને ઈંગ્લેન્ડ હાલમાં ટી ૨૦ શ્રેણી રમી રહ્યા છે. હજુ બે મેચ બાકી છે. શ્રેણીની ચોથી મેચ ૯ જુલાઈએ રમાશે, જ્યારે અંતિમ મેચ ૧૧ જુલાઈએ છે.

# ટી-૨૦ મેચમાં સૌથી વધુ વિકેટ લેનાર બોલરની યાદીમાં લેગ-સ્પિનર આદિલ રશીદ બીજા ક્રમે




નવીદિલ્હી,

હેરી બ્રુકની કેપ્ટનશીપ હેઠળ, ઈંગ્લેન્ડે ભારત સામે ઘરઆંગણે પાંચ મેચની ટી ૨૦ શ્રેણીની ત્રીજી મેચમાં એકતરફી ૧૨૫ રનથી જીત મેળવી, શ્રેણીમાં ૨-૦ની લીડ મેળવી. આ મેચમાં ઈંગ્લેન્ડની બેટિંગે શાનદાર પ્રદર્શન કર્યું હતું, પરંતુ તેમના બોલરોએ પણ શાનદાર પ્રદર્શન કર્યું હતું, જેમાં લેગ-સ્પિનર આદિલ રશીદનો પણ સમાવેશ થાય છે, જેણે ૨.૪ ઓવરમાં માત્ર ૧૪ રન આપીને બે વિકેટ લીધી હતી. આ સાથે, રાશિદ હવે ટી ૨૦ આંતરરાષ્ટ્રીય મેચોમાં સૌથી વધુ વિકેટ લેનારા બોલરોની યાદીમાં બીજા સ્થાને પહોંચી ગયો છે.

ઈંગ્લેન્ડના લેગ-સ્પિનર આદિલ રશીદને ૨૦ આંતરરાષ્ટ્રીય મેચોમાં મેચ વિજેતા બોલર માનવામાં આવે છે, જેણે પોતાની સ્પિન બોલિંગથી ઘણી મેચોમાં ટીમની જીતમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. ત્રીજી ટી ૨૦માં વરુણ ચક્રવર્તીને આઉટ કર્યા પછી, રાશિદે ઈશ સોઢીને પાછળ છોડી દીધો અને ટી ૨૦ આંતરરાષ્ટ્રીય મેચોમાં બીજા ક્રમે સૌથી વધુ વિકેટ લેનાર બોલર બન્યો. આદિલ રશીદ પાસે હવે ટી ૨૦ આંતરરાષ્ટ્રીય મેચોમાં કુલ ૧૬૬ વિકેટ છે, જ્યારે અફઘાનિસ્તાનનો સ્ટાર ખેલાડી રાશિદ ખાન ટી ૨૦ આંતરરાષ્ટ્રીય મેચોમાં ૧૯૩ વિકેટ સાથે યાદીમાં ટોચ પર છે.

ટી ૨૦ આંતરરાષ્ટ્રીય મેચોમાં સૌથી વધુ વિકેટ લેનારા બોલરો

રાશિદ ખાન (અફઘાનિસ્તાન) - ૧૯૩ વિકેટ

આદિલ રશીદ (ઈંગ્લેન્ડ) - ૧૬૬ વિકેટ

ઈશ સોઢી (ન્યુઝીલેન્ડ) - ૧૬૫ વિકેટ

ટિમ સાઉથી (ન્યુઝીલેન્ડ) - ૧૬૪ વિકેટ

વાનિંદુ હસરંગા (શ્રીલંકા) - ૧૬૧ વિકેટ

મુસ્તફિઝુર રહેમાન (બાંગ્લાદેશ) - ૧૬૦ વિકેટ

ઈંગ્લેન્ડે રન માર્જિનથી તેમનો ત્રીજો સૌથી મોટો વિજય નોંધાવ્યો.

# પ્રતિકા રાવલ લોર્ડ્સમાં ઈંગ્લેન્ડ સામેની ભારતની ઐતિહાસિક ટેસ્ટમાંથી બહાર




નવીદિલ્હી,

ભારતીય મહિલા ટીમ માટે ભારતનો ફટકો, ઓપનિંગ બેટ્સમેન પ્રતિકા રાવલને ઈંગ્લેન્ડની મહિલા ટીમ સામે લોર્ડ્સમાં રમાનારી આગામી એકમાત્ર ટેસ્ટમાંથી બહાર કરવામાં આવી છે, જે ક્રિકેટના ઘરઆંગણે રમાનારી પ્રથમ મહિલા ટીમમાં પ્રથમ વખત રમાશે. રાવલ પોતાની પહેલી ટેસ્ટ કેપમાં ઉમેરો કરવા માટે તૈયાર હતી, જે તેણે માર્ચમાં ઉછઝછ ખાતે ઓસ્ટ્રેલિયા સામે રમાયેલી ટેસ્ટ દરમિયાન મેળવી હતી.

જોકે, તાજેતરના એક આંચકાને કારણે તેણી લોર્ડ્સ ટેસ્ટમાંથી બહાર થઈ ગઈ છે, જેમાં પ્રિયા પુનિયાને ૧૦ થી ૧૩ જુલાઈ દરમિયાન રમાનારી એકમાત્ર મેચ માટે તેના સ્થાને ખેલાડી તરીકે નિયુક્ત કરવામાં આવી છે, કોચ અમોલ મુઝુમદારે બુધવાર, ૮ જુલાઈએ ખુલાસો કર્યો હતો. પ્રતિકાને ભારતની ૨૦ વર્લ્ડ કપ ટીમમાં પસંદ કરવામાં આવી ન હતી અને તેણીએ હજુ સુધી T20Iમાં ડેબ્યૂ કર્યું નથી, પરંતુ ઈંગ્લેન્ડમાં ભારત છ માટે ત્રણમાંથી બે વન-ડે મેચ રમ્યા બાદ તેણી લોર્ડ્સ ટેસ્ટમાં રમવાની આશા રાખતી હતી.ઓપનિંગ બેટ્સમેનને ૨૦૨૫ ના પ્રભાવશાળી મહિલા ર્ઢે વર્લ્ડ કપ દરમિયાન મોટી ઈજા થઈ હતી, જ્યારે તેણીને બાંગ્લાદેશ સામે ગ્રુપ સ્ટેજની રમત દરમિયાન પગની ઘૂંટી અને ઘૂંટણની ગંભીર ઈજા થઈ હતી. તેના કારણે તેણી બાકીના વર્લ્ડ કપમાંથી બહાર રહી, જે ભારતે જીત્યો અને ગ્લોબલ શોપીસમાં તેણીએ અગાઉની મેચોમાં કરેલા કાર્યો માટે વિજય ઉજવણીમાં તેણીનો ઉમેરો કર્યો. ઓપનિંગ બેટ્સમેન વિમેન્સ ઈન બ્લુ માટે બીજા ક્રમે સૌથી વધુ રન બનાવનાર ખેલાડી હતી, તેણે છ ઈનિંગ્સમાં ૩૦૮ રન બનાવ્યા હતા.

# જ્યારે કોઈ ઘરમાં ચોરી થાય છે ત્યારે લોકો ચોરને શાપ આપે છે, ઘરને નહીં : અભિનેતા અનુપમ ખેર

અયોધ્યા,

ફિલ્મ અભિનેતા અનુપમ ખેરે રામ મંદિર સંબંધિત તાજેતરની ચોરીની ઘટના પર પ્રતિક્રિયા આપતા કહ્યું કે મંદિરની ગરિમા અને ભક્તોની શ્રદ્ધા એક વ્યક્તિના ખોટા કામથી પ્રભાવિત થતી નથી. અયોધ્યામાં તેમની નવી ફિલ્મ, શ્રી રામ જન્મભૂમિનું શૂટિંગ શરૂ કરતા પહેલા હનુમાનગઢી અને રામ જન્મભૂમિની મુલાકાત લીધા પછી પત્રકારો સાથે વાત કરતા તેમણે કહ્યું કે જ્યારે કોઈ ઘરમાં ચોરી થાય છે, ત્યારે લોકો ચોરને શાપ આપે છે, ઘરને નહીં.

તેમણે કહ્યું કે રામ મંદિરની પ્રતિષ્ઠા, જેના માટે સદીઓથી સંઘર્ષ ચાલી રહ્યો છે, તે થોડા વ્યક્તિઓના ખોટા કાર્યોથી ઓછી થઈ શકતી નથી. ખોટું કરનારાઓ સામે કડક કાર્યવાહી થવી જોઈએ, પરંતુ મંદિર, ભગવાન શ્રી રામ અને સનાતન ધર્મને આ સાથે જોડવામાં ન આવે.

અનુપમ ખેર નવી ફિલ્મ શ્રી રામ ભૂમિનું શૂટિંગ શરૂ કરવા માટે ભગવાન રામના આશીર્વાદ લેવા



અયોધ્યાની મુલાકાતે છે

અનુપમ ખેરે કહ્યું કે દાન એ શ્રદ્ધા અને આસ્થાનો વિષય છે. કોઈપણ ઘટનાને કારણે લોકોની શ્રદ્ધા ડગમગવી ન જોઈએ. તેમણે કહ્યું કે તેમની નવી ફિલ્મ "શ્રી રામ જન્મભૂમિ" નું શૂટિંગ અયોધ્યામાં ૧૦ થી ૧૨ દિવસ માટે થશે અને તે ભગવાન શ્રી રામ અને હનુમાનના આશીર્વાદથી શરૂ થયું છે.

# દેશીગર્લ તરીકે જાણીતી ભોજપુરી ફિલ્મ ઈન્ડસ્ટ્રીની સ્ટાર એક્ટ્રેસ, હરિયાણવી ડાન્સર સપના ચૌધરીનો બોલ્ડ લૂક



મુંબઈ,

ભોજપુરી ફિલ્મ ઈન્ડસ્ટ્રીની સ્ટાર એક્ટ્રેસ, હરિયાણવી ડાન્સર સપના ચૌધરીનો નવો લૂક જોઈને ફેન્સ કોમેન્ટ કરવાથી રોકી નથી શકતા. દેશીગર્લ તરીકે જાણીતી સપના ચૌધરીનો બોલ્ડ લૂક સામે આવ્યો છે. ફેન્સ એના આ નવા લૂક પરથી પલક ઝપકાવતા નથી. પોતાના એક નવા ડ્રેસમાં એક્ટ્રેસે પોતાની એક તસવીર શૅર કરી છે. મોટાભાગના કેસમાં સૂટ, સાડી અને ટ્રેડિશનલ ઘાઘરા ચોલીમાં જોવા મળતી ડાન્સરનો બોલ્ડ લૂક સામે આવતા ફેન્સ ચોંકી ગયા હતા. કેટલાક ફેન્સની આંખ ચાર થઈ ગઈ હતી. ફેન્સ વારંવાર એની પ્રોફાઈલ જોઈ રહ્યા છે. એનો ગ્લેમરસ અંદાજથી અનેકને સરપ્રાઈઝ મળી હતી.

સપના ચૌધરીએ તેના નવા ફોટામાં ડાર્ક બ્લૂ ડ્રેસ પહેર્યો છે જેમાં સુંદર નેકલાઈન જોવા મળી રહી છે. હાઈ-સ્લિટ ડ્રેસમાં તેના ટોન્ડ લેગ ફ્લોન્ટ કર્યા અને અનેક અદભુત પોઝ આપ્યા. બોલ્ડ લુકમાં, સમુદ્રની વચ્ચે ક્રુઝ પર ચમકી ગઈ હતી અને સીડી પર બેસીને મસ્ત પોઝ આપ્યા હતા. સપના ચૌધરીના બોલ્ડ લૂકથી ચાહકો મોહિત થઈ ગયા છે. કેટલાક તેને બ્યુટી ક્વીન તરીકે બિરદાવી રહ્યા છે તો કેટલાક તેના ફોટા પર દિલ અને ફાયરવાળા ઈમોજી આપી રહ્યા છે. સપનાએ બધાના દિલ જીતી લીધા છે. સપનાના અંગત જીવનની વાત કરીએ તો, તેનું લગ્નજીવન મુશ્કેલ તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે. એક્ટ્રેસનો આરોપ છે કે, તેના પતિએ તેના પર અનેક વખત શારીરિક અત્યાચાર કર્યો છે અને જાહેર સ્થળોએ પણ અત્યાચાર ગુજાર્યો છે. પતિની હિંસાથી વ્યથિત થઈને, સપનાએ તેનું વૈવાહિક ઘર છોડી દીધું છે અને હવે તે તેના બાળકો સાથે તેના માતાપિતાના ઘરે રહેવા ગઈ છે.થોડા સમય પહેલા એક કાર્યક્રમનો વિડિયો વાયરલ થયો હતો. જેમાં તે ભોજપુરી ગીત 'તેરી આખ્યા કા વો કાજલ, મને કરે સે કોઈ ઘાયલ' પર સાથી ડાન્સર સાથે સ્ટેપ કરી રહી છે. આ વિડિયો સોશિયલ મીડિયા પર જોરશોરથી વાયરલ થઈ રહ્યો હતો.આ ગીતમાં તેણે વ્હાઈટ સાડી પહેરી હતી. કમરના સ્ટેપ જોઈને ફેન્સે દમદાર કોમેન્ટ કરી રહ્યા હતા. એના આ પર્ફોર્મન્સની અનેક રીલ્સ બની છે ફેન્સ આ રીલ્સને જોરશોરથી ફોરવર્ડ કરી રહ્યા છે. આ ડાન્સ જોયા બાદ લોકો તેને એક્સપ્રેસન ક્વિન ગણાવી રહ્યા છે. ફેસબુક પર વિડિયો સેક્શનમાં સપના ચૌધરી તેરી આખ્યા કા વિડિયો સૌથી વધુ સર્ચ થયેલો છે.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ર | ધ | ળ | ફ | ર | ભા | લ | સ | ર | બ | કી | ભો |
| ધ | ર | ર | ફ | અ | તી | ણે | દ | રો | ગ | બૂ | ર |
| ર | જ | ર | ક | ઊ | ગ | વા | ર | સા | ગી | ર | લ |
| ર | આ | મ | ર | જ | ળ | મ | ગં | કુ | ક | અ | રી |
| પ્રા | મા | ણિ | ક | બિ | ર | ઉ | પ્ર | ગ | ઉ | ગ | રી |
| ર | ક | બ | બા | ણા | આ | સા | ર | ર | ચી | ળ | બ |
| ચી | અ | ર | દ | સ | દ | ધ | બિ | ર | પ્ર | ભ | રા |
| મા | સ | હિ | બા | ફ | મ | ળ | લ | મા | મ | ક્ષ | બ |
| ગી | ભા | ક્રો | કી | ર | હિ | જ્ઞા | દ | રો | આ | ર | ર |
| વ | ર | અઃ | ઈ | ક | મા | ર | ગં | જ્ઞા | હા | વ | ગ |
| બિ | રા | શિ | ણિ | ર | ક | અ | આ | અં | લ | લ | દ |
| ત | ગી | આ | બિ | આ | દ | રી | ર | લા | ન | લા | ધ |

શબ્દ શોધો: **પ્રમાદ, પ્રસાદ, પ્રામાણિક, ફરજ, બરાબર, બાદબાકી, ભમરો, ભાતીગળ, ભોરલ, મહિમા**

# કંગના રનૌતની ક્વીન-૨ વિવાદમાં : ફેન્ટમ સ્ટુડિયોએ બોમ્બે હાઈકોર્ટમાં જિયોસ્ટાર સામે કેસ દાખલ કર્યો

મુંબઈ,

ક્વીન ૨: કંગના રનૌતની આગામી ફિલ્મ 'ક્વીન ૨' રિલીઝ પહેલા જ વિવાદમાં ફસાઈ ગઈ છે. હવે ફિલ્મ સામે ૨૫૦ કરોડનો મોટો દાવો દાખલ કરવામાં આવ્યો છે. વાસ્તવમાં, ૨૦૧૪ ની સુપરહિટ ફિલ્મ 'ક્વીન' નું નિર્માણ કરનારી કંપની ફેન્ટમ સ્ટુડિયોએ બોમ્બે હાઈકોર્ટમાં જિયોસ્ટાર સામે કેસ દાખલ કર્યો છે. તેમનો દાવો છે કે 'ક્વીન ૨' તેમની પરવાનગી વિના બનાવવામાં આવી રહી છે.

ફેન્ટમ સ્ટુડિયોનો દાવો છે કે ૨૦૧૪ માં 'ક્વીન' બનાવવામાં આવી ત્યારે એક કરાર થયો હતો. આ કરાર મુજબ, જો ભવિષ્યમાં આ ફિલ્મની સિક્વલ અથવા પ્રિકવલ બનાવવામાં આવે છે, તો બંને પક્ષો (ફેન્ટમ અને જિયોસ્ટાર) પાસે તેના પર ૫૦% અધિકારો હશે. પરંતુ ફેન્ટમ કહે છે કે તેમને 'ક્વીન ૨' બનાવવાની પરવાનગી આપવામાં આવી ન હતી. તેથી, તેમણે ફિલ્મની રિલીઝ અટકાવવા અને ૨૫૦ કરોડ રૂપિયાના દંડની માંગણી કરવા માટે કોર્ટમાં અપીલ કરી છે.

ફેન્ટમે એમ પણ કહ્યું કે તેઓ ગયા વર્ષે મે મહિનાથી વારંવાર જિયોસ્ટારનો સંપર્ક કરવાનો પ્રયાસ કરી રહ્યા



હતા, પરંતુ કોઈ જવાબ મળ્યો નહીં.જીયો સ્ટારના મતે, આ એક સંપૂર્ણપણે નવી અને અલગ વાર્તા છે જેનો ૨૦૧૪ ની ફિલ્મ 'ક્વીન' સાથે કોઈ સંબંધ નથી - ન તો વાર્તામાં કે ન તો પાત્રોમાં.તેમણે એમ પણ કહ્યું કે 'ક્વીન' એક સામાન્ય અંગ્રેજી શબ્દ છે અને કોઈને તેના પર વિશિષ્ટ અધિકારો હોઈ શકે નહીં. ૨૦૧૪માં રિલીઝ થયેલી 'ક્વીન'નું દિગ્દર્શન વિકાસ બહલ દ્વારા કરવામાં આવ્યું હતું અને તેનું લેખન અન્વિતા દત્ત દ્વારા કરવામાં આવ્યું હતું.

# ઋષભ શેટ્ટી ફરી બોક્સ ઓફિસ પર ધૂમ મચાવશે; 'કાંતારાઃ ચેપ્ટર ૨' પર કામ શરૂ



મુંબઈ,

કન્નડ સિનેમાના મશહૂર અભિનેતા અને દિગ્દર્શક ઋષભ શેટ્ટીની ફિલ્મ 'કાંતારાઃ ચેપ્ટર ૧' એ વર્ષ ૨૦૨૫માં થિયેટરોમાં રિલીઝ થઈને બોક્સ ઓફિસ પર ઈતિહાસ રચી દીધો હતો. વર્ષ ૨૦૨૨માં આવેલી બ્લોકબસ્ટર 'કાંતારા' ની આ ફ્રેન્ચાઈઝી ફિલ્મને દર્શકોનો અદ્ભુત પ્રતિસાદ મળ્યો હતો. આ ઐતિહાસિક સફળતા બાદ હવે ઋષભ શેટ્ટીએ આ લોકપ્રિય ફ્રેન્ચાઈઝીના આગામી ભાગ એટલે કે 'કાંતારાઃ ચેપ્ટર ૨' (Kantara: Chapter 2) ને લઈને એક સત્તાવાર અને મોટું અપડેટ શેર કર્યું છે.

એક તાજેતરના ઈન્ટરવ્યુમાં આ વાતની પુષ્ટિ કરતા ઋષભ શેટ્ટીએ જણાવ્યું કે, તેઓ આ ફ્રેન્ચાઈઝીના આગામી ભાગ પર કામ શરૂ કરી ચૂક્યા છે. તેમણે કહ્યું, "દિગ્દર્શન મારો પહેલો પ્રેમ છે અને હું તેના વિના શાંતિથી બેસી શકતો નથી. જ્યારે હું કેમેરાની પાછળ હોઉં છું ત્યારે મને માનસિક શાંતિ અને અસીમ આનંદ મળે છે." ઋષભે ખુલાસો કર્યો કે તેમની રાઈટર્સની ટીમ તેમની સાથે જોડાઈ ગઈ છે અને 'કાંતારાઃ ચેપ્ટર ૨' ની સ્ક્રિપ્ટ પર ખૂબ જ ઝડપથી કામ આગળ વધી રહ્યું છે.'કાંતારા' ફ્રેન્ચાઈઝી ઉપરાંત ઋષભ શેટ્ટી પાસે ઘણી મેગા બજેટ ફિલ્મો લાઈનમાં છે, જેમાં 'જય હનુમાન' અને 'ધ પ્રાઈડ ઓફ ભારતઃ છત્રપતિ શિવાજી મહારાજ' જેવી મોટી ફિલ્મો સામેલ છે. પોતાના બિઝી શિડ્યુલ અંગે વાત કરતા અભિનેતાએ સ્પષ્ટ કર્યું કે, તેઓ એક સમયે બે ફિલ્મોનું શૂટિંગ નહી કરે.

# સખી વન સ્ટોપ સેન્ટરની મહિલા સહાયની કામગીરીમાં રાજકોટ રાજયમાં બીજા સ્થાને

## ગંગાસ્વરૂપ મહિલા પેન્શન યોજનાનો લાભ વધુને વધુ યોગ્યતા ધરાવતી મહિલાઓને આપવા કલેકટરનો આદેશ

રાજકોટ,

રાજકોટ કલેકટર કચેરી ખાતે કલેકટર ડો. ઓમ પ્રકાશના અધ્યક્ષસ્થાને 'મિશન શક્તિ' યોજના અંતર્ગત જિલ્લા કક્ષાની દેખરેખ અને નિયંત્રણ સમિતિ તેમજ પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટર યોજનાની સમીક્ષા બેઠક યોજાઈ હતી.

મહિલા સુરક્ષા, સલામતી અને સશક્તિકરણ અર્થે જિલ્લા મહિલા અને બાળ વિભાગ અધિકારીની કચેરી દ્વારા વિવિધ યોજનાઓના અમલીકરણની સમીક્ષા કરતા કલેક્ટરએ યોગ્યતા ધરાવતા તમામ મહિલાઓને ગંગાસ્વરૂપા મહિલા પેન્શન યોજનાનો લાભ મળે તે સુનિશ્ચિત કરવા સૂચના આપી હતી.વધુમાં, ૧૮૧ અભયમ હેલ્પ લાઈન દ્વારા મહિલાઓને ઘરેલુ હિંસા સહિતની કામગીરીની સમીક્ષા કરતા કલેક્ટરએ ખાસ કરીને આત્મહત્યાના વિચાર કરતા મહિલાઓ સાથે સંવેદનશીલ અભિગમ સાથે કામગીરી કરવા જણાવ્યું હતું. સાથે જ મહિલાઓને આર્થિક રીતે મદદરૂપ બનતી યોજનાઓમાં બેંક દ્વારા અપાતી લોન તેમજ સબસીડીનો વધુને વધુ મહિલાઓને લાભ મળે તે માટે કામગીરી કરવા કલેક્ટરએ સંબંધિત વિભાગને સૂચના આપી હતી.

જિલ્લા મહિલા અને બાળ વિભાગના અધિકારી જનકસિંહ ગોહિલે આ તકે વિભાગ દ્વારા સરકારની "બેટી બચાઓ બેટી પઢાઓ", 'સખી' વન સ્ટોપ સેન્ટર, પોલીસ બેઈઝડ સપોર્ટ સેન્ટર, મહિલા સહાયતા કેન્દ્ર, ડીસ્ટ્રીકટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વુમન યોજના અંતર્ગત થઈ રહેલી કામગીરીની વિગતો રજૂ કરી હતી. રાજકોટ જિલ્લામાં વિભાગ દ્વારા આયોજિત ૮૧ જેટલા જનજાગૃતિ કાર્યક્રમોમાં આશરે ૪,૩૦૫ જેટલી મહિલાઓએ લાભ લીધો હોવાનંવ ગોહિલે જણાવ્યું હતું.

જયારે વર્ષ ૨૦૨૫-૨૬માં 'સખી' વન સ્ટોપ સેન્ટરની મહિલા સહાય કામગીરીમાં રાજકોટ ગુજરાતમાં બીજા ક્રમે તેમજ દેશમાં છઠ્ઠા ક્રમે આવ્યાનું ગોહિલે માહિતી આપતા જણાવ્યું હતું.આ તકે ૧૮૧ અભયમ હેલ્પ લાઈનના કો-ઓર્ડીનેટર તુષાર ભેરવાએ કહ્યું કે, રાજકોટમાં કુલ પાંચ મહિલા હેલ્પલાઈન વાન કાર્યરત છે. આ સેવા દ્વારા વર્ષ ૨૦૨૬માં કુલ ૧,૪૭૯ જેટલા અલગ અલગ કિસ્સામાં મહિલાઓને મદદ પહોચાડવામાં આવી છે.અત્રે ઉલ્લેખનીય છે કે, ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા મિશન શક્તિ યોજનાની નવી ગાઈડલાઈન અમલમાં મૂકવામાં આવી છે. 'મિશન શક્તિ' યોજના અંતર્ગત 'સંબલ' અને 'સામર્થ્ય' એમ બે પેટા યોજનાઓ અમલી છે. જેનો હેતુ મહિલા સુરક્ષા, સલામતી અને સશક્તિકરણને મજબૂત બનાવવાનો છે.

# રાજકોટમાં ચાર વર્ષનાં બાળકને શિક્ષિકા દ્વારા ડામ દેવાની ઘટના અતિનિંદનીય : રોહિત રાજપૂત

## આરોપી સામે કડક કાર્યવાહી અને બાળ સુરક્ષાનાં કડક નિયમો લાગુ કરવા કોંગ્રેસની માંગ



રાજકોટ,

રાજકોટ શહેરના પ્રદ્યુમ્નનગર પોલીસ સ્ટેશન વિસ્તારના રેલનગરમાં ટ્યુશન માટે ગયેલા માત્ર ૪ વર્ષ અને ૬ મહિનાના માસૂમ બાળકને અક્ષર ન લખતાં ટ્યુશન ચલાવતી મહિલાએ ગરમ તાવીથી ડામ આપ્યાની ઘટનામા કોંગ્રેસના વિદ્યાર્થીનેતા રોહિતસિંહ રાજપુતે જણાવ્યુ કે આ ઘટના સમાજને હચમચાવી નાખે તેવી છે. શિક્ષણના પવિત્ર ક્ષેત્રમાં આવી ક્રૂરતા કોઈપણ સંજોગોમાં ચલાવી શકાય નહીં.

રાજપુતે વધુમા કહ્યું કે બાળકોને શિક્ષણ આપવાનું કાર્ય વિશ્વાસ, પ્રેમ અને સંસ્કાર સાથે જોડાયેલું છે. પરંતુ શિક્ષણના નામે બાળક પર શારીરિક અત્યાચાર કરવામાં આવે તે અત્યંત નિંદનીય અને શરમજનક બાબત છે. કોંગ્રેસે કહ્યું કે પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે, જે આવકારદાયક છે, પરંતુ માત્ર ગુનો નોંધવાથી કામ નહીં ચાલે. સમગ્ર ઘટનાની ઝડપી તપાસ કરીને આરોપી સામે કડકમાં કડક કાર્યવાહી થવી જોઈએ.

રોહિતસિંહ વધુમાં જણાવ્યું કે આ ઘટના એકલદોકલ નથી. છેલ્લા કેટલાક સમયથી રાજ્યમાં ખાનગી કોચિંગ ક્લાસીસ અને શૈક્ષણિક સંસ્થાઓમાં બાળકોની સુરક્ષા અંગે ગંભીર પ્રશ્નો ઉભા થયા છે. જસદણના આલ્ફા વિદ્યાલયમાં મેનેજમેન્ટની બેદરકારીના કારણે બાળકીનું મોત, રાજકોટના હરિધવા રોડ પર આવેલા પટેલ ક્લાસીસમાં બાળકને પાઈપ વડે માર મારવાની ઘટના અને હવે આ બનાવ દર્શાવે છે કે ખાનગી કોચિંગ ક્લાસીસ પર અસરકારક નિયંત્રણનો ગંભીર અભાવ છે.

તેઓએ આક્ષેપો કરતા કહ્યું કે સરકારની ફાઈલો અભરાઈ પર ચડી ગઈ હોય તેમ હજુ સુધી કોઈ અસરકારક નિર્ણય લેવાયો નથી. બીજી તરફ ખાનગી કોચિંગ ક્લાસીસમાં બાળકો પર અત્યાચાર, આપઘાતના બનાવો, ફીની ઉઘાડી લૂંટ, બાળકોની સુરક્ષાનો અભાવ અને સંચાલકોની મનમાની જેવી ફરિયાદો સતત વધી રહી છે. રાજ્ય સરકારનું શિક્ષણ વિભાગ ખાનગી કોચિંગ ક્લાસીસ પ્રત્યે જરૂર કરતાં વધુ નરમ વલણ અપનાવી રહ્યું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.કોંગ્રેસની માંગણીઓ છે કે ખાનગી કોચિંગ ક્લાસીસ માટેની નીતિ તાત્કાલિક જાહેર કરવામાં આવે.તમામ કોચિંગ ક્લાસીસનું ફરજિયાત રજિસ્ટ્રેશન અને નિયમિત નિરીક્ષણ કરવામાં આવે. ફરજિયાત અમલમાં મૂકવામાં આવે.બાળકો પર અત્યાચાર કરનાર સંચાલકો સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે.ફી અને સંચાલન અંગે પારદર્શક વ્યવસ્થા ઉભી કરવામાં આવે.

# ગોંડલના રાજપીપળા ગામમાં ૧૦૮ની ટીમ બની દેવદૂતઃ નવજાત શિશુને નવજીવન આપ્યું



રાજકોટ,

જિલ્લાના ગોંડલ તાલુકાના રાજપીપળા ગામના વાડી વિસ્તારમાં ૧૦૮ ઈમરજન્સી સેવા ખરા અર્થમાં 'સંજીવની' સાબિત થઈ છે. ગત ૪ જુલાઈના રોજ સવારે ૧૧:૩૫ કલાકે દડવા હમીરપરાની ૧૦૮ ટીમને એક ઈમરજન્સી કોલ મળ્યો હતો. પાયલોટ લાલજીભાઈએ સમય સૂચકતા વાપરી કાચા અને દુર્ગમ રસ્તાઓ પરથી ગણતરીની મિનિટોમાં એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે પહોંચાડી દીધી હતી.

ત્યાં પહોંચતા જ ઈ.એમ.ટી. સુલય રાઠોડે જોયું કે માતા શશીબેનની ડિલિવરી થઈ ચૂકી હતી, પરંતુ નવજાત શિશુના શરીરમાં કોઈ હલનચલન નહોતું અને બાળક શ્વાસ લેતું ન હતું.

આવી ગંભીર સ્થિતિમાં પણ ૧૦૮ની ટીમે સહેજ પણ ગભરાયા વગર માતા અને શિશુને એમ્બ્યુલન્સમાં શિફ્ટ કર્યા હતા. ઈ.એમ.ટી. સુલય રાઠોડે ડો. યુવરાજના ટેલિફોનિક માર્ગદર્શન હેઠળ બાળકને બચાવવા માટે સતત સી.પી.આર. આપવાનું શરૂ કર્યું અને બી.વી.એમ. મશીનથી કૃત્રિમ શ્વાસોચ્છાસ આપ્યા. રસ્તા પર દોડતી એમ્બ્યુલન્સમાં આશરે અડધો કલાક સુધી ચાલેલી આ જિંદગીની જંગ રંગ લાવી હતી. બાળક અચાનક શ્વાસ લઈને રડવા માંડ્યું હતું, જેથી ૧૦૮ની ટીમ અને પરિવારોના જીવમાં જીવ આવ્યો હતો.

મેડિકલ હિસ્ટ્રી મુજબ માતાને ઝેરી કમળો હોવાથી બાળકની ડિલિવરી અત્યંત જોખમી હતી, અને આ પૂર્વે તેમના ત્રણ બાળકો જન્મ બાદ દમ તોડી ચૂક્યા હતા. ૧૦૮ની ટીમે માતા અને બાળક બંનેને ગોંડલની સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ સુરક્ષિત પહોંચાડ્યા હતા. હોસ્પિટલના બિછાને પોતાના ચોથા બાળકને જીવતું અને રડતું જોઈને શશીબેન અને પરિવાર ગદગદ થઈ ગયા હતા. પરિવારે રડતી આંખે ૧૦૮ની ટીમને સલામ કરતા કહ્યું કે, "તમે આજે અમારા માટે ભગવાન બનીને આવ્યા છો, આવું જ ભગીરથ કાર્ય કરતા રહો."

# જુનાગઢના જોષીપરામાં ફ્લેટમાંથી દાગીનાની ચોરી

જુનાગઢ,જુનાગઢ બી ડિવિઝન આજના જોષીપરા વિસ્તારમાં આવેલા એક એપાર્ટમેન્ટ માં બંધ બ્લોકમાંથી કોઈ અજાણી વ્યક્તિ ઘરમાં રાખેલ સોનાના જુદા જુદા દાગીના રૂપિયા ૬૦.૪૮ હજારના કોઈ ચોરી કરી લઈ ગઈ ગયાની ફરિયાદ નોંધાય છે.

ફરિયાદી નટવરલાલ જીવરાજભાઈ કાલાવડીયા ઉંમર (૫૫) રે, જોષીપરા માધવ પેલેસ એપાર્ટમેન્ટ બ્લોક નંબર ૫૦૩ માં પરિવાર સાથે રહેતા હોય તો તારીખ ૧૪/૬/૨૬ થી ૨૨/૨૬ દરમિયાન બહારગામ ગયેલ હોય ત્યારે કોઈ જાણવી ઘરની સીટી ના પલંગના ગાદલા નીચે પર્સમાં રાખેલા સોનાના જુદા જુદા દાગીના માં આઠ ગ્રામનો સોનાનો ચેન પેન્ડલ સાથે રૂપિયા ૪૪,૨૫૦, ૧૦ ગ્રામનું સોના નો એક તોલાનો ચે ચેન રૂ ૧૦,૨૯૮, સોનાની વીંટી રૂપિયા ૪૫૦૦, સોનાનો ઓમકાર રૂ ૧૦૦૦ સહિત કુલ રૂપિયા ૬૦,૦૪૮ ના મુદ્દા માલ ને કોઈ ઈસમ ચોરી કરી લઈ ગયાની ફરિયાદ નોંધાવતા પોલીસે ઈન્સ્પેક્ટર એમ . આર. ઝાલા એ તપાસ હાથ ધરી છે

# રાજકોટના આજી નદીના પટમાં મુકાયેલા બેરીયર પાસેથી વેલ - ગંદકી ઉપાડવા સઘન કામગીરી



રાજકોટ,

રાજકોટ આજી નદીના પટમાં આવેલ ઐતિહાસિક રામનાથ મહાદેવ મંદિર સુધી ગાંડી વેલ સહિતની ગંદકી પહોંચતી રોકવા મનપાએ ચુનારાવાડ પુલ હેઠળથી બેરીયર મુકવાનો પ્રયોગ કર્યો છે. આ બોર્ડરથી આવો કચરો મંદિર તરફના વિસ્તારમાં આવતો અટકયો છે.સાથોસાથ અટકેલો કચરો અને ગાંડી વેલ તત્કાલ સફાઇ થાય તેવા પ્રયાસો પણ તંત્રએ હાથ ધર્યા છે. મેયર ડો. નેહલ શુકલની સુચનાથી આ પ્રયોગમાં સોલીડ વેસ્ટ શાખા આગળ વધી છે. આ બેરીયર (બોર્ડર) પાસે રોકાઇ ગયેલી ગાંડી વેલ સહિતની ગંદકી જેસીબી સહિતના સાધનોથી તાબડતોબ સાફ કરવાનું કામ મેલેરીયા શાખાનો સ્ટાફની મદદથી ચાલી રહ્યુ છે.

# રાજકોટ વિવેકાનંદ યુથ ક્લબ દ્વારા વિદ્યાર્થી સત્કાર સમારંભ યોજાયો

રાજકોટ,

વિવેકાનંદ યુથ ક્લબ દ્વારા દર વર્ષે શૈક્ષણિક સત્રના પ્રારંભે શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક તથા ગ્રાન્ટેડ શાળાઓના વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે વિદ્યાર્થી સત્કાર સમારંભનું આયોજન કરવામાં આવે છે.

આ વર્ષના કાર્યક્રમ અંતર્ગત શિક્ષણ સમિતિ સંચાલિત શહેરના સદર વિસ્તારમાં આવેલી ઝવેરચંદ મેઘાણી પ્રાથમિક શાળા નં. ૮ તથા સરદારનગર મેઈન રોડ સ્થિત જે. જે. પાઠક પ્રાથમિક શાળા નં. ૧૯ના ધોરણ ૧થી ૮માં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે ઉત્તીર્ણ થયેલા કુલ ૪૮ તેજસ્વી તારલાઓનું વિદ્યાર્થી સત્કાર કરવામાં આવ્યું હતું.

# વેરાવળમાં જાહેરમાં જુગાર રમતા પાંચ ઝડપાયા

વેરાવળ, વેરાવળ પોલીસે તીન પતી રોન નામના જુગાર રમતા જુગારીઓને રોકડા રૂ.૧૦,૩૨૦ સાથે ઝડપી લઇ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. જુનાગઢ રેન્જ નાયબ પોલીસ મહાનિરીક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા, જીલ્લા પોલીસ અધિક્ષક જયદીપસિંહ જાડેજા, ઇન્ચાર્જ નાયબ પોલીસ અધિક્ષક એ.જી.જાદવ દ્વારા જીલ્લામાં કાયદો અને વ્યવસ્થા ની જાળવણી ના ભાગરૂપે જુગાર - પ્રોહિબિશન ની પ્રવૃતી નેસ્ત નાબુદ કરવા સુચના આપેલ જે અનુસંધાને સીટી પો.ઈન્સ. જે.એન.ગઢવી, સર્વેલન્સ સ્કોડ ઈન્ચાર્જ એ.એસ.આઇ નટુભા ભાભલુભા બસીયા, અજીતસિંહ ગાંડાભાઇ પરમાર, નરવણસિંહ કાકુભા ગોહીલ, રણજીતસિંહ પરબતભાઇ ડોડીયા, પો.હે.કો. મયુભાઇ વિક્રમભાઇ સોલંકી, પો.કો. વિનયસિંહ ગીગાભાઈ મોરી, દીપકભાઇ બાબુભાઇ અખીયા, મયુરભાઇ માંડાભાઇ ગોહીલ સહિત ના પેટ્રોલીંગ માં રહેલ તે દરમ્યાન બાતમી ના આધારે જૈન હોસ્પીટલ રોડ સટા બજાર ધાણી શેરી પાસે જાહેરમાં જુગાર રમતા દીપક કોટીયા નાઝીરઅલીઈ શેખ, મીતેશ ચાવડા, મિલન શેખ, કિતામ્બુલમૌલા શેખ ને રોકડ રકમ રૂ.૧૦,૩૨૦ સાથે ઝડપી જુગારધારા કલમ-૧૨ મુજબ ગુન્હો રજીસ્ટર કરી કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે.

# વેસ્ટર્ન રેલ્વે મજદૂર સંઘ દ્વારા રાજકોટ મનપા મેયર ડો.નેહલ શુક્લાનું સન્માન

રાજકોટ,

હિરેન મહેતા પ્રેસિડેન્ટ વેસ્ટર્ન રેલ્વે મજદૂ ર સંઘ ના જણાવ્યા મુજબ. રાજકોટના નવનિયુક્ત મેયર ડો.નેહલ શુક્લાનું વેસ્ટર્ન રેલવે મજદૂર સંઘ ના પ્રમુખ હિરેન મહેતા, ડીવીઝનલ સેક્રેટરી અવની ઓઝા , રેલ્વેની વિવિધ સ્પોર્ટ્સન જેવી કે ક્રિકેટ, બાસ્કેટબોલ, ટેબલ ટેનીસ, ફૂટ બોલ, લોન ટેનીસ, વોલીબોલ ની ટીમ ના ખેલાડીઓની ઉપસ્થિત સમગ્ર ટીમ દ્વારા ફૂલો ના હાર પહેરાવી તથા પુષ્પગુચ્છ આપી સમ્માન કરવામાં આવ્યું હતું. શ્રીમતી ડિમ્પલ મહેતા બિઝનેસ ડો નેહલ ભાઈ શુક્લાને પુષ્પગુચ્છ આપી સમ્માન કર્યું હતું. આ પ્રસંગે વેસ્ટર્ન રેલવે મજદૂર સંઘ દ્વારા મેયર શ્રી ડો નેહલ શુક્લાને હિરેન મહેતા ના હસ્તેં અને ટીમ સાથે મોમેન્ટોસપ્રદાન કરી શુભેછાઓ પાઠવવામાં આવી હતી.

જેમાં ઈન્ટરનેશનલ અમ્પાયર મનીષભાઈ મેહતા, ઈન્ટનરનેશનલ પ્લેયર જયનીલ મેહતા, સ્ટેટ કોચ કિરણ ભટ્ટ, ડિસ્ટ્રિક્ટ સેક્રેટરી હિરેન મહેતા, બાસ્કેટબોલ કોચ બિપિન વ્યાસ, પ્રકાશ પાણખાણીયા, શૈલેષ રાઠોડ, આઈ બી સરવૈયા, બેડમીંટન કોચ વિક્રમસિહ સરવૈયા, જયદીપસિહ, કૌશિક ચાવડા, ફુટબોલ કોચ મયુરસિહ, એચ પી સીંગ, અજય ભટ્ટ, ક્રિકેટ કોચ સેન્ડીલ, અતુલ કારિયા, પ્રતીક મેહતા, રણજી ટ્રોફી પ્લેયર સમર્થ વ્યાસ, લોન ટેનીસ કોચ જાસ્મિન ઓઝા, નેશનલ લોન ટેનીસ પ્લેયર અર્જુન ઓઝા, કાર્તિકેય ઓઝા વગેરે અને ટીમએ મેયર શ્રી ડો નેહલ ભાઈ શુક્લાનું સન્માન કર્યું હતું.

આ કાર્યક્રમને સફળ બનાવવા હિરેન મહેતાના માર્ગદર્શન હેઠળ અવની ઓઝાના નેતૃત્વમાં ઈકબાલ ભાઈ, શૈલેષ ભટ્ટ, હરદેવ સિંહ જાડેજા ,અભિષેક રંજન, જાસ્મિન ઓઝા, શૈલેષ રાઠોડ,કેતન ભટ્ટી ,રાજેન્દ્રસિંહ ગજેન્દ્રસિહ, જયેશ ડોડીયા વિવેકાનંદ,રામકૃષ્ણ, બિપિન વ્યાસ, પુષ્પા ડોડીયા, જ્યોતિ મેહતા, દયા રણોલીયાં વગેરેએ જહેમત ઉઠાવી હતી.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્ર ભવનના ૩ વિદ્યાર્થીઓ જીપીએસસીમાં ઝળક્યા



રાજકોટ,

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા રાજ્યની પ્રાદેશિક ફોરેન્સિક વિજ્ઞાન પ્રયોગશાળાઓ માટે સાયન્ટિફિક ઓફિસર (ફિઝિક્સ) વર્ગ-૨ની જગ્યાઓ માટે યોજાયેલી ભરતી પ્રક્રિયામાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્ર ભવનના ત્રણ વિદ્યાર્થીઓએ નોંધપાત્ર સફળતા મેળવી છે. પસંદગી પામેલા ઉમેદવારોની નિમણૂક ગુજરાતની વિવિધ પ્રાદેશિક ફોરેન્સિક વિજ્ઞાન પ્રયોગશાળાઓમાં કરવામાં આવશે.

પસંદગી પામનારાઓમાં ડો. હિમાંશુ દધીચ, યુવરાજસિંહ ડોડિયા અને યુવરાજ ચંદુનો સમાવેશ થાય છે. ડો. હિમાંશુ દધીચે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી એમ.એસસી. તથા પીએચ.ડી. પૂર્ણ કરી છે, જ્યારે યુવરાજસિંહ ડોડિયા હાલમાં ભૌતિકશાસ્ત્ર ભવનમાં પીએચ.ડી. અભ્યાસ સાથે સંશોધન કાર્ય કરી રહ્યા છે. યુવરાજ ચંદુએ પણ ભૌતિકશાસ્ત્ર ભવનમાંથી એમ.એસસી.ની પદવી પ્રાપ્ત કરી છે.

ડો. હિમાંશુ દધીચે ડો. પિયુષ એસ. સોલંકીના માર્ગદર્શન હેઠળ " પીએચ.ડી. પૂર્ણ કરી છે. બીજી તરફ યુવરાજસિંહ ડોડિયા ડો. જે. એ. ભાલોડિયાના માર્ગદર્શન હેઠળ " સંશોધન કરી રહ્યા છે.બંનેના સંશોધન વિષયો આધુનિક મટીરિયલ્સ સાયન્સ અને કન્ડેન્સ્ડ મેટર ફિઝિક્સ જેવા મહત્વપૂર્ણ ક્ષેત્રો સાથે સંકળાયેલા હોવાથી તેમની મજબૂત વૈજ્ઞાનિક પૃષ્ઠભૂમિ સ્પષ્ટ થાય છે.

# રાજકોટમાં અંગદાતા વેદની સ્મૃતિમાં એક પરિવાર-એક વૃક્ષ અભિયાનમાં ૫૦ વૃક્ષોનું વાવેતર



રાજકોટ,

પર્યાવરણ સંરક્ષણ અને અંગદાન અંગે જનજાગૃતિના ઉમદા હેતુ સાથે 'એક પરિવાર એક વૃક્ષ' અભિયાન અંતર્ગત સ્વ. વેદ ભાવેશભાઇ ઝીંઝુવાડીયાની સ્મૃતિમાં ગત રવિવારે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમ્યાન કુલ ૫૦ વૃક્ષોનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

આ સાથે જ પર્યાવરણ જાગૃતિને પ્રોત્સાહન આપવા માટે નિઃશુલ્ક વૃક્ષોનું વિતરણ કરવામાં આવ્યું તેમજ બાળકોને બાયોડિગ્રેડેબલ સીડ પેન અને સીડ પેન્સીલનું વિતરણ કરીને પર્યાવરણ પ્રત્યેની જવાબદારીનો સંદેશ આપવામાં આવ્યો હતો.

ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશનના ડો. સંકલ્પ વણઝારા, ભાવનાબેન મંડલી, પ્રજાપતિ સમાજના આગેવાનો મનસુખભાઇ તલસાણીયા, મનુભાઇ ગોહિલ, પ્રમુખ નલીનભાઇ પરમાર, ઉપપ્રમુખ મનસુખ પાટડીયા, હિતેશભાઇ અજમેરા, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના રૈયાના સંઘ ચાલક દિલીપભાઇ ભટ્ટ સહિતના લોકો ઉપસ્થિતિ હતા.

# રાજકોટમાં ખેલાડીઓ માટે મવડી સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષમાં આધુનિક જીમ શરૂ થશે

## સ્ટે.ચેરમેન પરેશ પીપળીયાએ મુલાકાત લઈ ઝીણવટભરી માહિતી મેળવી



રાજકોટ,

રાજકોટ મહાનગર પાલિકા દ્વારા મવડી વિસ્તારમાં નિર્મિત તથા સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત અને કોર્પો.ની સંયુક્ત એસ.પી.વી. 'રાજકોટ સ્પોર્ટ્સ પ્રમોશન ફાઉન્ડેશન' સંચાલિત 'શ્રી અટલ બિહારી વાજપેયી સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ'ની ગઈકાલે સ્ટે. કમિટી ચેરમેન પરેશભાઈ પીપળીયા દ્વારા મુલાકાત લેવામાં આવી હતી. આ જગ્યાએ તુરંતમાં જીમ શરૂ થવાનું હોય, ચેરમેને તેની પણ માહિતી મેળવી હતી.

આ મુલાકાત દરમિયાન તેઓએ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ખાતે ઉપલબ્ધ જુદી જુદી રમતગમતની અદ્યતન સુવિધાઓનું પ્રત્યક્ષ નિરીક્ષણ કર્યું હતું, તેમજ ત્યાંની રમત વિષયક પ્રવૃત્તિઓ અંગેની ઝીણવટભરી માહિતી મેળવીને વ્યવસ્થાઓને વધુ સુદ્રઢ બનાવવા માટે જરૂરી સૂચનો આપ્યા હતા. આ સાથે જ તેમણે રાજકોટના ખેલાડીઓ અને નાગરિકોને આ વૈશ્વિક કક્ષાના સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો મહત્તમ લાભ લેવા માટે અનુરોધ કર્યો હતો.

આ મુલાકાત દરમિયાન રાજકોટ મહાનગરપાલિકાના આસી. કમિશનર હેડ ક્વાર્ટર વી. ડી. ઘોણીયા, રેસકોર્સ સંકુલના મેનેજર હિતેશ ભસોટિયા, આસી. એન્જી. (રોશની) લક્ષ્મણભાઈ પરમાર, તેમજ આર.એસ. પી.એફ. ના સી.ઓ.ઓ. રાજદીપસિંહ જાડેજા સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા અને ચેરમેનને સ્પોર્ટ્સ કોમ્પલેક્ષમાં ઉપલબ્ધ તમામ સુવિધાઓથી માહિતગાર કર્યા હતા.

શ્રી અટલ બિહારી વાજપેયી સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં ઈન્ટરનેશનલ સ્ટાન્ડર્ડ મુજબની ૮ ઈન્ડોર ગેમ્સ અને ૪ આઉટડોર ગેમ્સ માટેની અદ્યતન સુવિધાઓ ઊભી કરાઈ છે. સૌથી વિશેષ બાબત એ છે કે રમતવીરો અહીં દિવસ અને રાત (ડે-નાઈટ) બંને સમયે રમી શકે તે માટે ૧૦ હાઈમાસ્ટ લાઈટ્સની ભવ્ય વ્યવસ્થા ઉપલબ્ધ છે તેમ ચેરમેને જણાવ્યું હતું.

ઈન્ડોર ગેમ્સઃ બેડમિન્ટન (૧૦ કોર્ટ), ટેબલ ટેનિસ (૬ ટેબલ), સ્કવોશ (૨ કોર્ટ), ૧૦ મીટર શૂટિંગ રેન્જ, મલ્ટી વુડન કોર્ટ, જીમ અને યોગ સેન્ટર.

આઉટડોર ગેમ્સઃ સિન્થેટિક બાસ્કેટબોલ કોર્ટ, ક્લે વોલીબોલ કોર્ટ, ક્લે કબડ્ડી કોર્ટ અને સિન્થેટિક ટેનિસ કોર્ટ (૨ કોર્ટ). મવડી સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષની મુલાકાત દરમ્યાન સ્ટે.ચેરમેન પરેશ પીપળીયાએ શુટીંગ ગન પર હાથ અજમાવ્યો હતો અને નિશાન તાકયું હતું.

# ઈરાન પર હુમલો કર્યા બાદ અમેરિકી રાષ્ટ્રપતિનું યુદ્ધનું એલાન

## શાંતિ પ્રક્રિયા પૂરી થઈ, ઈરાન સાથેની વાતચીત સમય વેડફવા સમાન : ટ્રમ્પ



વોશિંગ્ટન/તેહરાન,
તુર્કીના અંકારામાં નાટો સમિટ ૨૦૨૬ માં એક મુખ્ય નિવેદનમાં, યુએસ રાષ્ટ્રપતિએ કહ્યું કે તેહરાન સાથે વાટાઘાટો "સમયનો બગાડ" છે.

વધતી જતી ગોળીબાર પછી, યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે (૮ જુલાઈ) જાહેર કર્યું કે ઈરાન સાથેનો વચગાળાનો યુદ્ધવિરામ 'ખતમ' થઈ ગયો છે, ઈરાની નેતૃત્વને 'બીમાર' ગણાવ્યું અને કહ્યું કે તે 'તેમની સાથે વ્યવહાર કરવામાં સમયનો બગાડ' છે. જોકે, યુએસ રાષ્ટ્રપતિએ કહ્યું કે તેઓ વાટાઘાટો ચાલુ રાખવા દેશે.

ઈરાન સાથે યુદ્ધવિરામની સ્થિતિ અંગે, ટ્રમ્પે કહ્યું, "મારા માટે, મને લાગે છે કે તે સમાપ્ત થઈ ગયું છે. હું હવે તેમની સાથે વ્યવહાર કરવા માંગતો નથી. તેઓ મેલ છે. તેઓ બીમાર લોકો દ્વારા સંચાલિત છે. હું અમારા વાટાઘાટકારો સાથે વાત કરીશ. તેઓ વાટાઘાટો કરવા માંગે છે - તેઓ સારા લોકો છે, પરંતુ તેઓએ મારી પાસે પાછા આવવું પડશે. જ્યાં સુધી મને ચિંતા છે, તે ફક્ત તેમની સાથે વ્યવહાર કરવામાં સમયનો બગાડ છે."

તેમણે તુર્કીના અંકારામાં બે દિવસીય નાટો સમિટ દરમિયાન અને ઈરાન પર હુમલો કર્યાના કલાકો પછી ટિપ્પણી કરી, જેને અમેરિકાએ હોર્મુઝ સ્ટ્રેટમાં ટેક્રરો પરના હુમલાનો બદલો ગણાવ્યો હતો. શિપિંગ પરના હુમલાઓએ સ્ટ્રેટમાં ઈંધણના શિપમેન્ટ ફરી શરૂ કરવાના પ્રયાસોને ધમકી આપી હતી, જે વૈશ્વિક અર્થતંત્ર માટે મહત્વપૂર્ણ છે.

ઈરાનીઓને "જૂઠા, છેતરપિંડી કરનારા અને બીમાર લોકો" તરીકે લેબલ કર્યા, જ્યારે પુષ્ટિ કરી કે અમેરિકન દળોએ રાત્રે ઈરાનમાં "ખૂબ જ ખતરનાક લોકો" ને નિશાન બનાવ્યા હતા.

"તેઓ જૂઠા છે, તેઓ છેતરપિંડી કરનારા છે, તેઓ બીમાર લોકો છે. તેઓએ તેમના લોકોને નુકસાન પહોંચાડ્યું છે. તેઓએ ૫૪,૦૦૦ લોકોને માર્યા - અત્યાર સુધી - જે વિરોધ કરી રહ્યા હતા. તમે જાણો છો, જ્યારે લોકો કહે છે કે તેઓએ કેવી રીતે કબજો મેળવ્યો નથી? તેઓ કબજો મેળવી શકતા નથી કારણ કે તેઓ મરી ગયા છે," ટ્રમ્પે કહ્યું.

"અમે ગઈકાલે રાત્રે ઈરાનના ખૂબ જ ખતરનાક લોકો પર ખૂબ જ શક્તિશાળી હુમલો કર્યો... તેમની સાથે કંઈક ખોટું છે. અમે કહીએ છીએ, 'જાઓ અને તમારા અંતિમ સંસ્કાર કરો', અને તેના બદલે, તેઓ ગઈકાલે જહાજો પર રોકેટ છોડવાનું શરૂ કરે છે. તેથી અમે ગઈકાલે રાત્રે તેમને ખૂબ જ સખત માર્યા," તેમણે ઉમેર્યું.

યુએસ લશ્કરના સેન્ટ્રલ કમાન્ડે જણાવ્યું હતું કે અમેરિકન દળોએ બુધવારે વહેલી સવારે હોર્મુઝ સ્ટ્રેટમાં ત્રણ વેપારી જહાજો પર હુમલો થયા બાદ ઈરાન સામે શ્રેણીબદ્ધ "શક્તિશાળી હુમલાઓ" શરૂ કર્યા હતા. તેણે કહ્યું હતું કે તેણે ઈરાની લક્ષ્યોને નિશાન બનાવ્યા હતા, જેમાં હવાઈ સંરક્ષણ પ્રણાલીઓ, રડારો અને ઈરાનના અર્ધલશ્કરી રિવોલ્યુશનરી ગાર્ડ દ્વારા ઉપયોગમાં લેવાતી ૬૦ થી વધુ નાની બોટનો સમાવેશ થાય છે.

ઈરાની રાજ્ય મીડિયાએ બંદર મહશહર સહિત અનેક સ્થળોએ વિસ્ફોટોના અહેવાલ આપ્યા હતા, જ્યાં એક ગાર્ડ સભ્યનું મોત થયું હતું. તેણે ઈરાનના પરમાણુ પાવર પ્લાન્ટ સંકુલના ઘર બુશેહર પર હુમલાઓનો પણ અહેવાલ આપ્યો હતો.

# મમતા બેનર્જી માટે મોટો ઝટકોઃ ઈડીએ ટીએમસી સાથે જોડાયેલા ત્રણ ખાતા ફ્રીઝ કર્યા

## કથિત શંકાસ્પદ વ્યવહારોની તપાસ કરવા માટે કોલકાતામાં અનેક સ્થળોએ દરોડા

કોલકતા,
પશ્ચિમ બંગાળના ભૂતપૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જીને મોટો ઝટકો લાગ્યો છે. ઈડીએ ટીએમસી સાથે જોડાયેલા ત્રણ ખાતા ફ્રીઝ કર્યા છે, જેમાં ૪૪૦ કરોડ રોકડા હતા. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) એ પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ આ કાર્યવાહી કરી હોવાના અહેવાલ છે. એજન્સીએ પાર્ટી એકાઉન્ટ્સ અને ચાર્ટર્ડ એરક્રાફ્ટ ખર્ચ દ્વારા કથિત શંકાસ્પદ વ્યવહારોની તપાસ કરવા માટે કોલકાતામાં અનેક સ્થળોએ દરોડા પાડ્યા હતા.

એમ્બ્રેર એરક્રાફ્ટ અને ઓગસ્ટાવેસ્ટલેન્ડ હેલિકોપ્ટર ખરીદવા માટે ટીએમસી બેંક ખાતાઓમાં કથિત હેરાફેરી કરવાના સંદર્ભમાં ઈડીએ ગઈકાલે કોલકાતામાં અનેક સ્થળોએ દરોડા પાડ્યા હતા. અધિકારીઓનું કહેવું છે કે કોલકાતામાં આશરે પાંચ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા, જેમાં કેરવેલ ગ્રુપ ઓફ કંપનીઝના લોકોનો પણ સમાવેશ થાય છે, જે કેરવેલ એવિએશન નામથી ખાનગી જેટ ભાડે આપે છે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, એજન્સીની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે એપ્રિલ ૨૦૨૩ થી જૂન ૨૦૨૬ વચ્ચે, ટીએમસીના બેંક ખાતાઓમાંથી કેરવેલ એવિએશન ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ અને તેના સહયોગી એકમના ખાતાઓમાં આશરે ૧૬૦ કરોડ ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ, કંપનીએ ૨૦૨૩ અને ૨૦૨૬ ની વચ્ચે ૮૨.૯૬ કરોડની બીજી મોટી રકમ એક નવી કંપનીના ખાતામાં ટ્રાન્સફર કરી. તપાસમાં એ પણ બહાર આવ્યું કે આ નોંધપાત્ર રકમમાંથી ૧૧૨ કરોડ (આશરે ૧.૧૨ બિલિયન)નો ઉપયોગ એમ્બ્રેર લેગસી ૬૦૦ કોર્પોરેટ એરક્રાફ્ટ અને અગસ્તાવેસ્ટલેન્ડ ૧૦૯ એસપી હેલિકોપ્ટર ખરીદવા માટે કરવામાં આવ્યો હતો. વધુમાં, વિદેશથી મળેલા ભંડોળનો ઉપયોગ હેલિકોપ્ટર ખરીદવા માટે પણ કરવામાં આવ્યો હતો.

# રાંચી આરએસએસ કાર્યાલય બોમ્બ હુમલા કેસમાં એનઆઈએના ૯ રાજ્યોમાં ૨૦ સ્થળોએ દરોડા

## દરોડા દરમિયાન ડિજિટલ ઉપકરણો, દસ્તાવેજો અને અન્ય સામગ્રીની તપાસ

અમદાવાદ,
રાંચીમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના કાર્યાલય પર થયેલા બોમ્બ હુમલાની તપાસ હવે વધુ તેજ બની છે. આ કેસમાં રાષ્ટ્રીય તપાસ એજન્સીએ દેશવ્યાપી કાર્યવાહી હાથ ધરી છે અને ગુજરાત સહિત ૯ રાજ્યોમાં કુલ ૨૦ સ્થળોએ એકસાથે દરોડા પાડ્યા છે. તપાસ એજન્સીના જણાવ્યા મુજબ, આ કાર્યવાહી હુમલા સાથે સંકળાયેલા સંભવિત નેટવર્ક, સંપર્કો અને અન્ય મહત્વના પુરાવા એકત્ર કરવા માટે કરવામાં આવી રહી છે. દરોડા દરમિયાન ડિજિટલ ઉપકરણો, દસ્તાવેજો અને અન્ય સામગ્રીની તપાસ કરવામાં આવી રહી છે. એનઆઈએ દ્વારા સૌથી વધુ કાર્યવાહી ઉત્તર પ્રદેશમાં કરવામાં આવી છે, જ્યાં પાંચ સ્થળોએ તપાસ ચાલી રહી છે. મહારાષ્ટ્રમાં ત્રણ અને દિલ્હીમાં બે સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા છે. ઉપરાંત ગુજરાત, બિહાર, રાજસ્થાન, કર્ણાટક, તેલંગાણા અને પશ્ચિમ બંગાળમાં એક-એક સ્થળે પણ તપાસ હાથ ધરવામાં આવી છે. આ સમગ્ર કાર્યવાહીમાં ગુજરાતનું નામ પણ સામે આવ્યું છે, કારણ કે રાજ્યમાં પણ એનઆઈએએ એક સ્થળે સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે. જોકે અધિકારીઓએ હજુ સુધી ગુજરાતમાં કયા શહેર અથવા સ્થળે કાર્યવાહી કરવામાં આવી તેની સત્તાવાર માહિતી જાહેર કરી નથી. તપાસના હિતમાં ઘણી વિગતો હાલ ગુપ્ત રાખવામાં આવી રહી છે.એનઆઈએના અધિકારીઓના જણાવ્યા અનુસાર, રાંચી આરએસએસ કાર્યાલય પર થયેલા બોમ્બ હુમલા પાછળના સમગ્ર નેટવર્કને ઉજાગર કરવા માટે તપાસ સતત આગળ વધી રહી છે.

# યુએસ લશ્કરી કાર્યવાહી માટે કોઈપણ સમર્થનને અમારા દ્વારા કાયદેસર લક્ષ્ય ગણવામાં આવશેઃ ઈરાન

## ઈરાન—અમેરિકા વચ્ચે ફરીવાર તણાવ વધતા યુએસ સમર્થક દેશોને ઈરાનની ચેતવણી



તેહરાન,
ઈરાને ચેતવણી આપી છે કે, યુદ્ધવિરામ કરાર છતાં તેહરાન અને વોશિંગ્ટન વચ્ચે તણાવ વધી રહ્યો હોવાથી, ઈરાન વિરુદ્ધ અમેરિકાના લશ્કરી કાર્યવાહીને ટેકો આપનાર કોઈપણ દેશ કે સંસ્થાને "કાયદેસર લક્ષ્ય" ગણવામાં આવશે.

અર્ધ-સત્તાવાર તસ્નીમ સમાચાર એજન્સી દ્વારા પ્રસારિત કરાયેલા એક નિવેદનમાં, ઈરાનના ખાતમ અલ-અંબિયા સેન્ટ્રલ હેડક્વાર્ટર, દેશની એકીકૃત લશ્કરી કમાન્ડે જણાવ્યું હતું કે ઈરાની પ્રદેશ પર હુમલામાં અમેરિકાને કોઈપણ સહાય લશ્કરી પ્રતિક્રિયાને આમંત્રણ આપશે.

"ઈરાનના ઈસ્લામિક રિપબ્લિકના સાર્વભૌમત્વ અને પ્રદેશ સામે આક્રમક યુએસ સેનાને કોઈપણ સમર્થન આપવાનું મૂળ સશસ્ત્ર દળો માટે કાયદેસર લક્ષ્ય હશે," નિવેદનમાં કહેવામાં આવ્યું છે.

ઈરાનના વિદેશ મંત્રાલયે ૮ જુલાઈની વહેલી સવારે દેશના દક્ષિણ કિનારા પર દેખરેખ અને દેખરેખ કેન્દ્રો પર યુનાઈટેડ સ્ટેટ્સ પર નવા લશ્કરી હુમલા કરવાનો આરોપ લગાવ્યાના થોડા કલાકો પછી આ ચેતવણી આપવામાં આવી છે.

આ હુમલાઓની નિંદા કરતા, મંત્રાલયે કહ્યું કે તેઓએ સંયુક્ત રાષ્ટ્ર ચાર્ટરની કલમ ૨(૪)નું ઉલ્લંઘન કર્યું છે અને દુશ્મનાવટને સમાપ્ત કરવાના હેતુથી સમજૂતી પત્ર (MoU)નો ભંગ કર્યો છે. "આ હુમલાઓ સંયુક્ત રાષ્ટ્રના ચાર્ટરની કલમ ૨(૪) નું સ્પષ્ટ ઉલ્લંઘન છે અને યુદ્ધ સમાપ્તિ પર સમજૂતી કરારની કલમ ૧ ના સ્પષ્ટ ઉલ્લંઘન સમાન છે, જે લશ્કરી કાર્યવાહી બંધ કરવાની જોગવાઈ કરે છે," મંત્રાલયે જણાવ્યું.

તેહરાને વોશિંગ્ટન પર ઈરાનના તેલ નિકાસ લાઈસન્સ રદ કરીને, હોર્મુઝ સ્ટ્રેટને સંચાલિત કરતી વ્યવસ્થાઓનું ઉલ્લંઘન કરીને અને લેબનોનમાં ઈઝરાયેલી લશ્કરી કાર્યવાહી તરીકે વર્ણવેલ સમર્થન ચાલુ રાખીને કરારની અન્ય મુખ્ય જોગવાઈઓને નબળી પાડવાનો પણ આરોપ મૂક્યો. "તણાવમાં આ વધારો થવાના ખતરનાક પરિણામોની જવાબદારી સંધિ ભંગ કરનાર યુએસ શાસનની છે," નિવેદનમાં ઉમેર્યું.

ઈરાને પડોશી ગલ્ફ દેશોને ઈસ્લામિક રિપબ્લિક સામે કામગીરી માટે તેમના પ્રદેશ અથવા લશ્કરી સુવિધાઓનો ઉપયોગ કરવાની મંજૂરી આપવા સામે વધુ ચેતવણી આપી. "ઈરાન સામે

# મહાદેવ બુક એપના સ્થાપક સૌરભ ચંદ્રાકરની ઓમાનમાં અટકાયત

ઓમાન,
૬,૦૦૦ કરોડના બહુચર્ચિત મહાદેવ ઓનલાઈન જુગાર સિન્ડિકેટના ભાગેડુ માસ્ટરમાઈન્ડ સૌરભ ચંદ્રાકરની ઓમાનમાં અટકાયત કરવામાં આવી છે, આ ઘટનાક્રમથી વાકેફ લોકોએ બુધવારે જણાવ્યું હતું કે, પ્રત્યાર્પણ વિનંતી મસ્કત મોકલવામાં આવી રહી છે.

તપાસ એજન્સીઓ ઔપચારિક માધ્યમો દ્વારા તેની ધરપકડની વિગતો મેળવવાનો પ્રયાસ કરી રહી છે, પરંતુ નામ ન આપવાની શરતે અધિકારીઓએ જણાવ્યું હતું કે ચંદ્રાકર, જેનું છેલ્લું સ્થાન યુએઈમાં હતું, તેને ભારતીય એજન્સીઓ દ્વારા જારી કરાયેલ ઈન્ટરપોલ નોટિસના આધારે રોયલ ઓમાન પોલીસે કસ્ટડીમાં લીધો હતો.

પ્રારંભિક માહિતી સૂચવે છે કે ચંદ્રાકર દક્ષિણપૂર્વ એશિયાઈ દેશમાંથી મેળવેલા નકલી પાસપોર્ટ પર ઓમાન જઈ રહ્યો હતો.

ભારત અને ઓમાન વચ્ચે પ્રત્યાર્પણ સંધિ છે અને નવી દિલ્હીના અધિકારીઓને આશા છે કે ૨૦૧૯ થી વોન્ટેડ ચંદ્રાકરને આખરે ભારત પરત મોકલવામાં આવશે.

અગાઉ, યુએઈમાં તેની પ્રત્યાર્પણ વિનંતીઓ ફળીભૂત થઈ શકી ન હતી, જોકે તેને ૨૦૨૪ માં દુબઈમાં એક વખત અટકાયતમાં લેવામાં આવ્યો હતો પરંતુ ત્યારબાદ તેને છોડી મૂકવામાં આવ્યો હતો.

સૌરભ ચંદ્રાકર, ૩૦ ના દાયકાની શરૂઆતમાં, સહ-સ્થાપક રવિ ઉપ્પલ સાથે મહાદેવ સટ્ટાબાજી સામ્રાજ્યની સ્થાપના કરી હતી. આ બંને ૨૦૧૯ માં કોઈક સમયે દુબઈ ભાગી ગયા હતા અને તેમનું નેટવર્ક હજુ પણ ત્યાંથી સટ્ટાબાજીની એપ્લિકેશનો, વેબસાઈટ્સ ચલાવે છે.

# તુર્કીને એફ-૩૫ સ્ટીલ્થ ફાઈટર જેટ વેચવાની સંભવિત યુએસ યોજનાથી ઈઝરાયેલ નારાજ

## તુર્કીને ફાઈટર જેટ પૂરા પાડવાથી દૂરોગામી પરિણામો આવવાની આપી ચેતવણી

તહેરાન,
ઈઝરાયલી પીએમ બેન્જામિન નેતન્યાહૂએ તુર્કીને એફ-૩૫ સ્ટીલ્થ ફાઈટર જેટ વેચવાની સંભવિત યુએસ યોજનાનો ખુલ્લેઆમ વિરોધ કર્યો છે. નેતન્યાહૂ માને છે કે આવા પગલાથી મધ્ય પૂર્વમાં શક્તિનું સંતુલન સંપૂર્ણપણે ખોરવાઈ જશે. નેતન્યાહૂએ એક મુલાકાતમાં જણાવ્યું હતું કે તેમણે ડોનાલ્ડ ટ્રમ્પને આ સોદાને મંજૂરી ન આપવા માટે વ્યક્તિગત રીતે અપીલ કરી હતી. આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે ડોનાલ્ડ ટ્રમ્પે સંકેત આપ્યો હતો કે તેઓ તેમના પ્રથમ કાર્યકાળ દરમિયાન તુર્કી પર લાદવામાં આવેલા પ્રતિબંધને હટાવવાનું વિચારી રહ્યા છે.

બેન્જામિન નેતન્યાહૂએ કહ્યું, "અમેરિકાના સૌથી અદ્યતન ફાઈટર જેટ, એફ-૩૫, તુર્કીને આપવાથી તે અમેરિકાનું સાથી બનશે નહીં." તુર્કીના રાષ્ટ્રપતિ રેસેપ તૈયપ એર્દોગનનો ઉલ્લેખ કરતા નેતન્યાહૂએ કહ્યું, "તુર્કીમાં મુસ્લિમ બ્રધરહુડની વિચારધારાથી પ્રભાવિત સરકાર છે અને તે અમેરિકાને નફરત કરે છે."

બેન્જામિન નેતન્યાહૂએ વધુમાં કહ્યું, "એર્દોગન અમેરિકા માટે બિલકુલ આદર્શ સાથી નથી. તે મારા દેશ, વિશ્વના એકમાત્ર યહૂદી રાષ્ટ્રનો નાશ કરવાની ધમકી આપે છે." નેતન્યાહૂએ ચેતવણી આપી હતી કે તુર્કીને એફ-૩૫ ફાઈટર જેટ પૂરા પાડવાથી દૂરગામી પરિણામો આવશે.

નેતન્યાહૂએ વધુમાં જણાવ્યું હતું કે, "તુર્કી એવી શક્તિ નથી જે શાંતિ અને સ્થિરતા સ્થાપિત કરી શકે. જો અમેરિકા તેમને આટલી બધી લશ્કરી શક્તિ આપે, તો તેઓ ફક્ત આક્રમકતા જ જોશે." ઈઝરાયલી પીએમએ એમ પણ કહ્યું હતું કે તેમણે ડોનાલ્ડ ટ્રમ્પને સીધી અપીલ કરી હતી કે તેઓ તુર્કીને એફ-૩૫ ફાઈટર જેટ ન વેચે, કારણ કે આમ કરવાથી મધ્ય પૂર્વમાં શક્તિનું સંતુલન ખલેલ પહોંચશે.

હકીકતમાં, નાટો સમિટમાં હાજરી આપવા માટે અંકારા પહોંચેલા ટ્રમ્પે કહ્યું, "અમારા તુર્કી સાથે સારા સંબંધો છે, અને ઘણી રીતે, તુર્કી અન્ય દેશો કરતાં વધુ વફાદાર રહ્યું છે જેમની પાસેથી અમે વફાદારીની અપેક્ષા રાખી હતી.

# શારજાહથી કરાચી જઈ રહેલું પાકિસ્તાની કાર્ગો વિમાન ગુમ : પાંચ ક્રૂ સભ્યો હતા સવાર

## અરબી સમુદ્રમાં શોધ અને બચાવ કામગીરી શરૂ કરવામાં આવી

લાહોર,
શારજાહ, યુએઈથી પાકિસ્તાનના કરાચી જતું પાકિસ્તાની કાર્ગો વિમાન મંગળવારે રાત્રે અચાનક ગાયબ થઈ ગયું. પાંચ ક્રૂ સભ્યો સવાર હતા. વિમાનનો રડાર અને એર ટ્રાફિક કંટ્રોલ સાથે સંપર્ક તૂટી ગયા બાદ, પાકિસ્તાન એરપોર્ટ ઓથોરિટીએ સમુદ્રમાં વિશાળ શોધ અને બચાવ કામગીરી શરૂ કરી.પીએએ અનુસાર,કે-૨ એરવેઝ બોઈંગ ૭૩૭ કાર્ગો પ્લેને મંગળવારે રાત્રે લગભગ ૯:૧૮ વાગ્યે તેની નેવિગેશન સિસ્ટમમાં ટેકનિકલ ખામીની જાણ કરી. આ પછી, કરાચી એસીસીએ તરત જ વિમાનને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું. અહેવાલ છે કે રાત્રે ૯:૨૨ વાગ્યે, વિમાન રડાર પર ઝડપથી નીચે ઉતરતું દેખાયું. આ સમય દરમિયાન, તેણે અચાનક તેની દિશા બદલી. થોડા સમય પછી, કરાચીથી પશ્ચિમમાં લગભગ ૧૫૫ નોટિકલ માઈલ દૂર વિમાન સાથે રડાર અને સંદેશાવ્યવહારનો સંપર્ક સંપૂર્ણપણે તૂટી ગયો. ઘટના પછી તરત જ, બચાવ સંકલન કેન્દ્ર સક્રિય કરવામાં આવ્યું, અને વિવિધ સરકારી એજન્સીઓની મદદથી, અરબી સમુદ્રમાં શોધ અને બચાવ કામગીરી શરૂ કરવામાં આવી.

વૈશ્વિક ફ્લાઈટ ટ્રેકિંગ સેવાના પ્રારંભિક ડેટા અનુસાર, વિમાન પહેલા ઊંચાઈ ગુમાવતું દેખાયું, પછી થોડા સમય માટે ચઢ્યું, પરંતુ પછી અચાનક ઝડપથી નીચે ઉતરવાનું શરૂ કર્યું.

# જૂના વાહનોનું માઈલેજ ઘટે કે ભાગોને નુકસાન થાય તો ગ્રાહકોને વળતર મળશે ?: અરવિંદ કેજરીવાલ

## કંપનીઓના જાહેર દાવાઓ અને તેમની સત્તાવાર સૂચનાઓ વચ્ચે વિરોધાભાસ : કેજરીવાલે ૨૯ ઓટોમોબાઈલ કંપનીઓને પત્ર લખ્યો



નવીદિલ્હી,
દેશમાં ઈ-૨૦ પેટ્રોલ અંગે ચર્ચા વધુ તીવ્ર બની છે. આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે જણાવ્યું હતું કે તેમણે ૨૯ ઓટોમોબાઈલ કંપનીઓને પત્ર લખીને પૂછ્યું છે કે શું તેઓ ગ્રાહકોને ઈ-૨૦ પેટ્રોલનો ઉપયોગ જૂના વાહનોના માઈલેજ ઘટાડે છે અથવા તેમના કોઈપણ ભાગને નુકસાન પહોંચાડે છે તો વળતર આપશે. નવી દિલ્હીમાં એક પત્રકાર પરિષદમાં, કેજરીવાલે જણાવ્યું હતું કે તેમણે તમામ ૨૯ ઓટોમેકર્સને પત્રો મોકલ્યા છે, અને મારુતિ, ટોયોટા અને હીરોને પણ અલગ અલગ પત્રો લખ્યા છે.

કેજરીવાલે નિર્દેશ કર્યો હતો કે મારુતિ, ટોયોટા અને હીરોએ અગાઉ એક સરકારી પત્રકાર પરિષદમાં દાવો કર્યો હતો કે ઈ-૨૦ પેટ્રોલથી જૂના વાહનોને કોઈ સમસ્યા નહીં થાય. આ કંપનીઓ દ્વારા જારી કરાયેલ માલિકના માર્ગદર્શિકામાં સ્પષ્ટપણે જણાવાયું છે કે જૂના વાહનોમાં ઈ-૧૦ (૧૦ ટકા ઈથેનોલ મિશ્રિત) કરતા વધુ ધરાવતા પેટ્રોલનો ઉપયોગ ન કરવો જોઈએ. આવી સ્થિતિમાં, કંપનીઓના જાહેર દાવાઓ અને તેમની સત્તાવાર સૂચનાઓ વચ્ચે વિરોધાભાસ દેખાય છે.

કેજરીવાલે જણાવ્યું કે તેમણે કંપનીઓને બે સીધા પ્રશ્નો પૂછ્યા છે. પહેલું, જો ઈ-૨૦ પેટ્રોલનો ઉપયોગ વાહનના માઈલેજને ૫ ટકાથી વધુ ઘટાડે છે અથવા કોઈપણ ઘટકને નુકસાન પહોંચાડે છે, તો શું કંપની તેની ભરપાઈ કરશે? બીજું, કંપનીઓએ સ્પષ્ટ કરવું જોઈએ કે શું ૨૦૨૩ પહેલા ઉત્પાદિત તેમના તમામ વાહનોમાં ઈ-૨૦ પેટ્રોલનો સુરક્ષિત રીતે ઉપયોગ કરી શકાય છે.

# યુએસ એજન્સીએ મોસ્ટ વોન્ટેડ ગેંગસ્ટર વિશે માહિતી આપનારને ૫૦,૦૦૦ ડોલર ઈનામની જાહેરાત કરી

## સિંહના કેલિફોર્નિયામાં સેક્રામેન્ટો અને ફ્રેસ્નો, તેમજ કેનેડા, ભારત અને મેક્સિકો સાથે સંબંધો હોવાનો એજન્સીનો દાવો

વોશિંગ્ટન,
યુએસ ફેડરલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (FBI) દ્વારા સતીન્દરજીત સિંહ ઉર્ફે ગોલ્ડી બ્રારની ધરપકડ તરફ દોરી જતી માહિતી માટે ૫૦,૦૦૦ ડોલર સુધીના ઈનામની જાહેરાત કરી છે, જે લોરેન્સ બિશ્નોઈ સંગઠિત ગુના જૂથમાં તેની કથિત ભૂમિકા માટે વોન્ટેડ છે.

FBI ઈ૫૦,૦૦૦ સુધીનું ઈનામ ઓફર કરે છે

ઠ૫ર એક પોસ્ટમાં, હ્વૈં એ જણાવ્યું હતું કે, "હ્વૈં સતીન્દરજીત સિંહની ધરપકડ તરફ દોરી જતી માહિતી માટે ઈ૫૦,૦૦૦ સુધીનું ઈનામ ઓફર કરે છે, જે લોરેન્સ બિશ્નોઈ સંગઠિત ગુના જૂથમાં તેની કથિત સંડોવણી માટે વોન્ટેડ છે, જે દક્ષિણ કેલિફોર્નિયા અને સમગ્ર યુનાઈટેડ સ્ટેટ્સ અને કેનેડામાં વિવિધ હિંસક કૃત્યોમાં સામેલ છે."

બ્રાર યુનાઈટેડ સ્ટેટ્સમાં રહે છે અને ઉત્તર અમેરિકામાં જૂથનો કથિત નેતા છે. "૧ જુલાઈ, ૨૦૨૬ ના રોજ, કેલિફોર્નિયાના લોસ એન્જલસમાં સેન્ટ્રલ ડિસ્ટ્રિક્ટ, કેલિફોર્નિયાના યુનાઈટેડ સ્ટેટ્સ ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં સિંહ માટે ફેડરલ ધરપકડ વોરંટ જારી કરવામાં આવ્યું હતું, કારણ કે તેમના પર રેકેટિયર પ્રભાવિત અને ભ્રષ્ટ સંગઠનોના કાવતરા; ગેરવસૂલી દ્વારા વાણિજ્યમાં દખલગીરી અને દખલગીરીનો પ્રયાસ કરવાનો કાવતરું; અને નિયંત્રિત પદાર્થોનું વિતરણ કરવાના ઈરાદા સાથે વિતરણ અને કબજો રાખવાનું કાવતરું ઘડવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો," ફેડરલ એજન્સીએ એક નિવેદનમાં જણાવ્યું હતું.

એજન્સીએ જણાવ્યું હતું કે સિંહના કેલિફોર્નિયામાં સેક્રામેન્ટો અને ફ્રેસ્નો, તેમજ કેનેડા, ભારત અને મેક્સિકો સાથે સંબંધો છે.

લોરેન્સ બિશ્નોઈ અને ગોલ્ડી બ્રાર પર નિજ્જરની હત્યાનો આરોપ

૧૮ જૂન, ૨૦૨૩ ના રોજ બ્રિટિશ કોલંબિયાના સરેમાં ખાલિસ્તાની અલગતાવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યાનું કથિત આયોજન કરવાનો આરોપ યુએસ ફેડરલ પ્રોસિક્યુટર્સે ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈ અને ગોલ્ડી બ્રાર પર લગાવ્યાના થોડા કલાકો પછી જ આ તાજેતરની ઘટના બની છે. યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસ અનુસાર, "ઓપરેશન હાર્ડ બોલ" ના ભાગ રૂપે ત્રણ ફેડરલ આરોપોમાં બિશ્નોઈ અને બ્રાર ૩૭ પ્રતિવાદીઓમાં સામેલ હતા, જે હિંસક ગુનાઓ, ખંડણી અને આંતરરાષ્ટ્રીય માદક દ્રવ્યોની હેરાફેરીમાં કથિત રીતે સંડોવાયેલા ભારત સ્થિત સંગઠિત ગુના જૂથોને લક્ષ્ય બનાવતી એક સંકલિત કાર્યવાહી હતી.

ફેડરલ પ્રોસિક્યુટર્સે આરોપ લગાવ્યો હતો કે બિશ્નોઈ અને બ્રારે નિજ્જરની હત્યાનો આદેશ આપ્યો હતો, જેમાં બે બંદૂકધારીઓએ કથિત રીતે બ્રિટિશ કોલંબિયાના સરેમાં એક શીખ મંદિરની બહાર તેની ગોળી મારીને હત્યા કરી હતી.

આરોપોમાં જગ્ગુ ભગવાનપુરિયા અને રવિન્દર સિંહ ઢાંડા સહિત અન્ય કથિત સંગઠિત ગુનાના વ્યક્તિઓના નામ પણ આપવામાં આવ્યા છે. ફરિયાદીઓએ આરોપ લગાવ્યો હતો કે ઢાંડા આંતરરાષ્ટ્રીય ડ્રગ વિતરણ નેટવર્ક ચલાવતો હતો, જ્યારે ભગવાનપુરિયા ગેંગ યુનાઈટેડ સ્ટેટ્સ, કેનેડા, યુનાઈટેડ કિંગડમ, યુરોપ, ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડમાં સભ્યો સાથે આંતરરાષ્ટ્રીય ગુનાહિત સિન્ડિકેટ તરીકે કામ કરતી હતી.

# રામ મંદિર દાન ચોરી કેસમાં અવિનાશ શુક્લા મુખ્ય આરોપી હોવાનો રિપોર્ટ

## મંદિર ટ્રસ્ટના પ્રતિનિધિઓ દ્વારા પૂરા પાડવામાં આવેલા અલગ ફૂટેજમાં કથિત રીતે રામ શંકર મિશ્રા રોકડના બંડલ સંભાળતા અને છુપાવતા દર્શાવવામાં આવ્યા



અયોધ્યા,
બુધવારે મીડિયા સૂત્રોએ જણાવ્યું હતું કે, પ્રારંભિક જીૈં રિપોર્ટમાં અવિનાશ શુક્લાને રામ મંદિરમાં ભક્તોના પ્રસાદની કથિત ચોરીના મુખ્ય આરોપી તરીકે ઓળખવામાં આવ્યા છે, જે તેને દાન-ગણતરી પ્રણાલીમાંથી લગભગ ૭૦ ઘટનાઓ સાથે સંકળાયેલા શંકાસ્પદ ૪૦ દિવસના રેકેટ સાથે જોડે છે.

મંદિર સાથે સંકળાયેલા સૂત્રોએ જણાવ્યું હતું કે સોમવારે શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટની બેઠક દરમિયાન ત્રણ સભ્યોની વિશેષ તપાસ ટીમ (SIT) ના વચગાળાના તારણો પર ચર્ચા કરવામાં આવી હતી.

પ્રારંભિક રિપોર્ટ અનુસાર, શુક્લા, જે મંદિરમાં ભક્તોના રોકડ પ્રસાદની ગણતરીમાં રોકાયેલા હતા, તપાસકર્તાઓને તેમની વિરુદ્ધ સૌથી મજબૂત પુરાવા મળ્યા પછી, તેમને આરોપી નંબર ૧ તરીકે નામ આપવામાં આવ્યું છે.

અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે કથિત કામગીરી શુક્લાની આસપાસ ફરતી હતી, જે તપાસકર્તાઓને પાંચ અન્ય આરોપીઓને ઓળખવામાં અને મંદિરના ગણતરી ખંડની અંદર શંકાસ્પદ કાર્યપદ્ધતિને ફરીથી બનાવવામાં મદદ કરતી હતી.

૨૩ જૂનના રોજ ઉત્તર પ્રદેશના અધિક મુખ્ય સચિવ (ગૃહ) સંજય પ્રસાદને સુપરત કરાયેલા નવ પાનાના અહેવાલમાં ૩૦ વર્ષીય આરોપીને તપાસનો કેન્દ્રબિંદુ ગણાવવામાં આવ્યો છે, એમ સૂત્રોએ જણાવ્યું હતું. તપાસકર્તાઓએ પૈસાની હિલચાલ શોધવા અને અન્ય સહભાગીઓની કથિત ભૂમિકાઓ ઓળખવા માટે ફૂટેજ પર વ્યાપકપણે આધાર રાખ્યો હોવાનું કહેવાય છે.

સૌરાષ્ટ્ર આસપાસ

# રાજકોટમાં બાઈક ચલાવવા જેવી નજીવી બાબતે માથાકૂટ બાદ હત્યા:રણજીત વાળા અને તેના બે પુત્રોએ આપ્યો ઘટનાને અંજામ

## શખ્સે પિતાને હથિયાર સાથે બોલાવ્યા, આવતાની સાથે જ કાકા-ભત્રીજા પર ૪ રાઉન્ડ ફાયરિંગ કર્યું, ભત્રીજાનું મોત







રાજકોટ:રાજકોટ શહેરમાં બુધવારે ફાયરિંગની સનસનાટીભરી ઘટના બની. શહેરના નાનામવા રોડ પર આવેલા મોકાજી સર્કલ પાસે બાઈક ચલાવવા જેવી નજીવી બાબતે થયેલી બોલાચાલીમાં કાકા-ભત્રીજા પર ફાયરિંગ કરવામાં આવ્યું. આ ફાયરિંગમાં ભત્રીજા કૃષ્ણદીપસિંહનું લોહીલુહાણ હાલતમાં ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું છે, જ્યારે તેમના કાકા ગંભીર રીતે ઘાયલ થતાં હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. ઘટનાની જાણ થતાં જ ક્રાઈમ બ્રાન્ચ અને તાલુકા પોલીસનો મોટો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો.

આ ચકચારી ઘટના અંગે વિગતો આપતાં એસીપી બી. જે. ચૌધરીએ જણાવ્યું હતું કે, મૃતક કૃષ્ણદીપસિંહ મોકાજી સર્કલ પાસેથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે અજાણ્યા શખ્સો સાથે બોલાચાલી થઈ હતી. આ સામાન્ય માથાકૂટ બાદ ઉશ્કેરાયેલા શખ્સે ફોન કરીને પોતાના પિતાને હથિયાર સાથે ત્યાં બોલાવી લીધા હતા. રિવોલ્વર જેવા હથિયારમાંથી સીધું આવીને જ કુલ ૪ રાઉન્ડ ફાયરિંગ કરી દીધું હતું. આ હુમલામાં કૃષ્ણદીપસિંહને ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું મોત નીપજ્યું છે. જ્યારે અન્ય એક વ્યક્તિને પણ ઈજા થઈ હોવાથી હાલમાં તે હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

ઘટનાની જાણ થતાં પોલીસ કાફલો દોડી ગયો હતો અને આ મામલે હાલ ફરિયાદ લેવાની કાર્યવાહી ચાલુ કરવામાં આવી છે. આ હુમલાને અંજામ આપીને ફરાર થઈ ગયેલા આરોપીઓની શોધખોળ કરવા માટે પોલીસે સીસીટીવી ફૂટેજ ચકાસવાની તેમજ લોકેશનના આધારે તપાસ કરવાની તજવીજ હાથ ધરી છે, જોકે પ્રાથમિક તપાસમાં હજી કોઈ આરોપીઓના ચોક્કસ નામ સામે આવ્યા નથી. પોલીસ તપાસમાં એ પણ સામે આવ્યું છે કે મૃતક કૃષ્ણદીપસિંહના ભાઈ પોલીસ વિભાગમાં જીઆરડી (ગ્રામ રક્ષક દળ) ટીમમાં ફરજ બજાવે છે.

રાજકોટ ક્રાઈમ બ્રાન્ચના ACP ભરત બસિયાએ જણાવ્યું હતું કે, સાંજના સમયે બાઈક ચલાવવા બાબતે માથાકૂટ થઈ હતી. જે બાદ મવડીના નવલનગરમાં રહેતા રણજીત વાળા અને તેમના બે પુત્રો રાજવીર અને અભી વાળા દ્વારા મોકાજી સર્કલ પાસે રહેતા કાકા રહેન્દ્રસિંહ અને ભત્રીજા કૃષ્ણદીપસિંહ પર ફાયરિંગ કરવામાં આવ્યું હતું. જેમાં ભત્રીજાનું મૃત્યુ થયું છે. જ્યારે કાકા ગંભીર હાલતમાં હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ ગોપાલસિંહના મૃતક અને તેનો પરિવાર કૌટુંબિક સગા થતા હોવાનું સામે આવ્યું છે.હત્યાની ઘટનામાં ૭ થી ૮ જેટલા શખ્સો સામેલ હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. જોકે ક્રાઈમ બ્રાન્ચ અને તાલુકા પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી તપાસ કરી રહ્યો છે. ફાયરિંગ કયા કારણોસર કરવામાં આવ્યું તે અંગેનું ચોક્કસ કારણ જાણવા તપાસ શરૂ કરવામાં આવી છે.

# બાલાજી હોલ નજીક ધમધમતી જુગાર કલબ પર દરોડો:છ શખ્સો ઝડપાયા

રાજકોટ:બાલાજી હોલ નજીક રામપાર્ક સોસાયટીના મકાનમાં ધમધમતા જુગારધામ પર ક્રાઈમ બ્રાન્ચે દરોડો પાડી રૂ।૨,૨૦૦ ની રોકડ સાથે છ શખ્સોને ઝડપી લીધા હતા. જયારે નાના મવા રોડ પરના એપાર્ટમેન્ટમાં પતા ટીંચતા છ ખેલીઓને દબોચી પીસીબી ટીમે ૫૭ હજારની રોકડ કબ્જે કરી હતી. દરોડાની પ્રાપ્ત વિગત અનુસાર ક્રાઈમ બ્રાન્ચ પીએસઆઈ એસ એમ રાણા ટીમ સાથે પેટ્રોલીંગમાં હતાં ત્યારે સાથેના એએસઆઈ મહેશભાઈ સોલંકી, કોન્સ્ટેબલ નિકુંજભાઈ મારવીયા અને ધર્મરાજસિંહ રાણાને ખાનગી રાહે બાતમી મળી હતી કે, બાલાજી હોલ નજીક રામપાર્કમાં શેરી નં. ૫ ના મકાનમાં જુગારધામ ધમધમી રહ્યું છે. જેથી ક્રાઈમ બ્રાન્ચે દરોડો પાડી મકાન માલીક અશ્વિન રણછોડ તાળા, કાલાવડ રોડ પર કામધેનુ એપાર્ટમેન્ટમાં રહેતા જય જમન પટેલ, રામ પાર્કમાં રહેતા પ્રિન્સ અશ્વિન તાળા, યુની. રોડ પર ઋષિકેશ સોસાયટીમાં રહેતા અંકુર રાવત ડેર, શૈલેષ પુના ટાંકને જુગટુ રમતા ઝડપી પાડ્યા હતા અને રૂા ૬૨,૨૦૦ ની રોકડ કબ્જે કરી હતી.

બીજા દરોડામાં પીસીબી પીઆઈ એમ.આર.ગોંડલીયાના નેતૃત્વ હેઠળ પીએસઆઈ પી.બી.ત્રાજીયાની ટીમના હેડ કોન્સ્ટેબલ વિજયભાઈ મેતા, કોન્સ્ટેબલ યુવરાજસિંહ રાણા, કુલદીપસિંહ જાડેજાએ બાતમીમાં આધારે નાના મવા રોડ પર જમુના હેરિટેજ સોસાયટીના આશ્રય એપાર્ટમેન્ટના ફ્લેટમાં દરોડો પાડી આશ્રય પાર્ક રહેતા હરેશ કેશવજી ભીમાણી, અંબિકા ટાઉનશિપમાં રહેતા સંદીપ અંબાવી હિંશુ, ડેનિસ ચંદુ દેડકીયા, જીવરાજ પાર્ક પાસે સિદ્ધિ ગોલ્ડ એપાર્ટમેન્ટમાં રહેતા જસ્મીન હંસરાજ મણવર, સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાસે હીરવિલામાં રહેતા હાર્દિક પ્રવીણ ગોરીયા, જીવરાજ પાર્ક પાસે સિલ્વર એવન્યુમાં રહેતા પાર્થ ઉદય હાંસલીયાને પકડી રૂા૫૭,૦૦૦ ની રોકડ કબ્જે કરી હતી.

# મોરબીમાં હોસ્પિટલની હોસ્ટેલમાં નર્સનો ઈન્જેકશન લઈને આપઘાત

## મોરબીમાં શ્રમિકે ગળાફાંસો , ઈંગોરાળા ગામે યુવતીએ ઝેર પી લેતાં, લક્ષ્મીનગર ગામે બાળકીને ઉલટીથી શ્વાસ રૂંધાઈ જતાં મોત

મોરબી: મોરબી જિલ્લામાં યમરાજાએ ડેરા તંબુ તાણ્યા હોય તેમ આપઘાત અને અપમૃત્યુના સાત બનાવો નોંધાયા છે. જિલ્લામાં સાત બનાવોમાં બાળક સહિત કુલ સાત વ્યક્તિના મોત મામલે પોલીસે તપાસ ચલાવી છે. આ પૈકી એક બનાવમાં મોરબીની ખાનગી હોસ્પિટલની હોસ્ટેલમાં એક નર્સે આત્મહત્યા કરી લીધી હતી.

દાહોદના વતની હાલ મોરબીના લાતી પ્લોટમાં આવેલી ક્રિષ્ના હોસ્પીટલની હોસ્ટેલમાં રહેતી નર્સ નિસરતા પ્રીયંકાબેન રમેશભાઈ (ઉ.વ.૨૦) નામની યુવતીએ પોતાની જાતે ઈન્જેક્શન લગાવી લેતા હોસ્પીટલમાં ખસેડાઈ હતી જ્યાં સારવારમાં યુવતીનું મોત થયું છે. તેનો મોબાઈલ લોક હોવાથી તેના ડેટા મેળવવાની તજવીજ સહિતની તપાસ પોલીસે આરંભી છે. બીજા બનાવમાં મૂળ એમપીના વતની હાલ મોરબીના રાજપર ચાચાપર રોડ પર કોટન પ્રાઈવેટ લીમીટેડમાં રહીને કામ કરતા કમલેશ રકસિંહ મંડલોઈ (ઉ.વ.૨૪) નામના યુવાને લેબર કોલોનીમાં કોઈ કારણોસર ગળેફાંસો ખાઈ લીધો હતો. ત્રીજા બનાવમાં મૂળ છોટા ઉદેપુરના વતની હાલ હળવદ તાલુકાના ઈંગોરાળા ગામની સીમમાં રહીને મજુરી કરતા ઈતાબેન ગોવિંદભાઈ રાઠવા (ઉ.વ.૩૨) નામની પરિણીતા કોઈ કારણોસર ઝેરી દવા પી લેતાં રાજકોટ વધુ સારવાર માટે ખસેડાઈ હતી જ્યાં તેનું મોત થયું હતું. મૃતકને સંતાનમાં એક દીકરો અને એક દીકરી હોવાનું જાણવા મળ્યું છે.

અપમૃત્યુના બનાવો પૈકી એકમાં મોરબીના મહેન્દ્રનગર ગામે રહેતા ધ્રુવીબેન જગદીશભાઈ વરમોરા (ઉ.વ.૨૨) નામની યુવતીનું પોતાના ઘરે કોઈ કારણોસર મોત થયું હતું. બીજા બનાવમાં વાંકાનેર બાઉન્ડ્રી ચોટીલા રાજકોટ હાઈવે પરથી અજાણ્યા પુરુષ (ઉ.વ.આશરે ૫૫ વષ) બેભાન હાલતમાં મળી આવ્યા હતા અને હોસ્પિટલ ખસેડતા ફરજ પરના તબીબે તપાસીને મૃત જાહેર કર્યા હતા. ત્રીજા બનાવમાં મોરબીના લક્ષ્મીનગર ગામે રહેતી પીન્કી રવિભાઈ દુડવે (ઉ.વ.૭)ને ઉલટી થતા ગળામાં શ્વાસ રૂંધાઈ જતા મોત થયું હતું. ચોથા બનાવમાં મૂળ છોટા ઉદેપુર હાલ ટીકર ગામની સીમમાં મજુરી કરતા સંજય કાન્તીયાભાઈ ભીલ (ઉ.વ.૧૮) નામના યુવાનને વાડીએ રાત્રીના સમયે કોઈ ઝેરી જીવજંતુ કરડી જતા સારવાર દરમિયાન મોત થયું હતું.

# રાજકોટમાં ભાજપ નેતાની દાદાગીરી!

## મનપાનાં કર્મચારીને કહ્યું:અમે તારા બાપ છીએ અને અમે તારા દાદા પણ છીએ





રાજકોટ:

રાજકોટમાં ભાજપનાં નેતા સરકારી કર્મચારીઓ પર રોફ જમાવીને ધમકાવતા હોવાની એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. રાજકોટ મહાનગરપાલિકાના એક ફરજ પરના કર્મચારીને ભાજપના અગ્રણી નેતા ગીરીશ પરમારે જાહેરમાં ધમકી આપી હોવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.

આ વીડિયોમાં ભાજપ નેતા ગીરીશ પરમાર મનપાનાં કર્મચારીને કહે છે કે, 'અમે તારા બાપ છીએ અને અમે તારા દાદા પણ છીએ' ! આ ઘટનાને પગલે કોર્પોરેશનના કર્મચારીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. અને રાજકીય વર્તુળોમાં પણ આ મુદ્દો ભારે ચર્ચાનો વિષય બન્યો છે. જોકે શહેર ભાજપ પ્રમુખે આ મામલે ત્વરિત તપાસ કરી જરૂરી કાર્યવાહી કરવાની ખાતરી આપી છે.

પ્રાપ્ત વિગત મુજબ, આ સમગ્ર ઘટના રાજકોટના માયાણી ચોક નજીકની છે. ત્યાં રાજકોટ મનપાની ટીમ દ્વારા ડ્રેનેજ એટલે કે ભૂગર્ભ ગટર લાઈનના સમારકામ અથવા સફાઈની કામગીરી ચાલી રહી હતી. ઈસ્ઝના કર્મચારીઓ પોતાની નિયમિત સરકારી ફરજ બજાવી રહ્યા હતા તે દરમિયાન જિલ્લા ભાજપના આગેવાન ગીરીશ પરમાર કોઈ કારણોસર અચાનક ત્યાં આવી પહોંચ્યા હતા. તેમજ ત્યાં હાજર કર્મચારી સાથે ઉગ્ર બોલાચાલી શરૂ કરી દીધી હતી અને પોતાની સત્તાનો દુરુપયોગ કરીને કર્મચારી પર દબાણ લાવવાનો પ્રયાસ કર્યો હતો.

સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા આ વીડિયોમાં ભાજપ નેતા ગીરીશ પરમાર તમામ મર્યાદાઓ ઓળંગીને કર્મચારી પર ગુસ્સે થતા સ્પષ્ટપણે જોવા મળે છે. તેઓ વીડિયોમાં સરકારી કર્મચારીને ધમકાવતા ખૂબ જ તોછડા અને અસભ્ય શબ્દોમાં કહી રહ્યા છે કે, "તું મને ઓળખે છે? અમે તારા બાપ છીએ અને અમે તારા દાદા પણ છીએ."

જવાબદાર પક્ષના પદાધિકારી દ્વારા સરકારી કર્મચારીને આ પ્રકારે તુચ્છકારીને અને સત્તાના નશામાં ધમકી આપવામાં આવતા ત્યાં હાજર સ્થાનિક લોકોમાં પણ ભારે આશ્ચર્ય અને આઘાત ફેલાઈ ગયો હતો. આ પછી ગીરીશ પરમારને ઓળખતા અન્ય કોઈ નાગરિકે પહોંચ્યા હતા. અને મામલો થાળે પાડ્યો હતો. જોકે આ સમયે ત્યાં હાજર કોઈ વ્યક્તિએ આ સમગ્ર ઘટનાને પોતાના મોબાઈલ કેમેરામાં કેદ કરી લીધી હતી, જે વાયરલ થઈ છે.

# માસિક ત્રણ ટકા વળતરની લાલચે છ રોકાણકારો સાથે રૂા.૮૦ લાખની ઠગાઈ

## શરૂઆતમાં નિયમિત વળતર દઈ વિશ્વાસ સંપાદન કર્યા બાદ શીશામાં ઉતાર્યા

રાજકોટ: રોકાણકારોને ઊંચા વળતરની લાલચ આપી રૂા.૮૦ લાખની ઠગાઇ કરવા અંગે શિતલ પાર્ક સર્કલ પાસે ધ સ્પાયર-૨ બિલ્ડિંગમાં જાડેજા બ્રધર્સ ગેઇન સર્વિસ નામે ઓફિસ ધરાવતાં રાજદીપસિંહ જાડેજા (રહે. ભવનાથનગર-૨, ગોંડલ) વિરુદ્ધ ગાંધીગ્રામ-૨ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઇ છે. ઠગાઇનો આંક વધે તેવી શક્યતા પોલીસે દર્શાવી છે.

ગાયત્રીનગર સોસાયટીમાં રહેતાં જાગૃતિબેન પંકજભાઇ જોષી (ઉ.વ.૭૨) બાઇસાહેબબા સ્કૂલમાં પ્રિન્સિપાલ તરીકે નિવૃત થયા છે. હાલ બ્રહ્માકુમારીઝ (આધ્યાત્મિક) સંસ્થા સાથે જોડાયેલા છે. તેમણે પોલીસને જણાવ્યું કે, પુત્ર ચિન્મય અને તેની પત્ની નાયકાબેન કોર્પોરેટ જોબ માટે ટ્રેનિંગ આપવાનું કામ કરે છે. પુત્રી કૃપલબેન બ્રહ્માકુમારીઝમાં સમર્પિત થયા છે. અને હાલ ગાંધીનગર રહે છે.

તેમની સોસાયટીમાં સ્થિત બ્રહ્માકુમારીઝ આશ્રમમાં આવતા સાવિત્રીબેન પટેલ અને તેની પુત્રી નિધિ સાથે ઓળખાણ થઇ હતી. ૨૦૨૩માં નિધિએ કહ્યું કે, તે જાડેજા બ્રધર્સ ગેઇન સર્વિસ નામની કંપનીમાં નોકરી કરે છે. તેની કંપની અલગ-અલગ કંપનીમાં રોકાણ કરે છે અને સારું વળતર આપે છે. તેણે પણ રોકાણ કર્યું છે. હાલ તેને નિયમિત વળતર મળે છે.

જેથી પરિવારના સભ્યોને વાત કર્યા બાદ પુત્ર ચિન્મય સાથે કંપનીની ઓફિસે જઇ ડિરેક્ટર રાજદીપસિંહ જાડેજાને મળતાં તેણે રોકાણ પર દર મહિને ૩ ટકા વળતર આપવાનું કહ્યું હતું. સાથોસાથ તેનું સપનું રૂા.૧ હજાર કરોડનું રોકણ મેળવવાનું હોવાનું પણ કહ્યું હતું. તેની વાત સાથે સહમત થઇ પુત્રના નામે રૂા.૩ લાખનું રોકાણ કહ્યું હતું. બદલામાં તેમને ચેક અને પ્રોમિસરી નોટ લખી આપી હતી.

રોકાણ કર્યા બાદ પહેલા મહિને રૂા.૯ હજારનું વળતર મળતાં વિશ્વાસમાં આવી જતાં કટકે-કટકે રૂા.૨૯ લાખનું રોકાણ કર્યું હતું. ત્યાર પછી વળતરની રકમ તેમના ઉપરાંત પતિ અને પુત્રી, પુત્રવધુના બેંક ખાતામાં જમા થતી હતી. અત્યાર સુધીમાં રૂા.૧૬.૨૮ લાખ જેટલું વળતર આપ્યું હતું. ૨૦૨૫ના ઓક્ટોબર માસથી વળતર આપવાનું બંધ કરી દીધું હતું. ઓફિસ પણ બંધ કરી દીધી હતી.

આ જ રીતે દામીનીબેન રાજેન્દ્રભાઇ પ્રજાપતિ(રહે. દિલ્હી)એ રૂા.૧૫ લાખનું , પ્રકાશભાઇ પ્રફુલભાઇ વણજારાએ રૂા.૩ લાખનું, તેના પત્ની સપનાબેન (રહે. બંને અતુલ્યમ એમલેટ, સાધુ વાસવાણી રોડ)એ પણ રૂા.૩ લાખ, અજયભાઇ વિજયભાઇ સોલંકી (રહે. જામનગર)એ રૂા.૫ લાખનું અને શૈલેષભાઇ ચંદુભાઇ ખેર (રહે. અણીયારા ગામ, તા.રાજકોટ)એ રૂા.૨૫ લાખનું રોકાણ કર્યું હતું. આ પાંચેય જણાં ઉપરાંત તેમના રૂા.૨૯ લાખ મળી કુલ રૂા.૮૦ લાખની ઠગાઇ કર્યાનું ફરિયાદમાં જણાવ્યું છે.

# મેડિકલ અને હોસ્પિટલની લાપરવાહીથી મહિલા એડવોકેટ પર ખતરો ઝળુંબ્યો: લેખિત ફરિયાદ

રાજકોટ:મેડિકલ સ્ટોર અને ખાનગી હોસ્પિટલની લાપરવાહીથી મહિલા એડવોકેટને જીવ ગુમાવવાની નોબત આવી પડી હતી.મેડિકલકર્મીએ ખોટો બાટલો આપીને અને હોસ્પિટલના સ્ટાફે દવાની ચકાસણી કર્યા વગર સારવાર શરૂ કરી દઈ ગંભીર બેદરકારી આચરી હોવાની મહિલા એડવોકેટે માલવિયાનગર પોલીસ મથકમાં લેખિત ફરિયાદ કરી છે.

વકીલ આરતીબેન અનિલભાઈ ચૌહાણે(ઉં.વ.૩૧)એ માલવિયાનગર પોલીસમાં આપેલી અરજીમાં જણાવ્યું છે કે, ઓવરીની ગાંઠના ઓપરેશન બાદ તબીબે આયર્નની સારવાર માટે દવા લખી આપી હતી અને એમડી ડોક્ટરની દેખરેખ હેઠળ સારવાર લેવાનું જણાવ્યું હતું.તેઓ ડોક્ટરના પ્રિસ્ક્રિપ્શન સાથે ઘર નજીક આવેલી શ્રીનાથજી મેડિકલ પરથી દવા અને સેલાઇન ખરીદી બાદ વિરલ હોસ્પિટલ સારવાર માટે પહોંચ્યા હતા.

હોસ્પિટલના સ્ટાફે રૂમમાં આરતીબેનની ફાઈલ લઈ જઈ બહાર આવીને સીધી દવા અને ફાઈલ લઈને સારવાર શરૂ કરી દીધી હતી. બાટલો પૂરો થયા બાદ બીજા બાટલા(NS 3%)માં રૂ.૩,૮૦૦નું ઇન્જેક્શને મિક્સ કરી દીધું હતું, પરંતુ નર્સનું બાટલા પર ધ્યાન જતા તેણે સારવાર અટકાવી મેડિકલ ઓફિસરને જાણ કરી હતી.મેડિકલ ઓફિસરે જ જણાવ્યું હતું કે, ડોક્ટરના પ્રિસ્ક્રિપ્શનમાં સામાન્ય NS(૦.૯%) લખવામાં આવી છે અને ૩ ટકા સેલાઇન ચડાવવી યોગ્ય નથી. આ 3% વાળો બાટલો ચડાવી તો દર્દીનું મૃત્યુ પણ થઇ શકે છે. જે બાદ ડૉ.જયેશ પંડ્યાએ શ્રીનાથજી મેડિકલમાં કોલ કરતા મેડિકલ સ્ટોરે પોતાની ભૂલ સ્વીકારી નહોતી અને બંનેએ એકબીજા ઉપર જવાબદારી ઠાલવી હતી. બીજી તરફ, સારવાર શરૂ કરતાં પહેલાં હોસ્પિટલના સ્ટાફે પણ દવાની યોગ્ય ચકાસણી કરી નહોતી.

# મવડીમાં વાહન પાર્ક કરવાની માથાકૂટ વકરી

## 'અહીં રીક્ષા રાખશો તો બાપ દીકરાને મારી નાખીશ' ભંગારના ધંધાર્થી વૃધ્ધને ધમકી

રાજકોટ:

મવડીમાં સોરઠીયા પરિવારના માતાના મઢ સામે ભંગારનો ડેલો ધરાવતા વૃધ્ધએ મઢે દર્શને આવતા શખસ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી છે. વૃદ્ધ તથા તેના પુત્રને ગાળો આપી અહીં રીક્ષા રાખશો તો બાપ દીકરાને જાનથી મારી નાખીશ તેમ કહી ધમકી આપી હતી.

બનાવ અંગે મવડીમાં પટેલ શેરીમાં ખોડીયાર માં ના મંદિર સામે રહેતા મગન મેઘજીભાઈ રીબડીયા(ઉ.વ.૬૪) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે મવડી ગામમાં બાપાસીતારામ ચોક પાસે રહેતા પ્રતીક ચના સોરઠીયાનું નામ આપી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે તથા તેનો પુત્ર વિપુલ ગામમાં પટેલ શેરીમાં ખોડીયાર માના મંદિર સામે ભંગારનો ડેલો ધરાવી વેપાર કરે છે.વધુમાં જણાવ્યું હતું કે, તેમની જગ્યામાં આરોપી પ્રતિક સોરઠીયાએ ગેરકાયદે બાંધકામ કર્યુ હોય અને તે છેલ્લા ઘણા સમયથી તેમની સાથે માથાકૂટ કરી ધાક ધમકીઓ આપે છે. અગાઉ ઘણીવાર ફરિયાદીની માલિકીની જગ્યામાં તેમની બોલેરો પાર્ક કરી બોલાચાલી કરતા તેમના વિરુદ્ધ અરજી પણ કરી હોય જે બાબતનું મન દુઃખ રાખી અવારનવાર ડેલા પાસે વાહન લઈ આવી ગાળો આપે છે.

દરમિયાન ગઈ તા.૧૮ ના સવારના વૃદ્ધ તથા તેમનો પુત્ર વિપુલ ભંગારના ડેલે હતા ત્યારે પ્રતીક મંદિરે દર્શન કરી ભંગારના ડેલા પાસે ફરિયાદીએ પોતાની માલિકીની જગ્યામાં રીક્ષા પાર્ક કરી હોવા છતાં આ રીક્ષા વચ્ચે કેમ મૂકી છે? તેમ કહી વૃદ્ધ તથા તેના પુત્રને ગાળો આપી અહીં રીક્ષા રાખશો તો બાપ દીકરાને જાનથી મારી નાખીશ તેમ કહી ધમકી આપી હતી. જેથી આ અંગે વૃધ્ધે તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ ભંગારનો ડેલો ધરાવનાર આ વૃધ્ધના પુત્ર સામે મંદિર (મઢ) ના ખજાનચી તથા અહીં રહેતા મહિલાએ તાલુકા પોલીસ ફરિયાદ નોંધાવી હતી. જેમાં આ વૃધ્ધનો પુત્ર વિપુલ અહીં વાહન અને ભંગારનો સામાન મઢ પાસે રાખતા હોય તેમને ટકોર કરતા છરી ઝીંકી ટાંટીયા ભાંગી નાખવાની ધમકી આપતો હોવાનું જણાવ્યું હતું. ત્યારે હવે આ પ્રકરણમાં વળતી ફરિયાદ નોંધાવવામાં આવતાં પોલીસે તપાસ આદરી હતી.

# છેડતીના આરોપીની કલાકોમાં ધરપકડ

ગોંડલ:ગોંડલ શહેરમાં મહિલા સુરક્ષાને પડકારતી ઘટનામાં પોલીસે ઝડપી કાર્યવાહી કરીને છેડતીના આરોપીને ગણતરીના કલાકોમાં જ ઝડપી પાડ્યો છે. આઈકોનિક રોડ પરથી ખરીદી કરીને બહેનપણી સાથે પરત ફરી રહેલી યુવતીનો પીછો કરી અશ્લીલ ઈશારા અને અભદ્ર હરકતો કરનાર રાજનગરમાં રહેતા કુલદીપ ભરતભાઈ પટોડિયાને ગોંડલ 'એ' ડિવિઝન પોલીસે CCTV ફૂટેજના આધારે શોધી કાઢ્યો હતો.યુવતીઓએ પરિવારને સમગ્ર ઘટના જણાવ્યા બાદ નોંધાયેલી ફરિયાદના આધારે પોલીસે આરોપીની ધરપકડ કરી હતી. પોલીસે આરોપીને ઘટનાસ્થળે લઈ જઈ સમગ્ર ઘટનાનું રી-કન્સ્ટ્રક્શન પણ કરાવ્યું હતું. પોલીસની આ કડક કાર્યવાહીના કારણે મહિલાઓની સુરક્ષા પ્રત્યે વિશ્વાસ મજબૂત બન્યો છે અને આવા અસામાજિક તત્વોમાં ફફડાટ ફેલાયો છે.

# કોઠારીયામાં યુવાન પર નોનવેજના ધંધાર્થીનો હુમલાનો પ્રયાસ : મિત્રને લમધાર્યો

## લોઠડામાં ચીકન શોપમાં કામે જવાનું યુવાને છોડી દેતા શખ્સો તૂટી પડ્યા



રાજકોટ:કોઠારીયા રેલવે સ્ટેશન પાસે પીપરાણામાં રહેતા અને લોઠડામાં મરઘીની દુકાન ધરાવતા શખસે તેના મિત્રો સાથે મળી રાત્રીના યુવાન પર હુમલોના કોશિશ કરી હતી. બાદમાં યુવાનના મિત્રને ઢીકાપાટુનો માર મારી યુવકને ફોન કરી ધમકી આપી હતી. જે યુવકની ફરિયાદ પરથી આજીડેમ પોલીસે ચાર શખસો સામે ગુનો નોંધ્યો છે. બનાવ અંગે કોઠારીયા રેલવે સ્ટેશન સામે શેરી નં.૬ માં રહેતા સોહિલ ઈબ્રાહીમભાઇ ખેબર (ઉ.વ.૨૨) એ નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે પીપરાણા ગામે રહેતા અનિશ અને અને રસુલપરામાં રહેતા મુન્નો, બાબલો અને શાહરુખના નામ આપી જણાવ્યું હતું કે, સોમવાર રાત્રીના એકાદ વાગ્યા આસપાસ તે તેના મિત્ર સોહીલ, એઝાઝ, અમન સાથે ડંકીવાળી શેરીમાં બેઠો હતો. ત્યારે અનિશ તથા તેની સાથે મુનો, બાબલો અને શાહરુખ ધસી આવ્યા હતા.

અનિશના હાથમાં ધોકા જેવું હથિયાર હોય જેથી યુવાન ત્યાંથી ભાગી ગયો હતો. થોડીવાર બાદ પરત ઘરે આવતા પત્ની સનાએ વાત કરી હતી કે, આ શખ્સો શેરીમાં આવી તમારૂ નામ લઈ ક્યાં ગયો સોહીલ તેમ કહી ગાળો બોલતા હતા. જેથી અહી લોકો ભેગા થઈ જતા તમારા મામા અલ્લારખાભાઈએ ૧૧૨ માં ફોન કર્યો હતો. પોલીસની ગાડી આવતા આ શખ્સો નાસી છૂટ્યા હતા. જેથી આ બાબતે યુવાને આજીડેમ પોલીસમાં જાણ કરી હતી.બાદમાં ગઈકાલે બપોરના એકાદ વાગ્યે યુવાને તેના મિત્ર સોહીલ (રહે. ઝમઝમ ચોક, રસુલપરા) નો ફોન હતો કે, હું અત્યારે રસુલપરામાં ચોકડીએ માવો ખાવા આવ્યો હતો અને અહી મુન્નાભાઈ તથા અનિશે મને ઢીકાપાટુનો માર માર્યો છે. બાદમાં સોહિલના ફોનમાંથી યુવાન સાથે અનિશે વાત કરી કહ્યું હતું કે, હવે તારો વારો છે તેમ કહી ગાળો આપી હતી.

વધુમાં યુવાને બનાવના કારણ અંગે જણાવ્યું હતું કે, પીપરાણા ગામના અનિશને લોઠડા ગામમાં મુરઘીની દુકાન આવેલી છે ત્યાં યુવાન અગાઉ કામ કરતો હતો અને તેની પાસેથી રૂ. ૩૦ હજાર લીધા હતા. દરમિયાન તેણે કામ કરી આ પૈસા વળાવી દીધા હોય બાદ તેણે કામ કરવાનું છોડી દીધું હતું.પરંતુ અનિશ તેને કામે આવવાનું કહેતો હતો પરંતુ તે કામે ન જતા આ બાબતનો ખાર રાખી યુવાન પર હુમલો કરવાની કોશિશ કરી તથા તેના મિત્રને મારમાર્યો હતો અને યુવકને ફોન પર જાનથી મારવાની ધમકી આપી હતી. બનાવ અંગે આજીડેમ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.